પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત
સત્સંગ શિક્ષણ શ્રેણીનું પાઠ્યપુસ્તક : ૫

# નીલકંઠ ચરિત્ર

**(ગૃહત્યાગથી લઈને કઠોર વનવિચરણ અને ધર્મધુરા ગ્રહણ કર્યા સુધીનું ભગવાન સ્વામિનારાયણનું જીવનવૃત્તાંત)**

: લેખક :
પ્રો. રમેશ મ. દવે

: પ્રકાશક :
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

**NEELKANTH CHARITRA** (Gujarãti Edition)
(Teenage life stories of Lord Swãminãrãyan)
By Ramesh M. Dave

A textbook for examination prescribed under the curriculum set by Bochãsanwãsi Shree Akshar Purushottam Swãminãrãyan Sansthã.

**Inspirer:** HDH Pramukh Swãmi Mahãrãj

**Presented by:**
Bochãsanwãsi Shree Akshar Purushottam Swãminãrãyan Sansthã
Shãhibaug, Amdãvãd - 380 004. India.

**Publishers:**
SWÃMINÃRÃYAN AKSHARPITH
Shãhibaug, Amdãvãd - 380 004. India.

**13th Edition:**
March 2000. Copies: 10,000 (Total copies: 88,000)

**Warning:**
**Copyright:** ©Swãminãrãyan Aksharpith
This book is published by Swãminãrãyan Aksharpith. Material from this book cannot be used without due acknowledgement to Swãminãrãyan Aksharpith, Shãhibaug, Amdãvãd. For any reprints the written permission of the publishers is necessary.

**ISBN:** 81-7526-065-3

**રજૂકર્તા :** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ - ૪

**પ્રેરણામૂર્તિ :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

**સૂચના :** કોપીરાઈટ : © સ્વામિનારાયણ અક્ષરપીઠ
આ પુસ્તકના અંશો કોઈપણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

**તેરમી (નવસંસ્કરણ) આવૃત્તિ :** માર્ચ ૨૦૦૦

**નકલ :** ૧૦,૦૦૦ (કુલ પ્રત : ૮૮,૦૦૦)

**કિંમત :** રૂા. ૧૮-૦૦

**મુદ્રક અને પ્રકાશક :**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪



## કૃપાકથન

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે સ્થાપેલી અને પોષેલી યુવકપ્રવૃત્તિ ઘણા વેગથી વિસ્તાર પામતી જાય છે. આ યુવકપ્રવૃત્તિમાં જોડાતા યુવકોની આકાંક્ષાઓ અને જ્ઞાનપિપાસાને સંતોષવા અને તેમને ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત અભિમુખ કરવા બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ અભ્યાસક્રમ નિયત કરેલ છે, તેની ક્રમબદ્ધ પુસ્તિકાઓના પ્રકાશનની યોજના સ્વામિનારાયણ અક્ષરપીઠે ઘડી છે.

આ પુસ્તિકાઓ દ્વારા પાઠશાળા ધોરણે સત્સંગનાં બાળકો તથા યુવકોને વ્યવસ્થિત, એકધારું અને શુદ્ધ જ્ઞાન સરળ ભાષામાં આપવાનું વિચાર્યું છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ આદર્શોનાં પાલન અને પ્રચાર માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલ આ સંસ્થા, આ પ્રવૃત્તિ દ્વારા એ આદર્શોનો, સંપ્રદાયની એ ભવ્ય પ્રણાલીનો અને તે દ્વારા મહાન હિંદુ ધર્મની સંસ્કૃતિનો પ્રચાર કરશે.

સ્વામિનારાયણ ભગવાનનો એ દિવ્ય સંદેશ જગતને ખૂણે ખૂણે પહોંચાડવાની આ પ્રવૃત્તિની નેમ છે. જુદી જુદી ભાષાઓમાં આ પુસ્તિકાઓનું પ્રકાશન થાય તે માટે યોજના ઘડી છે. આશા છે કે સંપ્રદાયના અને સંપ્રદાયેતર સૌ ધર્મપ્રેમી મુમુક્ષુઓ આ પ્રવૃત્તિને આવકારશે અને તેમાં તન, મન અને ધનથી સંપૂર્ણ સહયોગ આપશે.

બાળકો તથા યુવકોને પ્રોત્સાહિત કરવા આ પુસ્તિકાઓને આધારે પરીક્ષાઓ લઈ તેમને પ્રમાણપત્રો આપવામાં આવશે. આ પુસ્તિકા તૈયાર કરવામાં પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, રમેશભાઈ દવે, કિશોરભાઈ દવે તથા જેમણે સહકાર આપ્યો છે તે સૌને રૂડા આશીર્વાદ છે.

**શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)**ના
ઘણા જ હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ.

# નિવેદન

સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ, પોતાના અનાદિ અક્ષરધામ – અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને અનેક મુક્તો સાથે આ બ્રહ્માંડમાં પધાર્યા. ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલ અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરવાના સિદ્ધાંતને પ્રવર્તાવવા માટે બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીએ (શાસ્ત્રીજી મહારાજે) અનેક કષ્ટો વેઠીને ઉપાસના મંદિરો કર્યાં.

શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી શાસ્ત્રીજી મહારાજે લાખો મુમુક્ષુઓને માટે આત્યંતિક મુક્તિનો માર્ગ ખુલ્લો મૂકી આપ્યો. એમના દિવ્ય જીવનના અનેક પ્રસંગો મુમુક્ષુઓને દૃઢ નિષ્ઠા અને ભક્તિ પ્રેરનારા છે, તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયનો સાચો ઇતિહાસ સમજાવનારા છે.

ભગવાન સ્વામિનારાયણના દિવ્ય જીવન અને કાર્યની વર્ણવતી શ્રેણીમાં, સત્સંગ શિક્ષણ પરીક્ષાના અભ્યાસક્રમના એક ભાગરૂપે આ 'નીલકંઠ ચરિત્ર' પુસ્તિકાની રચના કરવામાં આવી છે. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આયોજિત 'સત્સંગ શિક્ષણ પરીક્ષા'ની દ્વિતીય કક્ષા 'સત્સંગ પ્રવેશ' માટેની આ પુસ્તિકા આપના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

સ્વામીશ્રીજી તથા પ્રગટ ગુરુહરિ સ્વામીશ્રી પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા સત્સંગી બાળકો, યુવાનો તથા જિજ્ઞાસુઓ આ અભ્યાસક્રમ તૈયાર કરી, સત્સંગની પરીક્ષાઓમાં ઉચ્ચ સિદ્ધિ મેળવે એ જ અભ્યર્થના !

**– સંપાદક મંડળ**



**શ્રી સ્વામિનારાયણો વિજયતે**



**અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,**
**અમે સૌ શ્રીજીતણાં યુવક, લડીશું શ્રીજીને માટે.**

**નથી ડરતા નથી કરતા, અમારા જાનની પરવા,**
**અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.**

**અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,**
**અમારા અક્ષરપુરુષોત્તમ, ગુણાતીત ગાનને ગાઈશું.**

**અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે,**
**સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.**

**જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,**
**પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી.**

# અનુક્રમણિકા


૧. સ્વજનોને મારા કુશળ સમાચાર આપજો ........ ૧
૨. ત્યાગીને આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ ........ ૨
૩. વેણીરામને દર્શન આપ્યાં અને રઘુનંદનને સજીવન કર્યો ........ ૩
૪. તપસ્વીઓની દિવ્ય ગતિ ........ ૭
૫. બદરીનાથ ધામની વાટે ........ ૯
૬. મહંતાઈના પ્રલોભનનો ત્યાગ ........ ૧૦
૭. બદરીનાથ અને માનસ સરોવરની વાટે ........ ૧૩
૮. રાજા રણજિતસિંહને ઉપદેશ ........ ૧૫
૯. પોતાની વાણીને શાપ ........ ૧૫
૧૦. નીલકંઠ વંશીપુરમાં ........ ૧૭
૧૧. ઘોર જંગલમાં પ્રવેશ ........ ૨૦
૧૨. ભૂતોનો નાશ અને યોગીઓનો મોક્ષ ........ ૨૦
૧૩. હિમાલય સાથે મેળાપ ........ ૨૩
૧૪. પુલહાશ્રમમાં આકરું તપ ........ ૨૪
૧૫. મોહનદાસને નીલકંઠનો મેળાપ ........ ૨૭
૧૬. મહાદત્ત રાજાના મહેલમાં ........ ૨૮
૧૭. ગોપાળ યોગીનો મેળાપ ........ ૩૦
૧૮. કાઠમંડુમાં રાજાને આશીર્વાદ ........ ૩૧
૧૯. તેલંગી બ્રાહ્મણનો ઉદ્ધાર ........ ૩૩
૨૦. પિબૈકનો પરાજય ........ ૩૪
૨૧. નવ લાખ યોગીઓનો ઉદ્ધાર ........ ૩૭
૨૨. ધર્મનો ઉપદેશ ........ ૪૦
૨૩. નીલકંઠ જયરામદાસને ઘરે ........ ૪૨
૨૪. જાંબુવાનનું કલ્યાણ ........ ૪૩
૨૫. નીલકંઠની શોધમાં ........ ૪૬
૨૬. નીલકંઠનો પુનઃ મેળાપ ........ ૪૭
૨૭. નીલકંઠ જગન્નાથપુરીમાં ........ ૪૮
૨૮. માનસપુરમાં અસુરોનો નાશ ........ ૫૦





૨૯. રતા બશિયાનું કલ્યાણ ........ ૫૨
૩૦. કૃતઘ્ની સેવકરામ ........ ૫૫
૩૧. ભગવાનદાસને ચિહ્નોનાં દર્શન ........ ૫૭
૩૨. શિવ-પાર્વતી દર્શને ........ ૬૨
૩૩. નીલકંઠ તોતાદ્રિમાં ........ ૬૪
૩૪. કન્યાકુમારીથી ઉત્તરમાં ........ ૬૫
૩૫. નીલકંઠ ગુજરાતમાં ........ ૬૬
૩૬. બોચાસણમાં નીલકંઠ ........ ૬૮
૩૭. ચર્મવારિ પીવાય નહીં ........ ૭૦
૩૮. મારવાનો શો અધિકાર ........ ૭૨
૩૯. સ્વસ્વરૂપની ઓળખાણ ........ ૭૪
૪૦. લખુ ચારણને ત્યાં નીલકંઠ ........ ૭૭
૪૧. રામાનંદ સ્વામીની વાત ........ ૭૮
૪૨. નરસિંહ મહેતાને દર્શન ........ ૮૧
૪૩. નીલકંઠ લોજમાં ........ ૮૪
૪૪. વનવિચરણનો સંકેત ........ ૮૮
૪૫. બે સ્વરૂપે દર્શન ........ ૮૯
૪૬. સ્ત્રી-પુરુષની સભા જુદી કરી ........ ૯૧
૪૭. ગોખલો પૂર્યો ........ ૯૨
૪૮. થાંભલાને બાથ ભીડીને રહેજો ........ ૯૩
૪૯. ચમત્કારોની પરંપરા ........ ૯૪
૫૦. રામાનંદ સ્વામીને પત્ર ........ ૯૮
૫૧. નીલકંઠનો મહિમા ........ ૧૦૧
૫૨. રામાનંદ સ્વામી સાથે મિલન ........ ૧૦૨
૫૩. જમાદારને સમાધિ ........ ૧૦૪
૫૪. દીક્ષા આપી ........ ૧૦૬
૫૫. ધર્મધુરા સોંપી ........ ૧૦૭
૫૬. રામાનંદ સ્વામી અક્ષરધામ સિધાવ્યા ........ ૧૧૧

## નીલકંઠ ચરિત્રની બહુરંગી સંશોધિત આવૃત્તિ વિષે

નીલકંઠ ચરિત્રની આ બારમી આવૃત્તિ બહુરંગી અને સંશોધિત આવૃત્તિના રૂપમાં પ્રસ્તુત કરતાં આનંદ થાય છે. આ આવૃત્તિમાં કેટલાક મહત્ત્વના પાઠ ઉમેરવામાં આવ્યા છે, કેટલાક પાઠ રદ કરવામાં આવ્યા છે અને કેટલાક પાઠની પુનઃ રજૂઆત પણ કરવામાં આવી છે. શ્રી હર્ષદભાઈ દવે લિખિત 'ભગવાન સ્વામિનારાયણ' ગ્રંથના અનુસંધાનમાં ઐતિહાસિક સમયાનુક્રમ મુજબ આ સંશોધિત આવૃત્તિમાં પાઠના ક્રમ પણ બદલવામાં આવ્યા છે. તેમજ ક્યાંક રહી ગયેલ હકીકત દોષ નિવારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ આવૃત્તિને જ હવે પછીની તમામ સત્સંગ શિક્ષણ પરીક્ષાઓમાં પ્રમાણિત ગણવામાં આવશે.

**પ્રકાશન સમિતિ**
સ્વામિનારાયણ અક્ષરપીઠ
માર્ચ, ૧૯૯૮



# ૧. સ્વજનોને મારા કુશળ સમાચાર આપજો

વિ. સં. ૧૮૪૮ના આષાઢ સુદ ૧૦નું વહેલું પ્રભાત હતું. અયોધ્યાને પાદર સરયૂ નદી બેઉ કાંઠે છલકાતી ગાંડીતૂર બનીને વહેતી હતી. મહાકાય કૌશિક રાક્ષસે આ ગાંડીતૂર નદીનાં નીરમાં નાનાશા નીલકંઠ વર્ણીને ફગાવી દીધા. નીલકંઠ વર્ણીના મૃત્યુની કલ્પના કરતો કૌશિક તો ઉન્માદમાં આવી અટ્ટહાસ્ય કરતો ઘેલો થઈ ગયો. અને એ જ અવસ્થામાં વિકળ બની આમતેમ દોડવા લાગ્યો. એક ઝાડ સાથે અથડાયો અને પ્રચંડ કડાકા સાથે ઝાડ તૂટી પડ્યું ને તે મોતને ભેટ્યો. બીજી તરફ નીલકંઠ વર્ણી તો જાણે સરયૂનો ખોળો ખૂંદવા લાગ્યા. ઊંચાં લોઢ જેવાં ઊછળતાં રાક્ષસી મોજાંને પોતાના બાહુબળથી વીંધીને માત્ર અગિયાર જ વર્ષના કોમળ બાળબ્રહ્મચારી નીલકંઠ વર્ણી સરયૂને સામે કાંઠે પહોંચી ગયા. તેમને આજે ગૃહત્યાગ કર્યાનો સંતોષ હતો. લૌકિક બંધનોથી મુક્ત થયાનો આનંદ હતો. પોતાની દિવ્ય મસ્તીમાં મસ્ત બની તેઓ સરયૂને કિનારે કિનારે ચાલવા લાગ્યા. વરસાદની ઝડીઓ ઝીલતા અડવાણે પગે તેઓ અત્યંત શીઘ્ર ગતિથી પોતાના લક્ષ્ય તરફ ધસી રહ્યા હતા. પગમાં કાંટાકાંકરા વાગે છે પરંતુ દેહાતીત દશામાં વર્તતા નીલકંઠ આષાઢના ઘનઘોર મેઘની ગર્જના સાથે મલ્હારના સૂરમાં ઘેરે રાગે ગાતાં આગળ ચાલવા લાગ્યા. મોરલાના 'ગેહૂક ગેહૂક' સ્વરો, બપૈયાનાં મીઠાં ગાન અને ચારે તરફ પ્રસરેલી લીલી વનરાજીથી પ્રકૃતિ જાણે નીલકંઠને આવકારવા નવીન સૌંદર્ય ધારણ કરીને ઊભી હોય તેવી શોભતી હતી.

નીલકંઠની શોભા પણ અનેરી બની હતી. હાથમાં તુલસીની બેવડી માળા, કાળા ભમ્મર વાંકડિયા વાળની જટા, તેજસ્વી અને ગોળ મુખાકૃતિ, અને આંખોમાં ધ્યેય સુધી પહોંચવાની દૃઢતા. અનેકના કલ્યાણ કરવાની ધગશ તેમનાં ચરણોની ગતિમાં વર્તાતી હતી.

નીલકંઠ વર્ણી લગભગ બે કોસ ચાલ્યા હશે ત્યાં એક મોટો વડ તેમણે

જોયો. વડ નીચે પદ્માસન વાળીને તેઓ બિરાજ્યા. વર્ણી જ્યારે ધ્યાનમાંથી જાગ્યા, ત્યારે તેમણે હનુમાનજીને સામે બેઠેલા જોયા. તેમના સામું જોઈ હસીને વર્ણીએ પૂછ્યું : 'તમે ક્યારના આવ્યા છો ?'

હનુમાનજીએ કહ્યું : 'મહારાજ ! આપનાં નિત્ય દર્શન કરવાનો મારો નિયમ છે. તે નિયમ અનુસાર આજે અયોધ્યામાં આપને ઘેર ગયો પણ આપ ત્યાં ન હતા તેથી સરયૂતટે આવ્યો. ત્યાં પણ આપને ન જોયા. પછી ધ્યાનમાં જોયું તો આપ આ તરફ પધાર્યા છો તે જાણી અહીં આવ્યો. હવે આપની આજ્ઞા હોય તો આપની સાથે સેવામાં રહું.'

તેમનાં આ વચન સાંભળી વર્ણીએ તેમને કહ્યું : 'હમણાં તો એકલા જ વિચરણ કરવાનો મારો વિચાર છે માટે હું યાદ કરું ત્યારે આવજો; અયોધ્યામાં સ્વજનોને કુશળ સમાચાર આપજો.' એટલું કહી પોતે પાછા ધ્યાનમગ્ન બની ગયા.

## ૨. ત્યાગીને આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ

ગૃહત્યાગની પ્રથમ રાત્રિએ નીલકંઠવર્ણીએ આ વડ નીચે જ મુકામ કર્યો. આષાઢ સુદ ૧૧ના મંગળ પ્રભાતે નિયમ અનુસાર જાગ્યા અને પ્રાતઃવિધિ કરી વડ નીચે બિરાજ્યા. એટલામાં અમરપુર ગામના લોકો ત્યાં આવ્યા. નીલકંઠ વર્ણીને જોઈ બાલસ્વરૂપ સ્વામી કાર્તિકેજી આવ્યા છે કે સાક્ષાત્ ધ્રુવજી આવ્યા છે તેની વિમાસણમાં તેઓ પડ્યા. કેટલાંક ફળો, મીઠાઈ વગેરે જે જલદી મળે તે લેવા દોડતા ગયા. કેટલાક બીજી સામગ્રી લેવા ગયા. થોડી વારમાં તો નીલકંઠ પાસે ફળો, મીઠાઈઓ વગેરે સામગ્રીઓનો ઢગલો થઈ ગયો. નીલકંઠે તે તમામ સામગ્રીઓ પોતાની પાસે શાલિગ્રામ હતા તેમને ધરાવી અને પછી તેમાંથી પોતે અલ્પ જમ્યા. વધેલો પ્રસાદ ત્યાં બેઠેલા ગામલોકોને આપી દીધો.

અપરિગ્રહ વ્રતધારી નીલકંઠ વર્ણીને આ રીતે બધો જ પ્રસાદ વહેંચી દેતા જોઈ કેટલાકે કહ્યું : 'બ્રહ્મચારી ! સાંજના માટે તો કાંઈક રાખો.'

નીલકંઠ તેમની સામું જોઈ હસ્યા : 'સાંજ કે સવારનો જો વિચાર કરવાનો હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? ત્યાગીને આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જ જોઈએ. જે ભગવાનના આધારે ભેખ લીધો છે તે ભગવાન



જ સમે સમે પોષણ કરશે.' નીલકંઠની વાણીમાં દિવ્યતા અને મધુરતા હતી. સૌ તેમાં આકર્ષાઈ ગયા.

પછી નીલકંઠે ત્યાં ભેગા થયેલા સૌને કહ્યું : 'તમે હવે જાઓ. મને કોઈનો ડર નથી. ચરાચરમાં મારી શક્તિ વ્યાપીને રહી છે.'

ભોળા ગ્રામજનોને નીલકંઠની આ દિવ્ય વાણી ન સમજાણી !

નીલકંઠવર્ણીએ અહીંથી પ્રસ્થાન કર્યું. કલકલ કરતી નદીઓ અને નાળાંઓને ઓળંગીને વનની વિકટ વાટ પસાર કરતાં નીલકંઠ આગળ ધપવા લાગ્યા. જ્યાં જ્યાં વર્ણી વિશ્રામ કરે ત્યાં ગામલોકો તેમની દિવ્યમૂર્તિ જોઈ આકર્ષાઈ જાય, ફળફૂલ લાવે, ક્યારેક રસોઈની સામગ્રી પણ લાવે છે. નીલકંઠ તે બધું ઠાકોરજીને ધરાવીને પછી ગ્રહણ કરે.


ઉત્તરમાં હિમાલયનાં જંગલો તરફ તેમની ગતિ હતી. માતાપિતા, ભાઈ-ભાભી, મિત્રો, ઘર કાંઈ પણ યાદ કરતા નથી. સ્વસ્વરૂપનું સ્મરણ કરતા ચાલ્યા જાય છે. ઉતાવળા ચાલતા જાય અને પાછળ જોતા જાય. મનમાં બીક રહે, રખે કોઈ ઘરેથી પાછા લેવા આવે !

પોતે સાક્ષાત્ ભગવાન હતા. તેમને તપ કરવાની જરૂર પણ ન હતી, છતાં અનંત લોકોનું કલ્યાણ કરવા તપ કરવા જતા હતા.

## ૩. વેણીરામને દર્શન આપ્યાં અને રઘુનંદનને સજીવન કર્યો

બીજી તરફ અયોધ્યામાં ઘનશ્યામના ગૃહત્યાગથી ચારે બાજુ વાતાવરણ ગમગીન હતું. પોતાના પ્યારા ઘનશ્યામના વિયોગમાં ઝૂરતાં સુવાસિની ભાભીની વિનંતીથી રામપ્રતાપભાઈને થયું, 'લાવ છપૈયામાં તપાસ કરી આવું. કદાચ રિસાઈને ઘનશ્યામ છપૈયા ચાલ્યા ગયા હોય !' આથી તેમણે છપૈયામાં પણ સાત દિવસ ઘનશ્યામની શોધ કરી. કાંઈ પત્તો ન લાગ્યો. ઘનશ્યામના મિત્રો પણ શોધી શોધીને થાક્યા. અચાનક વેણીરામને કંઈક યાદ આવ્યું. તેને થયું કે ઘનશ્યામ ગામના ઊંડા કૂવામાં ઘણી વાર કૂદકા મારતા, 'ચાલ, જઈને કૂવામાં તપાસ કરવા દે. ઘનશ્યામ કૂવામાંથી નહિ મળે તો હું પણ કૂવામાં જ ડૂબીને મરી જઈશ.'

એમ વિચાર કરી વેણીરામે કૂવામાં ભૂસકો માર્યો. પણ કૂવામાં ઘનશ્યામ ન મળ્યા. કલાક થયો પણ વેણીરામ બહાર નીકળ્યો નહિ. એટલે એના પિતા મોતીરામને ચિંતા થઈ. મોતીરામ પણ વેણીરામને કાઢવા કૂવામાં પડ્યા. કૂવો બહુ ઊંડો અને અંધારિયો હતો. મોતીરામ પણ કૂવામાં ડૂબકાં ખાવા લાગ્યા.





ભગવાનને દયા આવી. ઘનશ્યામે કૂવામાં દિવ્ય સ્વરૂપે દર્શન દીધું. કૂવો તેજથી ભરાઈ ગયો. હળવેકથી વેણીરામને તથા તેના બાપ મોતીરામને કૂવાની બહાર મૂકી દીધા અને ઘનશ્યામ આકાશમાં અદશ્ય થઈ ગયા. વેણીરામ તો ઘનશ્યામનાં દર્શનથી રાજી રાજી થઈ ગયો.

ઘનશ્યામનો બીજો એક પરમ મિત્ર રઘુનંદન હતો. રઘુનંદન વાણિયાનો દીકરો હતો. રઘુનંદને સાત દિવસ સુધી ઘનશ્યામને શોધ્યા. છેવટે જ્યારે ઘનશ્યામ ન મળ્યા, ત્યારે ખૂબ ઉદાસ થઈ ગયો. તેને થયું, 'ઘનશ્યામ વગર જીવન જીવવામાં શી મજા ?'


આમ વિચારી રઘુનંદન નારાયણ સરોવરે ગયો. ત્યાં એક આંબાના ઝાડ નીચે બેસીને ઘનશ્યામનું ધ્યાન ધર્યું અને ધ્યાન કરતાં કરતાં તેણે વિરહમાં પોતાનો દેહ ત્યજી દીધો.

રઘુનંદન સાંજ સુધી ઘરે આવ્યો નહિ, તેથી તેનાં માતાપિતાને ચિંતા થવા લાગી. તેઓ રામપ્રતાપભાઈને લઈને રઘુનંદનને શોધવા નીકળ્યાં. રામપ્રતાપભાઈને ઘનશ્યામ ઘર છોડીને ચાલ્યા ગયા તેનું દુઃખ અપાર હતું. તેમાં વળી ઘનશ્યામનો પરમ મિત્ર રઘુનંદન ખોવાયો. તેઓ બહુ દુઃખી થયાં.

રઘુનંદનનાં માતાપિતા રામપ્રતાપભાઈ સાથે નારાયણ સરોવર તરફ શોધવા નીકળ્યાં. ત્રણે જણાનું દુઃખ જોઈ આકાશમાં હનુમાનજીએ દર્શન દીધાં અને આકાશવાણીરૂપે રામપ્રતાપભાઈને કહ્યું, 'તમારા નાના ભાઈ તો વનમાં તપ કરવા ગયા છે. તપ કર્યા પછી ધર્મનું સ્થાપન કરવા પૃથ્વી પર સંપ્રદાય ચલાવશે અને તમને બોલાવીને દર્શન આપશે. માટે હવે વિલાપ ન કરશો.' આ સાંભળી રામપ્રતાપભાઈને અંતરમાં ઘણી શાંતિ થઈ.

ચાલતાં ચાલતાં તેઓ આંબાના વૃક્ષ પાસે આવ્યાં. ત્યાં રઘુનંદનને મરેલો જોયો. રઘુનંદનનાં માતાપિતા શોકાતુર હૃદયે રોવા લાગ્યાં. તેમનું રુદન સાંભળી આકાશમાર્ગેથી ઘનશ્યામ આવ્યા. તેમણે દિવ્યરૂપે આવીને રઘુનંદનને સજીવન કર્યો.

રઘુનંદનને ઉઠાડીને કહ્યું, 'હું ક્યાં ગયો છું ! તું જ્યારે સંભારીશ ત્યારે હું તને દર્શન દઈશ. પરંતુ આવી રીતે પ્રાણ ત્યાગ કરતો નહીં.' એમ કહી રઘુનંદન, તેનાં માતાપિતા તથા રામપ્રતાપભાઈને દિવ્યરૂપે દર્શન દઈ ઘનશ્યામ અદશ્ય થઈ ગયા.



નીલકંઠ ફરતાં ફરતાં લોધેશ્વર પધાર્યા. અહીં લોધેશ્વર મહાદેવનું મંદિર છે અને લોધેશ્વર નામનું સરોવર છે. તેમાં સ્નાન કરી, નીલકંઠે મહાદેવનાં દર્શન કર્યાં. મંદિરમાં રાતવાસો કરી, જેતપુર તથા પથેપુર થઈને નૈમિષારણ્ય (ખેરીલાપુર) આવ્યા.

નૈમિષારણ્યમાં ચક્રતીર્થ નામનું સરોવર છે. સરોવરની ફરતાં મંદિરો છે. હજારો વર્ષ પહેલાં સૂતજીએ શૌનકાદિક ઋષિઓને નૈમિષારણ્યમાં જે ભાગવત સંભળાવ્યું હતું તે દરેક તીર્થરૂપ સ્થાનનાં દર્શન કરી નીલકંઠ ઉત્તર તરફ ચાલ્યા.



માર્ગમાં સહેજાપુર તથા બરેલી થઈને મહાવનમાં પ્રવેશ્યા. માર્ગ ઘણો વિકટ હતો. દિવસે પણ ઘોર અંધારું લાગે એવી ગીચ ઝાડીઓ. વાઘ, શેર, ચિત્તા, વરુ, શિયાળ, ઝરખ, હાથી વગેરે અનંત જંગલી પ્રાણીઓ એ વનમાં વસતાં. સાપ, કરચલા, જંગલી ઘુવડ, વીંછીઓથી ભરપૂર જંગલ. સૂકાં પાંદડાંઓના ઢગ ઉપર ચાલવાનું. જંગલી પ્રાણીઓની ત્રાડથી ધ્રૂજી જવાય તેવું નિર્જન વાતાવરણ. નીલકંઠ તો આ ઘોર જંગલમાં ચાલ્યા જાય.

## ૪. તપસ્વીઓની દિવ્ય ગતિ

માર્ગ ઘણો વિકટ હતો. રસ્તામાં ગાઢ જંગલ આવતાં હતાં. તે જંગલમાં દિવસે પણ અંધારું લાગે એટલી ગીચ ઝાડીઓ. વાઘ, શેર, ચિત્તા, વરુ, શિયાળ, ઝરખ, હાથી વગેરે અનંત જંગલી પ્રાણીઓ એ જંગલમાં વસતાં. પ્રાણીઓની ત્રાડથી જ ધ્રૂજી જવાય તેવું બિહામણું જંગલ. નીલકંઠ આ ઘોર જંગલમાંથી ચાલ્યા.

ચાલતાં ચાલતાં નીલકંઠ એક વડના ઝાડ પાસે આવ્યા. વડના ઝાડ નીચે તેમણે કેટલાક તપસ્વીઓને બેઠેલા જોયા. નીલકંઠ તેમની પાસે ગયા અને પૂછ્યું : 'હે તપસ્વી સંતો ! તમે અહીં શું કરવા આવ્યા છો ? અહીંથી ક્યાં જવાના છો !'

નીલકંઠનો પ્રશ્ન સાંભળી તપસ્વીઓ બોલ્યા, 'વર્ણીરાજ ! અમે હિમાલયમાં તપ કરવા જઈ રહ્યા છીએ. અમારી ઇચ્છા તપ કરીને ભગવાન નારાયણને પ્રસન્ન કરવાની છે. મોક્ષ પ્રાપ્ત કરવા ઉત્તરમાં હિમાલયમાં જઈને કઠોર તપ કરીશું.'

આટલો ઉત્તર આપીને તપસ્વીઓએ નીલકંઠને પૂછ્યું, 'વર્ણીરાજ ! તમે અહીં વિકટ વનમાં એકલા શા માટે આવ્યા છો ? અમે આટલા બધા ભેગા છીએ તો પણ રાતે અમને જંગલી પશુઓની બહુ બીક લાગે છે, તો તમે કેવી રીતે નિર્ભય થઈને ફરો છો ? આપ કોણ છો ? તમને વાઘ, વરુ, શેર વગેરે જંગલી પ્રાણીઓની બીક નથી લાગતી ? એકલી કૌપીન પહેરીને ફરો છો, તેથી રાતે ઠંડી નથી લાગતી ?'

તપસ્વીઓના આ પ્રશ્નો સાંભળી નીલકંઠે ઉત્તર આપ્યો, 'અમો તો આત્મા છીએ; દેહથી, કુટુંબ-કબીલાથી ન્યારા છીએ; કામ, ક્રોધ, લોભ વગેરે

દોષોથી રહિત છીએ. સત્, ચિત્, આનંદ એવું જે અક્ષર તેથી પર છીએ. ત્રણ અવસ્થા, ત્રણ દેહ અને ત્રણ ગુણથી પર છીએ. અમે તો સર્વોપરી દિવ્ય સ્વરૂપ મૂર્તિ છીએ. અમે પણ હિમાલય તરફ જીવોના કલ્યાણ કરવા જઈ રહ્યા છીએ. પરંતુ તમે સૌ તપસ્વીઓ પ્રગટ ભગવાન વગર મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરશો ? તપ કરીને ગળાઈ જશો તો પણ પ્રગટ પ્રભુને ઓળખ્યા વગર તમારો મોક્ષ કેવી રીતે થશે ?'

આ સાંભળી તપસ્વીઓ બહુ જ ચકિત થઈ ગયા. તેમણે પૂછ્યું, 'હે વર્ણીરાજ ! પ્રગટ પ્રભુ ક્યાં મળશે ? ક્યારે મળશે ? મોક્ષ કેવી રીતે થશે ?'

આ સાંભળી નીલકંઠે કહ્યું, 'તમારો સાચો ભાવ હશે તો તમને પ્રગટ પ્રભુ અહીં જ મળશે. તેમને ઓળખી લેજો. તમારો મોક્ષ તત્કાળ થઈ જશે.'

તપસ્વીઓ તો નીલકંઠની વાણી સાંભળી આનંદિત થઈ ગયા. તેમને તો નીલકંઠ જ નારાયણ ભગવાન જેવા લાગ્યા. તપસ્વીઓ નીલકંઠને લઈને આગળ ચાલ્યા. તેઓ નીલકંઠની વાતો સાંભળતા, નીલકંઠની સેવા કરતા.


નીલકંઠ તેમની સેવા અને શ્રદ્ધાથી પ્રસન્ન થઈ ગયા. તેમણે તપસ્વીઓને ચતુર્ભુજ નારાયણ ભગવાનરૂપે દર્શન દીધાં. સૌ તપસ્વીઓ આનંદથી પુલકિત થઈ ગયા.

તેવામાં એક દિવસ ચાલતાં ચાલતાં રાત્રે સૌ તપસ્વીઓ સાથે નીલકંઠ વડના ઝાડ નીચે પહોંચ્યા. ચારે કોરથી વાઘ, શેરની ત્રાડ સંભળાતી. તમરાંનો અવાજ, સાપનો ફુત્કાર અને ઘુવડનો અવાજ સંભળાય. સૌ તપસ્વીઓ બીકના માર્યા વડના ઝાડ પર ઝોળી બાંધી તેમાં સૂઈ ગયા. નીલકંઠ તો વડથી વીસ ડગલાં દૂર જમીન પર કંઈ પણ પાથર્યા વગર સૂઈ ગયા.

એટલામાં અર્ધ રાત્રિએ એક બિહામણું ઝરખ ત્યાં આવ્યું. જોરથી ચિત્કાર કરીને જમીન સૂંઘતું નીલકંઠની આસપાસ પ્રદક્ષિણા કરીને વડના ઝાડ નીચે આવીને બેઠું. તપસ્વીઓએ ઝાડ પર ઝોળીમાં સૂતાં સૂતાં આ બધું જોયું. ઝરખે ઝાડ નીચે બેસી ઊંચે બાંધેલી ઝોળી તરફ ટગર ટગર જોવાનું શરૂ કર્યું.

આ જોઈ સૌ તપસ્વીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા. સૌ એવા હેબતાઈ ગયા કે હાલ્યાચાલ્યા વગર ઝોળીમાં પડ્યા પડ્યા નીલકંઠને ભગવાનરૂપે સંભારવા લાગ્યા.





સવાર થવા આવ્યું. ઝરખ ઊભું થયું. ફરી એક વાર વડના ઝાડ તરફ ઊંચું જોયું. પછી જોરથી બે વાર પૂંછડી પછાડીને ચાલી ગયું. સૌ તપસ્વીઓની વૃત્તિ તે વખતે નીલકંઠમાં સ્થિર થઈ ગઈ. નીલકંઠે તેમનો મોક્ષ કર્યો. આમ, તપસ્વીઓનો ઉદ્ધાર કરી નીલકંઠ આગળ ચાલ્યા.

## ૫. બદરીનાથ ધામની વાટે

નવ દિવસે વન પસાર કરીને, બહાદુરપુર થઈને નીલકંઠ ગંગાકિનારે આવ્યા. વહાણમાં બેસીને સામે કિનારે ઊતર્યા. ચાલતાં ચાલતાં શ્રાવણ મહિનાની સુદ એકાદશીએ હરિદ્વાર પહોંચ્યા. ગંગામાં સ્નાન કરીને કાંઠા પર મહાદેવનું મંદિર હતું ત્યાં દર્શન કર્યાં. તે વખતે હરિદ્વારમાં શ્રાવણનો મેળો

ભરાયો હતો, દેશના ખૂણે ખૂણેથી બાવાઓ અને વૈરાગીઓ આવેલા. જોગીઓ અને જતિઓ, સાધુઓ અને સંન્યાસીઓથી મેળો ઊભરાય. સૌને દર્શન દેતા, કલ્યાણ કરતા, નીલકંઠ મેળામાં ફર્યા. મેળામાં બ્રાહ્મણનો વેશ ધારણ કરીને સાક્ષાત્ મહાદેવજી અને પાર્વતીજીએ નીલકંઠની ઘણા દિવસ સેવા કરી હતી.

ત્યાંથી ચાલ્યા. તે નીલકંઠ તપોવનમાં આવ્યા. સુંદર વન જોઈ નીલકંઠ આનંદ પામ્યા. અહીં દશ દિવસ રહ્યા. અનંત કાળથી તપ કરતા તપસ્વીઓ નીલકંઠ વર્ણીનાં દર્શન કરી કૃતાર્થ થયા. ધ્રુવજીએ જ્યાં તપ કર્યું હતું તે આશ્રમનાં દર્શન કર્યાં. ત્યાં પોતે પણ ઉગ્ર તપ કરવું એવો નીલકંઠે સંકલ્પ કર્યો.

નીલકંઠ ત્યાંથી નીકળી લક્ષ્મણઝૂલા (લક્ષ્મણપુરા) પધાર્યા. અહીં ગંગાકિનારે લક્ષ્મણજીનું મંદિર છે. ગંગામાં સ્નાન કરી, નીલકંઠે લક્ષ્મણજીના મંદિરમાં જઈ મૂર્તિનાં દર્શન કર્યાં. લક્ષ્મણજીની મૂર્તિમાંથી સાક્ષાત્ લક્ષ્મણજી પ્રગટ થઈને બહાર આવ્યા અને નીલકંઠના ચરણોમાં નમી પડ્યા. નીલકંઠ વર્ણીએ તેમને હાથ પકડી ઊભા કર્યા અને રામચંદ્ર ભગવાનરૂપે દર્શન દીધાં. આવા સુંદર પ્રસંગે ગંગાજી પણ સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરીને પધાર્યાં અને નીલકંઠ વર્ણીના ચરણોમાં તાજાં ફળો મૂકીને નમી પડ્યાં. નીલકંઠ વર્ણી તેમનો ભાવ નિહાળીને થોડાંક ફળો જમ્યા. બાકીનાં ફળોની પ્રસાદી લક્ષ્મણજી અને ગંગાજીને આપી. નીલકંઠ તરસ્યા થયા હશે, એમ જાણી, તરત જ લક્ષ્મણજી દોડીને મંદિરમાંથી નીચે ગયા. પોતાના ઉત્તરીય વસ્ત્રથી ગાળીને જળપાત્રમાં ગંગાનું પાણી નીલકંઠ વર્ણી માટે લઈ આવ્યા. નીલકંઠ પાણી પીને તૃપ્ત થયા. લક્ષ્મણજીનો ભાવ જોઈ, નીલકંઠ અહીં દશ દિવસ રહ્યા.

## ૬. મહંતાઈના પ્રલોભનનો ત્યાગ

નીલકંઠ વર્ણીએ હવે હિમાલયનું ચઢાણ શરૂ કર્યું. ચાલતાં ચાલતાં શ્રીપુર શહેરમાં આવ્યા.

અહીં હજારો વર્ષ પહેલાં, શ્રીકૃષ્ણના વિયોગે ઉદ્ધવજીએ તપ કર્યું હતું તે સ્થાનનાં દર્શન કર્યાં. આવું પવિત્ર સ્થાન જાણી અહીં નારદજીએ શ્રીપુર



નામનું શહેર વસાવ્યું હતું. લોકો તેને શ્રીક્ષેત્ર તરીકે પણ ઓળખતા. અહીં અલકનંદા ધનુષ્યના આકારે વહે છે. તેથી લોકો આ સ્થાનને ધનુષતીર્થ પણ કહે છે.

વર્ણી શ્રીપુરમાં પધાર્યા ત્યારે સાંજ ઢળી ચૂકી હતી. નીલકંઠ વર્ણીએ ગામબહાર એક મઠ જોયો. તેના ઓટલા ઉપર તેમણે આસન જમાવ્યું. મહાતેજસ્વી બાળબ્રહ્મચારીને ઓટલે બેઠેલા જોઈ મઠના મહંતજી આકર્ષાયા. તેમણે વર્ણીને કહ્યું : 'બ્રહ્મચારી ! તમે અહીં મઠની અંદર આવો. અહીં બહાર તો જંગલી જાનવરનો ઘણો ભય છે. માટે ઓટલે બેસી રહેવું તે ઠીક નથી.'

વર્ણી તો ધ્યાનસ્થ મુદ્રામાં મૌન જ રહ્યા. તેમને શાંત બેઠેલા જોઈ મઠાધિપતિએ ફરી કહ્યું : 'બ્રહ્મચારી ! તમો ભૂખ્યા હશો. અંદર આવો, ભોજન જમો અને સુખેથી વિશ્રાંતિ કરો.'

પરંતુ નીલકંઠ વર્ણી હજુ શાંત જ રહ્યા. મહંતને લાગ્યું કે બાળબ્રહ્મચારી મૌનવ્રતધારી હશે તેથી તેણે તેમને હલાવ્યા અને ફરી કહ્યું : 'મહારાજ ! મારું કહ્યું માનો. જો મઠમાં આવવાની ઇચ્છા ન હોય, તો ગામમાં વસતિમાં જાઓ પણ અહીં તો મૃત્યુનો ભય છે જ.'

ત્યારે નીલકંઠે મહંતજીને કહ્યું : 'હું વસતિમાં રહેતો નથી. ગામબહાર, જ્યાં આવું સ્થળ મળે ત્યાં આકાશની નીચે રહું છું. મૃત્યુનો મને ભય નથી.'

મહંતજીએ સમજાવતાં કહ્યું : 'આ તમારી જોગી હઠ છે. વગર મોતે મૃત્યુ મોંમાં શા માટે ધકેલાઓ છો ?' પરંતુ વર્ણી તો બહાર ઓટલે જ આસન જમાવીને રહ્યા.

રાત્રીનું અંધારું જામતું હતું. વર્ણી મૃગચર્મ પર બેસીને ધ્યાનમગ્ન થઈ ગયા. રાત્રિના બે પહર વીત્યા અને ધરતી ધ્રુજાવે તેવી શેરની ડણક સંભળાણી. મહંત અને નગરના લોકોની આ ભયંકર ત્રાડથી ઊંઘ ઊડી ગઈ. મહંતને નીલકંઠની ચિંતા થવા લાગી.

ભયંકર ગર્જના કરીને ત્રાડુકતો શેર થાળી થાળી જેવડા પંજાનાં પગલાં માંડતો, વાંભ એકનું પૂછડું ફંગોળતો, વર્ણીની આગળ આવીને ઊભો રહ્યો. પક્ષીઓ તેની ત્રાડ સાંભળીને ઝાડ ઉપરથી હેઠાં પડી ગયાં.

વર્ણીએ આ શેર તરફ દૃષ્ટિ કરી. તે દૃષ્ટિ ઝીલી નિશ્ચેતન બની

સમાધિના દિવ્ય સુખનો અનુભવ કરતો શેર વર્ણીના પગ આગળ લપાઈને બેસી ગયો. નથી હાલતો કે નથી ચાલતો. મહંતજીએ ધ્રૂજતાં ધ્રૂજતાં બારીનું બારણું ખોલ્યું અને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા.

નીલકંઠ વર્ણી તો શેરના શરીર ઉપર હાથ ફેરવતા હતા. અને એ શેર આ સ્પર્શથી સમાધિના આનંદમાં તેનું માથું ધુણાવતો નીલકંઠના પગ ચાટતો હતો. મહંતજી અને તેના શિષ્યો બોલી ઊઠ્યા : 'આ તો કોઈ ઈશ્વરી અવતાર છે !'

જેની ત્રાડ સાંભળીને અનેક શૂરવીરોની શૂરવીરતા સ્રવી જાય એવો આ શેર આજે વર્ણી પાસે ગાય જેવો બની ગયો હતો ! નીલકંઠને માટે આ કાંઈ સિદ્ધિ ન હતી. તેમને તો પોતાના સંબંધમાં આવે તેનું કલ્યાણ કરવું હતું. પરોઢ થયું અને વર્ણી ત્યાંથી ઊઠીને નદીકિનારે પ્રાતઃવિધિ કરવા જવા લાગ્યા. શેર પણ વર્ણીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. નદી પાસે આવીને નીલકંઠના આદેશથી શેર શિર ઝુકાવીને ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો !

વર્ણીની પાછળ દૂર રહીને આવતા મહંતજીએ અને તેના શિષ્યોએ આ જોયું. મહંતજી વર્ણી પાસે ભાવવિભોર થઈને આવ્યા. વર્ણી તો પૂજામાં મગ્ન હતા. મહંતજીએ હાથ જોડી તેમણે કહ્યું : 'બ્રહ્મચારી ! આપ બહુ પ્રતાપી પુરુષ છો. આપ જો અમારા મઠમાં રહો, તો તમને મઠાધિપતિ બનાવી દઉં. લાખ રૂપિયાની અમારી આવક છે...'

વર્ણીએ તેમને અટકાવીને વચ્ચે જ કહ્યું : 'મઠની, આશ્રમની કે મિલકતની અપેક્ષા હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? મારે તો તીર્થોમાં જઈ અનેક જીવનું કલ્યાણ કરવું છે. અને સાચો સત્સંગ શું છે તે જગતને સમજાવવું છે.' આટલા મોટા મઠની મહંતાઈના પ્રલોભનનો નીલકંઠે ત્યાગ કર્યો અને સીધા સામેની ઝાડીમાં પ્રવેશ કરી અદૃશ્ય થઈ ગયા.

ઝાડીમાં પ્રવેશ કરીને ચિત્તભંગ પર્વત અને પછી મનભંગ પર્વત ચડ્યા ઊતર્યા. તપ કરતા યોગીઓને દર્શન આપ્યાં. ઉદ્ધવજીના આશ્રમને પવિત્ર કર્યો અને ગુપ્તકાશી પધાર્યા. સત્યયુગમાં ભોળાનાથ શંકરને પ્રસન્ન કરવા ઘણા ઋષિઓએ અહીં તપ કરેલું. ત્યાં કાશીવિશ્વનાથ મહાદેવની લિંગ મૂર્તિનાં દર્શન કરી નીલકંઠ ગુપ્તપ્રયાગ થઈને ઝૂલતો પુલ ઊતર્યા. આગળ પર્વત પર ત્રિયુગીનારાયણ મંદિર આવ્યું. ત્યાં દર્શન કરી ગૌરીકુંડ પધાર્યા.



ત્યાં ગરમ પાણીના કુંડમાં સ્નાન કર્યું. પાર્વતીજીના મંદિરમાં માતાજીને દર્શન દઈ ચાલતાં ચાલતાં કેદારનાથ પહોંચ્યા.

ભારતમાં બાર સ્વયંભૂ જ્યોતિર્લિંગ છે. તેમાંનું એક સ્વયંભૂ જ્યોતિર્લિંગ કેદારનાથજીના મંદિરમાં છે. ત્યાં દર્શન-પૂજન કરી નીલકંઠ વર્ણી અહીં થોડા દિવસ રોકાયા.

## ૭. બદરીનાથ અને માનસ સરોવરની વાટે

કેદારનાથથી નીકળીને નીલકંઠ વર્ણીએ હિમાલયની હિમ વરસાવતી ટેકરી ઉલ્લંઘવા માંડી. કેદારનાથથી વિકટ માર્ગે પહાડો ચઢતાં-ઊતરતાં નવ દિવસ ચાલીને બદરીનાથ પહોંચ્યા. સુશોભિત શિખરબદ્ધ મંદિરમાં બદરીનારાયણ ભગવાનની મૂર્તિઓનાં દર્શન કર્યાં.

નીલકંઠ વર્ણી દર્શન કરતા હતા ત્યારે તેમને જોતાં જ મંદિરનો પૂજારી તો ભાવવિભોર થઈ ગયો. કેટલાય મોટા મોટા ઋષિઓ, મહાત્માઓ, યાત્રિકો અહીં તેમણે જોયા હતા. પરંતુ ક્યારેય તેને આટલું બધું આકર્ષણ થયું નહોતું. તેને નીલકંઠમાં બદરીનારાયણનાં દર્શન થયાં. પૂજારી તો ભાવથી નીલકંઠની સેવા કરવા લાગ્યો. નીલકંઠને ફૂલની માળા પહેરાવે અને રોજ થાળ જમાડે. દિવાળી સુધી નીલકંઠ અહીં રહ્યા. દીપોત્સવી અને અન્નકૂટના ઉત્સવો ખૂબ ભક્તિભાવપૂર્વક ઉજવાયા. હવે બદરીનાથના દ્વાર બંધ થવાના હતા.

ઠંડીના દિવસોમાં ઉપર બદરીનાથમાં બહુ ઠંડી પડે. શિયાળાના ચાર મહિના ત્યાં હિમકરા પડે. ચારેકોર બરફ છવાઈ જાય ત્યારે ત્યાંથી ચલમૂર્તિને અહીં નીચે જોષીમઠના જ્યોતીશ્વરના મંદિરમાં પધરાવી પૂજા થાય. દર વર્ષે શિયાળામાં ચાર મહિના બદરીનાથજીની ચલમૂર્તિને અહીં રાખી પૂજા કરાય. પૂજારી નીલકંઠ વર્ણીને સોનાની અંબાડી સાથે હાથી ઉપર પધરાવી જોષીમઠ લઈ આવ્યા.

નીલકંઠ વર્ણીને તો હજુ ઉપર હિમગિરિમાં જવું હતું. પૂજારીએ અને જોષીમઠના ભાવિકોએ ખૂબ ગદ્‌ગદ કંઠે અહીં રોકાવા ખૂબ આગ્રહ કર્યો. સૌએ કહ્યું કે શિયાળામાં હવે ઉપર જવાય જ નહીં. અત્યારે ભયંકર હિમવર્ષામાં મૃત્યુ જ થાય.

તદ્દન ઉઘાડા શરીરે માત્ર કૌપીનભર રહેતા અને અડવાણે પગે ઘૂમતા કૃશ કાયાના આ બાળબ્રહ્મચારી નીલકંઠનું શું થશે ? એવા વિચારથી સૌ ધ્રૂજી ગયા. પરંતુ નીલકંઠને કશો ડર નહોતો. સૌના ભાવને સ્વીકારીને તેઓ આગળ યાત્રાએ નીકળી પડ્યા.

જોષીમઠથી એક મહાવિકટ રસ્તો નીતી ઘાટી થઈને માનસ સરોવર તથા કૈલાસ તરફ જાય છે. નીલકંઠ વર્ણી આ રસ્તે હિમગિરિમાં આગળ ચાલ્યા. શિયાળાની કડકડતી ઠંડી. તીરની જેમ છાતીમાં પવન પેસી જાય. પવન ફૂંકાય અને બરફના કરા પડે. પણ નીલકંઠ શરીરની પરવા કર્યા વગર બદરીવન (આદિબદરી) પહોંચ્યા.

આ સ્થાનમાં નરનારાયણ ઋષિનો બદરિકાશ્રમ છે. તદ્દન નિર્જન અને એકાંત સ્થળ. નીલકંઠ વર્ણી નર-નારાયણના આ બદરિકાશ્રમમાં પધાર્યા. આ બ્રહ્માંડના ભોમિયા નરનારાયણે પોતાનાં પચાસ વર્ષ અને દોઢ પહોર સુધી એક પગે ઊભા રહીને સ્તુતિ કરી હતી. ત્યારે પૂર્ણપુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર પ્રગટ થયા હતા. નરનારાયણની આ તપશ્ચર્યાનું ફળ આપવા જ સાક્ષાત્ પુરુષોત્તમ આજે નીલકંઠ વેષે અહીં પધાર્યા હતા. નરનારાયણ ઋષિએ હર્ષઘેલા થઈને નીલકંઠ વર્ણીની ગદ્ગદ કંઠે સ્તુતિ કરીને નીલકંઠને કહ્યું : 'આપનો પ્રતાપ કોઈ જાણતા નથી. આપના પ્રતાપથી જ અમારી મોટપ છે. આપનાથી અમને જે મોટા માને છે તે ખરેખર આપના પ્રતાપને જાણતા જ નથી.'

નરનારાયણ ઋષિ તથા અન્ય મુનિગણનો ભાવ જોઈ આ આશ્રમમાં શિયાળાના ત્રણ માસ નીલકંઠ વર્ણી રહ્યા. નીલકંઠ વર્ણીએ અહીં ઉગ્ર તપ કર્યું. હજારો ઋષિઓને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપ્યું.

તેમની સેવાઓ સ્વીકારીને નીલકંઠે વિદાય લેતાં લેતાં નરનારાયણ ઋષિને સંબોધીને નીલકંઠે કહ્યું : 'ઋષિવર્ય ! તમે મારી ખૂબ સેવા કરી છે. તેથી તમારી મૂર્તિની સ્થાપના હું ભરતખંડમાં જરૂર કરીશ.'

પછી ભયંકર હિમવર્ષા વચ્ચે હિમાલયના શિખરો પાર કરતાં કરતાં ઉઘાડે પગે અને ઉઘાડે શરીરે ચાલતાં ચાલતાં નીલકંઠ વર્ણી માનસરોવર ગયા.

ત્યાંના નિર્જળ જળમાં સ્નાન કરી શ્વેત હંસનું કલ્યાણ કર્યું. આ સ્થળ સરયૂ નદીનું ઉદ્ગમ સ્થાન છે. સરયૂ નદી અહીંથી નીકળે છે. સરયૂના મુખમાં સ્નાન કર્યું. દૂરથી કૈલાસનાં દર્શન કર્યાં અને પાછા વળ્યા. પાછા ચાલ્યા, તે ચાલતાં ચાલતાં અખાત્રીજને દિવસે બદરીનાથ પહોંચ્યા.



## ૮. રાજા રણજિતસિંહને ઉપદેશ

પંજાબના બહાદુર રાજા રણજિતસિંહ બદરીનાથનાં દર્શન કરવા આવેલા. નીલકંઠ વર્ણીનાં દર્શનથી તે ખૂબ પ્રભાવિત થયા. નીલકંઠ વર્ણીના ચરણ પકડીને સ્તુતિ કરતાં તેમણે કહ્યું : 'હવે હું આપને છોડીશ નહીં. આપ મને છોડશો નહીં. આપ કહેશો એ નિયમ હું રાખીશ.' એમ કહી તે ગદ્ગદ થઈ ગયા. નીલકંઠે તેમને પોતાની સાથે રહેવાની ના પાડી અને કહ્યું : 'અમે પછી તમે જ્યાં હશો ત્યાં તમને મળશું. હમણાં તો તમે જાઓ.'

રણજિતસિંહને આ આજ્ઞા ખૂબ વસમી લાગી. છતાં ફરી મળવાની આશાએ તેણે ધીરજ રાખી. નીલકંઠ ફરી શિખરો ખૂંદતાં ચાલ્યા ને ગંગોત્રી પહોંચ્યા. અહીં ગંગાજીનું મંદિર છે. નીલકંઠે અહીં દર્શન કરી ઉત્તરાખંડ હિમાલયનું અવરોહણ શરૂ કર્યું અને તળેટીમાં હરિદ્વાર આવી પહોંચ્યા. અહીં હરકી પેડી પર રાજા રણજિતસિંહને નીલકંઠ વર્ણીનો ફરી મેળાપ થયો. રાજા નીલકંઠના ચરણમાં બેસી ગયો. રાજાએ પોતાનું રાજ્ય નીલકંઠને અર્પણ કરવાની ભાવના દર્શાવી. પરંતુ નીલકંઠને તેની લેશમાત્ર સ્પૃહા નહોતી.

નીલકંઠ વર્ણીએ તેને આશીર્વાદ આપી કહ્યું : 'અમારી સ્મૃતિ કરતા રાજ્ય કરજે ને જો અમારું જ્ઞાન તારા અંતરમાં સ્થિર થશે તો રાજ્ય તને બંધન નહીં કરે.' રણજિતસિંહના મસ્તક પર હાથ મૂકીને તેને પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું અને શાંતિ પમાડી. ત્યારબાદ નીલકંઠે અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. થોડા દિવસ અયોધ્યામાં પધારીને ગુપ્તવેશે અહીં રહ્યા.

## ૯. પોતાની વાણીને શાપ

નીલકંઠ વર્ણીને ગૃહત્યાગ કર્યે હજુ માત્ર દસ જ મહિના થયા હતા. અયોધ્યાવાસીઓ પર કૃપાદૃષ્ટિ કરીને સરયૂના તટે તટે નીલકંઠ આગળ ચાલવા માંડ્યા. વનો-ઉપવનો પસાર કરતા, નીલકંઠ બાંસી શહેર આવ્યા.

શહેરથી થોડે દૂર એક નદી વહેતી હતી. નદીકિનારે સુંદર ઉદ્યાન હતો. નીલકંઠ ત્યાં રોજ સવારે નહાવા જતા. બગીચામાં જાતજાતનાં સુંદર પક્ષીઓ

કિલકિલાટ કરતાં.

એક દિવસ નદીમાં સ્નાન કરીને નીલકંઠ બગીચામાં ધ્યાન કરવા પધાર્યા. તેવામાં બાંસી શહેરના રાજાના બે નોકરો હાથમાં બંદૂક લઈને બગીચામાં પ્રવેશ્યા. નીલકંઠ વર્ણીની મર્યાદા રાખ્યા વિના બંનેએ બંદૂકનું નિશાન લીધું. સન...ન...ન કરતી બે ગોળીઓ છૂટી. એક પક્ષીનું જોડું ચીસો પાડતું, તરફડતું ઝાડ પરથી નીચે પડ્યું. બન્ને પક્ષીઓની દયામણી આંખો નીલકંઠ પ્રત્યે મંડાઈ ગઈ. નીલકંઠની આંખમાં પક્ષીઓએ આંખ પરોવી. તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું. નીલકંઠે તેમને દિવ્ય ગતિ આપી.

પરંતુ રાજાના નોકરોના આવા વર્તનથી નીલકંઠને બહુ દુઃખ થયું. શોકથી નીલકંઠ ઉદાસ થઈ ગયા. તે દિવસે નીલકંઠે ઉપવાસ કર્યો. તેઓ બાંસી શહેરમાં પાછા ગયા જ નહિ. નદીકિનારે બગીચામાં જ આખો દિવસ રહ્યા. નીલકંઠનો અતિ દયાળુ સ્વભાવ.

મધ્યરાત્રિએ નીલકંઠ અચાનક જાગી ગયા. તેમને મનમાં સહેજે સંકલ્પ થઈ ગયો, 'બળ્યું આ શહેર, ચાલો ચાલી નીકળીએ !'

પણ તરત જ નીલકંઠે વૃત્તિ પાછી વાળી વિચાર કર્યો, 'ક્ષમાવાન સાધુની આ રીત નથી. આપણે કોઈનું ભૂંડું થાય તેવો સંકલ્પ પણ ન કરવો.'

પરંતુ નીલકંઠના સહેજે થઈ ગયેલ પહેલા સંકલ્પમાં જ બાંસી શહેર બળવા લાગ્યું. અગ્નિદેવે તો અંતરિક્ષમાંથી નીલકંઠના સંકલ્પ મુજબ શહેર ચેતાવી દીધું. રાજદ્વારથી જ શહેર બળવાની શરૂઆત થઈ ગઈ. મોટો કોલાહલ થઈ ગયો. રાજા-રાણી અને બધાં પ્રજાજનો શહેરમાંથી બહાર નીકળવા લાગ્યાં.

નીલકંઠે આ જોયું. તેમને અંતરમાં કરુણા ઉભરાઈ આવી. બળતા શહેરને દેખીને નીલકંઠ તરત જ નદીના જળમાં કૂદી પડ્યા. તરત જ શહેર ઓલવાઈ ગયું. સૌ બચી ગયાં. ફક્ત પેલા બે નોકરો બળી મર્યા. શહેર બચી ગયું.

આવો બનાવ બન્યો તેથી નીલકંઠે નદીના જળમાં ઊભા ઊભા પોતાના જમણા હાથમાં પાણીની અંજલિ લઈ, સંકલ્પ કરી, પોતાની વાણીને શાપ આપ્યો કે 'હવે ક્યારેય ભૂલથી પણ આવો મલિન ઘાટ અમારાથી થઈ જાય તો તે નિષ્ફળ થાઓ. આવા પ્રસંગે અમારી વાણી નિષ્ફળ જાઓ !'

નાહીને, ધ્યાન ધરીને, કરુણામૂર્તિ નીલકંઠ આગળ ચાલ્યા.



## ૧૦. નીલકંઠ વંશીપુરમાં

વહેલી સવારે વર્ણીપ્રભુ સ્નાન કરી પીપળાના એક વૃક્ષ નીચે નિત્યવિધિ કરવા બિરાજમાન થયા. તે સમયે શિકાર કરવા નીકળેલા વંશીપુરના રાજાએ વૃક્ષ નીચે બાલયોગીને જોયા. ચંદ્રસમુ સુંદર મુખારવિંદ, કમળના પત્ર જેવી ઊંડી આંખો અને કપાળ પર બ્રહ્મચર્યનું તેજ !

આ બાળયોગીને જોઈ રાજાના હર્ષનો પાર ન રહ્યો. પોતે ઉત્તમ મુમુક્ષુ હતો. તેણે પ્રભુને ઓળખી લીધા : 'નારાયણ આ સ્વરૂપે આજે મારું કલ્યાણ કરવા આવ્યા છે.' તરત જ તે નીલકંઠના ચરણમાં નમી પડ્યો.

નીલકંઠે નેત્ર ઉઘાડ્યાં. રાજાને જોયો. રાજાએ હાથ જોડી પોતાના મહેલમાં પધારવા પ્રાર્થના કરી. રાજાનો અત્યંત ભક્તિભાવ જોઈને નીલકંઠ તેની સાથે આવવા તૈયાર થયા. રાજાએ નીલકંઠને પોતાના રાજવી અશ્વ ઉપર બેસાડ્યા અને પોતે ઘોડાની સરક પકડી ઘોડાને દોરવા લાગ્યો. વર્ણીને રાજા પોતાના ઘોડા ઉપર બેસાડી લઈ આવ્યા તે વાતનું સૌને અત્યંત આશ્ચર્ય થયું. નીલકંઠનાં દર્શન કરવા શહેરની માનવમેદની ઊમટી. સૌએ ભાવપૂર્વક નીલકંઠને પ્રણામ કર્યા. નીલકંઠને રાજા પોતાના દરબારગઢમાં લઈ આવ્યા. રાણી હર્ષપૂર્વક આ નવીન મહેમાનનાં દર્શને દોડી આવી. નીલકંઠને જોતાં જ તે પણ સ્થિર થઈ ગઈ. સૌને લાગ્યું આ કોઈ સાધારણ બાળબ્રહ્મચારી નથી પણ સાક્ષાત્ પુરુષોત્તમ પોતે જ છે !

રાણીને પુત્રની ખોટ હતી. તેને લાગ્યું કે સાક્ષાત્ પરમાત્મા જ તેની આ ખોટ પૂરવા આવ્યા છે. તેની બે કુંવરીઓ ઈલા-સુશીલા પણ નીલકંઠનાં દર્શનથી મોહિત થઈ ગઈ.

નીલકંઠની સેવાથી રાજા અને રાણી અતિ કૃતાર્થ થઈ ગયાં. તેમના ભક્તિભાવથી નીલકંઠ મહેલમાં રોકાયા. નીલકંઠની સેવામાં સૌ જોડાઈ ગયાં.

રાજા-રાણી અને કુંવરીઓ નિત્ય સેવાથી નીલકંઠને પ્રસન્ન કરવા લાગ્યાં. સવારે સ્નાન કરી નીલકંઠ તૈયાર થતા ત્યાં તો સુશીલા અને ઈલા તેમની પૂજાની સામગ્રી તૈયારી કરી દેતી. ફળફૂલ પણ લાવતી. નૈવેદ્ય માટે મેવા લાવીને નીલકંઠ પાસે મૂકતી.

નીલકંઠ પૂજા કરી ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી તેમને પ્રસાદ વહેંચી દેતા.

પોતે બહુ સૂક્ષ્મ જમતા. જમવાના સમયે પણ સુશીલા અને ઈલા હાજર જ રહેતી. નીલકંઠને પ્રેમથી જમાડતી. તેમને જમવાની અલૌકિક રીતથી સૌ મુગ્ધ બની જતાં.

વર્ણી ક્યારેક ક્યારેક પોતાનાં ચરિત્રોની વાતો પણ કહેતા. ક્યારેક ભૂતભવિષ્યની વાતો કરતા. સૌને તેમની વાણીમાં લીન થઈ જતાં રાજારાણી તેમને જમાડીને પછી જ જમતાં. વર્ણીને રાજ્યમાં જ રાખવાનો તેમના અંતરમાં લોભ હતો.

એક દિવસ રાણીએ નીલકંઠ પાસે આવીને તેમને કહ્યું : 'બ્રહ્મચારીજી ! આ રાજ્ય તમને સોંપવું છે. આ બંને મારી કુંવરીઓનું પણ તમારી સાથે લગ્ન કરવું છે, માટે હવે વનમાં જઈ તપ કરવાની માથાકૂટ મૂકી દ્યો.'

વર્ણી તેમની આવી લૌકિક તૃષ્ણાઓ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : 'માતા ! અમારે હજુ તો વનમાં ફરવું છે અને તમારાં જેવાં ભાગ્યવાન મુમુક્ષુઓનાં કલ્યાણ કરવાં છે. અહીં તો તમારા તપના ફળરૂપે હું આવ્યો છું. તમારાં અતિ મોટાં ભાગ્ય છે.'

રાણીને આ સાંભળી ઉદ્વેગ થયો. તેમને તો મોહ વ્યાપ્યો હતો. તેણે તરત જ કહ્યું : 'બ્રહ્મચારી ! વિચાર કરો. અત્યારે તો બાળઅવસ્થા છે પરંતુ જોબન અવસ્થા આવશે ત્યારે સ્ત્રી વિના ટળવળશો. મોટા મોટાનાં માન કામદેવે તોડ્યાં છે. તે તમને છોડશે ?'

નીલકંઠને રાણીની દયા આવી. તેમણે કહ્યું : 'અમારે તો સુખમાત્ર વનમાં જઈને પરમાત્માનું ચિંતવન કરવું તેમાં જ છે.'

રાણીને પોતાના પગ નીચેથી પૃથ્વી જાણે સરકતી હોય તેવું લાગ્યું. શું વર્ણી ચાલ્યા જ જશે ? રાણીએ જંગલી પશુઓની બીક બતાવી પણ વર્ણીએ રાણીના મનનો તાગ લેતાં બેફિકરાઈથી કહ્યું : 'મા, વનની કે વનનાં રાની પ્રાણીઓની કે ટાઢ તડકાની મને બીક નથી લાગતી. બીક તો વાસનાની રાખવી જોઈએ. હું તો તેની મોહજાળમાંથી મનુષ્યોને છોડાવવા, અને મારા દિવ્ય અક્ષરધામનું સુખ આપવા પ્રકટ થયો છું. તમારા રાજ્યમાં કે તમારી કુંવરીઓમાં બંધાવા હું નથી આવ્યો. પરંતુ ભાવપૂર્વક તમે સૌએ મારી સેવા કરી છે તેથી તમને અભય કરી મારું અક્ષરધામ આપીશ.'

રાણીના અંતરના પડદા ખૂલી ગયા. અનિમેષ નેત્રે નીલકંઠ વર્ણીનાં દર્શન કરતી રાણીને સમાધિ થઈ ગઈ ! નીલકંઠ ચાલ્યા ગયા. રાણી સમાધિ અવસ્થામાંથી જાગ્રત થઈ ત્યારે તેની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી.



બંને કુંવરીઓએ માતાને કહ્યું : 'મા ! આ નિર્વિકારી દિવ્ય પુરુષ આપણે ઘેર આવીને રહ્યા છે તો તેમની મરજી સમજીને તેમની સેવા કરો. કોઈ વાતનો આગ્રહ રાખશો નહિ. પ્રેમથી તેમને અંતરમાં જ રાખવાનો આગ્રહ રાખો અને આ મિથ્યા મોહ તમે છોડી દ્યો.'

કુંવરીનાં આ વચનો રાણીને અમૃત જેવાં લાગ્યાં. સુશીલા અને ઈલા નીલકંઠના આવાસમાં ગયાં ત્યાં નીલકંઠ સ્વસ્તિક આસને ધ્યાનમાં બેઠા હતા. છુપાઈને તેમણે તેમનાં દર્શન કરી લીધાં. ધીમે પગલે અંદર આવી તેમની પથારી ઠીક કરી દીધી. જળનો કટોરો અને ફળ મૂક્યાં અને પછી બન્ને કુંવરીઓ ત્યાંથી ચાલી ગઈ.

નીલકંઠ કેટલાય સમય સુધી એ પ્રમાણે ધ્યાનમાં બેસી રહ્યા. રાત્રિ ક્યારે પડી, મધરાત ક્યારે થઈ તેની તેમને ખબર રહી નહિ. એકાએક તે જાગ્રત થયા અને જોયું તો રાત્રિની નીરવ શાંતિ પ્રસરી હતી. મહેલના તોતિંગ દરવાજા બંધ હતા. નીલકંઠે વિચાર્યું કે આ રાજારાણી અને કુંવરીઓનું કલ્યાણ નિશ્ચિત થઈ ગયું છે. હવે મારે અહીંથી ચાલી નીકળવું જોઈએ. અને વીજળીના ઝબકારાની જેમ સડસડાટ વર્ણીરાજ ત્યાંથી અજાણી વાટે નીકળી ગયા.

સવારે સુશીલા તથા ઈલા ઉપર આવ્યાં ત્યારે નીલકંઠને ન જોતાં તેમને ફાળ પડી, જરૂર નીલકંઠ ચાલ્યા ગયા. દોડતાં જઈને રડતાં રડતાં રાણીને ખબર આપ્યાં. મા આ આઘાત જીરવી ન શકી અને પૃથ્વી ઉપર ઢળી પડી ! મહેલમાં રડારોળ થઈ ગઈ.

રાજાને પણ આ વજ્રપાત થયું હોય તેમ લાગ્યું. જેમ જેમ રાજ્યમાં ખબર પડતી ગઈ, તેમ તેમ લોકોનાં ટોળાં મહેલ પાસે આવવા લાગ્યાં. રાજાએ હુકમ છોડ્યો : 'દસ દસ ઘોડેસવારો દોડાવો. બધી દિશામાં તપાસ કરો. નીલકંઠને લીધા વિના કોઈ પાછા આવશો નહિ.'

ચારે તરફ ઘોડા દોડ્યા અને દિશાઓ ગાજી પણ નીલકંઠનું પગેરું મળ્યું નહીં. વીસ વીસ કોસ સુધી રાજા પોતે ઘૂમી વળ્યો. નીલકંઠની ભાળ મળી નહીં. તેનું હૃદય વિરહની વેદનાથી વલોવાવા લાગ્યું. રાજાને નીલકંઠે

આકાશવાણી દ્વારા ધીરજ આપીને સૌરાષ્ટ્રમાં પોતાનો યોગ થશે એમ વરદાન આપ્યું.

## ૧૧. ઘોર જંગલમાં પ્રવેશ

નીલકંઠે હવે નેપાળના કાળાપર્વતની વાટ પકડી. આ ભયાનક માર્ગ પર જવાની કોઈ હિંમત કરતું ન હતું. એક મહિના સુધી નીલકંઠ ચાલ્યા ત્યારે કાળા પર્વતની તળેટીમાં આવેલાં ગાઢ જંગલોમાં પ્રવેશ્યા.

આ ઘાટાં જંગલોમાં સૂર્યનાં કિરણો પૃથ્વીને સ્પર્શી શકતાં નહોતાં. નીલકંઠના પગના સ્પર્શથી નીચે પડેલાં સૂકાં પાંદડાંમાંથી સર્પો સડસડાટ ચાલતા બહાર આવી જતા. ગેંડા, અરણા પાડા વગેરે ભયાનક હિંસક જંગલી જનાવરો આમતેમ દોડતા હતા. ચારેકોરથી હિંસક પશુઓનો અવાજ સંભળાય. માર્ગમાં વીંછી, સાપ, કરચલાં અને કેટલાંય જીવજંતુઓ. એ બધામાં નીલકંઠ ઉઘાડે પગે ચાલ્યા જતા હતા.

નીલકંઠને હવે પુલહાશ્રમ પહોંચવું હતું. ત્રણ દિવસ અને ત્રણ રાત થયાં, પણ વિસામો ખાવાનું સ્થળ મળે નહિ. ચાર દિવસના કોરાકડાકા થયા. હવે શરીરમાં શક્તિ રહી ન હતી. ચાલતાં ચાલતાં નીલકંઠ મૂર્છાવશ થઈ ગયા. જાગૃત થયા ત્યારે થોડે દૂર એક નદી જોઈ. શરીરને ઘસડીને નદી સુધી પહોંચ્યા અને તેમાં નાહ્યા. શાલિગ્રામને નવરાવીને ઠંડું પાણી ધર્યું. પછી ફળફળાદિ શાલિગ્રામને ધરાવીને પોતે થોડું જમ્યા. પછી આસન જમાવીને સંધ્યા વંદન કર્યું.

આજે નીલકંઠને ઘરેથી નીકળ્યાને એક વર્ષ અને તેંતાલીસ દિવસ પૂરા થયા હતા. આ. સં. ૧૮૫૦ની શ્રાવણ વદ અષ્ટમીનો એ દિવસ હતો.

## ૧૨. ભૂતોનો નાશ અને યોગીઓનો મોક્ષ

નીલકંઠ એક વિશાળ વડની નીચે ધ્યાનસ્થ થઈ બેઠા હતા. પવનપુત્ર હનુમાનજી એક વૃક્ષ પર ચડીને નીલકંઠનાં દર્શન કરતા હતા. અડધી રાત થઈ. પ્રકૃતિએ તેનું સ્વરૂપ રૌદ્ર કર્યું હતું. ભયંકર અવાજો ચારે બાજુથી આવવા લાગ્યા. દૂર દૂર ભડકા દેખાયા. થોડી વારમાં બિહામણા આકાર પાસે આવવા લાગ્યા.



પવનપુત્ર હનુમાનજી સચેત થઈ ગયા. તેમણે જોયું તો કેટલાય ભૂત ચારેકોરથી વડ તરફ આવી રહ્યાં હતાં. કેટલાંક ઠીંગણાં તો કોઈ ધીંગાં, કોઈ તાડના ઝાડ જેવાં ઊંચાં તો કોઈ જાડાં, લાંબા લાંબા દાંતવાળાં તો કોઈ માથે શિંગડાંવાળાં, મોટી મોટી લાલ લાલ આંખો અને લાંબા લાંબા નખવાળાં. ચિચિયારીઓ પાડતાં, હૂ...હૂ...હૂ..., બૂ...બૂ...બૂ..., હી...હી...હી..., અવાજ કરતાં ભૂતો વડના ઝાડ પાસે આવવા લાગ્યાં.

એ બધાં ભૂતોનો રાજા હતો કાળભૈરવ. તે સૌથી આગળ. તેના હાથમાં અણીદાર ભાલો હતો.

કાળભૈરવ કહે : 'ચાલો, સૌ તૂટી પડો પેલા છોકરા ઉપર, પેલા વાંદરા પર. બંને આપણો શિકાર છે માટે તેને ઉપાડો.'

આ સાંભળી હનુમાનજી જોશથી હૂંકાર કરીને ભૂતો ઉપર ધસ્યા. એમણે પર્વત જેવું વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. ચારેકોર પૂંછડું વીંઝીને ભૂતોને મારવા લાગ્યા. કેટલાકને પૂંછડાથી બાંધીને પછાડ્યા. વનમાં ચીસાચીસ અને દોડાદોડ થઈ ગઈ. કેટલાંય ભૂતો બીકનાં માર્યાં ભાગ્યાં. કેટલાય પછડાતાં અથડાતાં દૂર જઈને સંતાઈ ગયાં. આ ચીસાચીસ અને ધમાલથી વનનાં પશુ-પંખીઓ પણ જાગી ગયાં.



આ બધું જોઈ ભૂતોનો રાજા કાળભૈરવ ક્રોધે ભરાયો. તે હનુમાન તરફ ધસ્યો. પવનપુત્ર હનુમાનજી તો એક જ કૂદકે તેના ઉપર તૂટી પડ્યા. હનુમાનજીએ કાળભૈરવને પૂંછડે વીંટીને પકડ્યો. પછી બે હાથની બે મુઠ્ઠીઓ જોરથી કાળભૈરવના માથા પર મારી. તેનું આખું માથું ધડમાં ઊતરી ગયું. લોહીની ધાર છૂટી. બીજાં ભૂતો ભયનાં માર્યાં નાસી ગયાં. રાત પૂરી થવા આવી. બધું શાંત થઈ ગયું.

સવાર થયું. નીલકંઠ ઊઠ્યા. નાહીધોઈને પૂજા કરી. હનુમાનજી મીઠાં ફળો લઈ આવ્યા. નીલકંઠ ફળો જમ્યા અને પ્રસાદીનાં થોડાં ફળો હનુમાનજીને આપ્યાં. હનુમાનજી પર પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યા.

ત્યાંથી પર્વત પર ચડવા લાગ્યા. જેમ જેમ પર્વત પર ચડતા હતા, તેમ તેમ ઘોર વન આવતું હતું. પર્વતની ઉપર પહોંચ્યા ત્યાં તો ગાઢ જંગલ. દિવસે પણ અંધારું રહે તેવી ગીચ ઝાડીઓ.

ત્યાં જંગલની વચ્ચોવચ્ચ, કેટલાય યોગીઓ તપ કરતા હતા. તેમણે નીલકંઠને જોયા. નીલકંઠને જોઈને તે અતિ પ્રસન્ન થયા. તેમને થયું : ‘આજે સાક્ષાત્ ભગવાન દર્શન દેવા આવ્યા છે. આપણી ઘણાં વર્ષોની તપશ્ચર્યા ફળી.’

તેમણે નીલકંઠને સન્માન કરીને બોલાવ્યા. પર્ણકુટીમાં રહેવાની જગ્યા સાફ કરી આપી. સરોવરમાં સાથે લઈ જઈને સ્નાન કરાવ્યું. નીલકંઠે પૂજા કરીને પૂછ્યું : ‘અહીં તો બધી જંગલી વનસ્પતિ છે. કાંઈ ફળફૂલ ખાવા મળશે ?’

આ સાંભળી યોગીઓ કહે : ‘અમારી પાસે અક્ષયપાત્ર છે. રોજ બપોરે જે જોઈએ તે ખાવાનું તૈયાર મળે છે.’

ચાર દિવસ સુધી નીલકંઠની યોગીઓએ ખૂબ સેવા કરી. રોજ જુદી જુદી વસ્તુ ઇચ્છા કરીને અક્ષયપાત્રમાંથી કાઢે અને નીલકંઠને જમાડે. પાંચમે દિવસે ત્યાંથી આગળ જવા તૈયાર થયા ત્યારે બધા યોગીઓ નીલકંઠને પગે પડ્યા અને બોલ્યા, ‘તમારી ભક્તિ અમને શીખવો. અમારો મોક્ષ કરો.’

નીલકંઠે રાજી થઈને કહ્યું, ‘હજી થોડો વખત તમે ધ્યાન કરો. અમે સૌનું કલ્યાણ કરવા જ નીકળ્યા છીએ. અમે ફરતાં ફરતાં જ્યારે નવલખા પર્વતમાં પહોંચીશું અને નવ લાખ યોગીઓનું કલ્યાણ કરીશું, ત્યારે તમારું



પણ કલ્યાણ કરીશું.’ આ સાંભળી બધા યોગીઓ ખૂબ રાજી થયા અને નીલકંઠને ભાવભરી વિદાય આપી.

## ૧૩. હિમાલય સાથે મેળાપ

નીલકંઠ નેપાળના હિમાલયનાં ગાઢ જંગલો વચ્ચેથી ચાલ્યા જ જાય છે. બે મોટા પર્વતો ધવલગિરિ અને શ્યામગિરિની વચ્ચેની ઊંડી ખીણમાં નીલકંઠ ચાલી રહ્યા હતા. ચાલતાં ચાલતાં આગળ પાણીનો ધસમસતો પ્રવાહ જોયો. ખીણમાં બે પહાડો વચ્ચે થઈને પાણીનો જોરદાર ધસમસતો પ્રવાહ વહી રહ્યો હતો. તેમાં થઈને જ આગળ જવાય તેમ હતું. હવે આગળ કોઈ રસ્તો હતો નહિ. નીલકંઠને તો ગમે તેમ કરીને પુલહાશ્રમ પહોંચવું જ હતું.

તેવામાં પર્વતોના દેવ હિમાલય મૂર્તિમાન સ્વરૂપ ધારણ કરીને નીલકંઠ પાસે આવ્યા. નીલકંઠને દંડવત્ પ્રણામ કરીને પૂછ્યું, ‘હે કૃપાનાથ, ક્યાંથી પધાર્યા ? આપનો સંકલ્પ મને કહો. હું આપની સેવા અને દર્શન કરવા આવ્યો છું.’

આ સાંભળી નીલકંઠ બોલ્યા, ‘અમારે પુલહાશ્રમ તપ કરવા જવું છે. અમે માર્ગ ભૂલ્યા છીએ. માટે અમને પુલહાશ્રમનો માર્ગ બતાવો.’



હિમગિરિએ કહ્યું : 'મહારાજ ! આ બંને પર્વત વચ્ચેથી પાણીનો જે પ્રવાહ આવે છે તેમાં થઈને જ આગળ જવાશે. પરંતુ એ માર્ગ ખૂબ વિકટ છે. તેમાં ઝેરી સર્પો, કરચલાં, કાચબા અને માછલાંઓ છે. વળી મગર પણ મીટ માંડીને બેઠા હોય છે. માટે આપ કૃપા કરીને એ માર્ગે ન જશો.'

હિમગિરિને વિચાર કરતા મૂકીને નીલકંઠે પાણીના એ ભયંકર ધસમસતા ઊંડા પ્રવાહમાં ઝંપલાવ્યું. સામા પ્રવાહમાં આખી રાત ચાલ્યા ત્યારે પ્રાતઃસમયે નીલકંઠ ગુફામાંથી બહાર નીકળ્યા. કાલી ગંડકીના કિનારે કિનારે આગળ વધ્યા.

ચાલતાં ચાલતાં અનેક વિઘ્નો પાર કરતાં કરતાં નીલકંઠ ૧૨,૫૦૦ ફૂટ ઊંચાઈએ મુક્તિનાથના તીર્થધામમાં પહોંચી ગયા.

## ૧૪. પુલહાશ્રમમાં આકરું તપ

માત્ર ૧૨ વર્ષની ઉંમરે પુલહાશ્રમ પહોંચીને તપ કરવાનું પોતાનું બીજું લક્ષ્ય નીલકંઠે પાર પાડ્યું. નીલકંઠ મુક્તિનાથ પહોંચ્યા ત્યારે શ્રાવણ મહિનાના છેલ્લા દિવસો હતા. નીલકંઠે મુક્તિનાથનાં દર્શન કર્યાં અને પુલહાશ્રમની જગ્યા પસંદ કરી. પુલહાશ્રમની જગ્યા એકાંત અને અતિ રમણીય હતી. અહીં બ્રહ્માના પુત્ર પુલહે તપ કર્યું હતું. અહીં ભરતકુંડ પાસે યુગો પહેલાં ભરતજીએ તપશ્ચર્યા કરેલી. નીલકંઠે ભરતકુંડ પાસે તપશ્ચર્યા કરવાનો નિર્ણય લઈ લીધો.

ચાતુર્માસના ભયંકર વાવાઝોડા અને વરસાદ વચ્ચે નીલકંઠ વર્ણીએ આકરું તપ શરૂ કર્યું. હાડ ગાળી નાખે એવા ઠંડીના સૂસવાટાઓ વચ્ચે નીલકંઠ તપમાં લીન થઈ ગયા. હાથ ઊંચા કરીને એક પગે તપશ્ચર્યા શરૂ કરી. માથે મોટી જટા, પાતળું શરીર, ગૌર વર્ણ અને નાસિકાના અગ્ર ભાગે આંખોની સ્થિરતા. ભૂખતરસની પરવા તજી દીધી. અખંડ ઉપવાસ કરતાં કરતાં, ઉઘાડે શરીરે ટાઢ, વરસાદની ઝડીઓ ઝીલતાં, તેમણે તપ કર્યું.

નીલકંઠનું શરીર તપશ્ચર્યાથી ઓગળવા લાગ્યું. તેમના શરીરનું એકેએક હાડકું દેખાવા લાગ્યું. તેમના શરીરની નાડીઓ ઊપસી આવી. કોમળ શરીર તદ્દન કૃશ થઈ ગયું. એ જ પુલહાશ્રમના વનમાં બીજા પણ કેટલાક યોગીઓ અને મુનિઓ રહેતા હતા. તેઓ આટલી કુમળી વયના નીલકંઠનું તપ જોઈને



અવાક્ થઈ ગયા. તેઓ સવાર-સાંજ નીલકંઠ સામું જુએ પણ નીલકંઠ તપમાંથી ડગે જ નહિ.

નીલકંઠની તપશ્ચર્યાથી તેમને મનમાં થયું, 'આવું ઊગ્ર તપ પૂર્વે કોઈએ પણ કર્યું હોય તેવું પુરાણ કે ઇતિહાસમાં સાંભળ્યું નથી. નક્કી સાક્ષાત્ નારાયણ જ આવું આકરું તપ કરવા આવ્યા લાગે છે !'

તેઓ રોજ નીલકંઠને આવીને પગે લાગે અને પ્રાર્થના કરે, 'હે દેવ ! અમારામાં વૈરાગ્યના અને તપના ગુણો આપો.'


નીલકંઠની બે બાજુ અંતરીક્ષમાં ધર્મદેવ અને ભક્તિમાતા દિવ્યદેહે તેમની રક્ષા કરતાં ઊભાં. 'ખમ્મા, ખમ્મા મારા પુત્ર !' એમ બોલતાં તેઓ પણ પ્રાર્થના કરે. બીજી બાજુ અંતરિક્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ દર્શન કરતાં સેવામાં ઊભા રહે.

નીલકંઠે ચાતુર્માસનો સમય આ કઠોર તપમાં ગાળ્યો. આ. સં. ૧૮૫૦ની કાર્તિક સુદ એકાદશીની વહેલી સવારે સૂર્યનારાયણ સાક્ષાત્ મૂર્તિમાન મનુષ્ય જેવું રૂપ ધરીને પ્રગટ થયા.

નીલકંઠે આનંદ પામી સૂર્યનારાયણને કહ્યું : 'મારું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત અખંડ રહે અને જ્યારે જ્યારે તમારું સ્મરણ કરું ત્યારે તમારાં સાક્ષાત્ દર્શન થાય તેવું વરદાન આપશો.'

સૂર્યનારાયણે હાથ જોડીને કહ્યું : 'હે પ્રભુ ! આપ તો નિર્દોષ જ છો. આપના વડે તો અમારી મોટાઈ છે. આપની કૃપાથી અને આપની ઉપાસનાથી મને પ્રકાશ પ્રાપ્ત થયો છે. આપ સર્વ અવતારના અવતારી સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો. આપ સદા નિર્દોષ છો. આપને વરદાન આપવાવાળો હું કોણ ? પરંતુ બ્રહ્મચર્યથી જ બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થાય છે એ સિદ્ધ કરવા આપ આ તપશ્ચર્યા કરી રહ્યા છો. આપનામાં તમામ કલ્યાણકારી ગુણો સિદ્ધ છે. છતાં આપે માંગ્યું છે તે યથાર્થ થશે. પૃથ્વી ઉપર લોકો ત્યાગ, વૈરાગ્ય અને આપના જેવું તપ શીખે તે માટે આપે આટલું આકરું તપ કર્યું.'

સૂર્યનારાયણે વળી હાથ જોડીને કહ્યું : 'હે સ્વામી, મને કૃપા કરીને તમે સંભાર્યો તેથી હું ધન્ય થયો છું. જ્યારે મારી સેવાની જરૂર હોય, ત્યારે આપ મને અવશ્ય સંભારશો. હું જરૂર આપની સેવામાં હાજર થઈશ.' આટલું કહી વંદન કરી સૂર્યનારાયણ અદૃશ્ય થઈ ગયા.



મુક્તિનાથનાં દર્શન કરી નીલકંઠે હવે વિદાય લીધી. પોતાનો તપશ્ચર્યા કરવાનો સંકલ્પ પૂરો થયો તેનો તેમને આનંદ હતો. તપશ્ચર્યા કરવાનો હેતુ પણ એ જ હતો કે આ લોકમાં એક ઊંચો આદર્શ બેસે. વિવિધ ભોગમાંથી સંકોચ રાખીને કલ્યાણ પથ પર ચાલવાની મુમુક્ષુઓને પ્રેરણા મળે તે માટે જ નીલકંઠે આ ઊગ્ર તપશ્ચર્યા કરી હતી.

અત્યંત કૃશ શરીરે તેજસ્વી નીલકંઠે પર્વતીય ઢોળાવો અને ગાઢ જંગલો પસાર કરીને પોખરાની વાટ લીધી.



# ૧૫. મોહનદાસને નીલકંઠનો મેળાપ

અઘોર વનમાં સડસડાટ ગતિથી ચાલ્યા જતા નીલકંઠને જોઈને મોહનદાસ નામના એક સાધુને અત્યંત આકર્ષણ થયું. તેના અંતરમાં દર્શન કરતાં જ શાંતિ થઈ ગઈ. તેને લાગ્યું કે આ કોઈ વિભૂતિ પુરુષ છે. નીલકંઠનાં ચરણોમાં પ્રણામ કરી તેણે પૂછ્યું : ‘બ્રહ્મચારી ! હિમાલયની તળેટીમાં જતા હું માર્ગ ભૂલ્યો છું. પણ આવા ભયંકર નિર્જન વનમાં આ કિશોર વયમાં શા માટે નીકળી પડ્યા છો ?’

નીલકંઠે કહ્યું : ‘હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા ફરું છું.’

મોહનદાસને થયું કે નીલકંઠ ચોક્કસ મને સાચો માર્ગ બતાવશે. તેણે હવે નીલકંઠની સાથે જ રહેવા નક્કી કર્યું. નીલકંઠે પણ પોતાની સાથે આવવા સંમતિ આપી. નીલકંઠે જોયું કે મોહનદાસ મુમુક્ષુ છે છતાં જગતના સારા પદાર્થોમાં તેનું મન ખેંચાય પણ છે. નીલકંઠને કોઈકે પાણી માટે સુંદર કઠારી ભેટ આપી હતી. મોહનદાસને આ કઠારીમાં મોહ હતો. તેને કઠારી જોઈતી નહોતી પરંતુ નીલકંઠના દર્શન કરતાં કરતાં કઠારીમાં તેની વૃત્તિ રહેતી હતી.

માર્ગે ચાલતા એક નદી આવી. તેમાં પડેલા પથ્થરો પર લીલ બાઝી હતી. નદી ઓળંગતાં ઓળંગતાં નીલકંઠને મોહનદાસે કહ્યું : ‘બ્રહ્મચારી ! સાચવજો, પથરા ઉપર પગ મૂકતા લપસશો તો કઠારી તૂટી જશે.’

નીલકંઠ તેની ક્ષુદ્રતા જોઈ હસવા લાગ્યા. નદીને સામે કાંઠે પહોંચીને એક પથરા સાથે અફળાવીને તેમણે કઠારી તોડી નાંખી.

મોહનદાસે આશ્ચર્યવત્ બૂમ પાડી : ‘અરે અરે ! નીલકંઠ ! આ તમે શું કર્યું ? આવી સુંદર કઠારી તોડી નાંખી ?’

નીલકંઠે કહ્યું : ‘ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને બદલે આ લોકના પદાર્થોમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે ?’ મોહનદાસને પોતાના મોહનું ભાન થયું. નીલકંઠના ચરણોમાં તે નમી પડ્યા.

થોડા દિવસો પછી એક ઊંચા ઝાડ પરથી કેરીના ફળ જેવડાં જાંબુડિયા રંગનાં ફળો નીચે પડ્યાં હતાં. નીલકંઠ તે લઈને જમવા માંડ્યા. મોહનદાસને પણ જમવાની ઈચ્છા થઈ. પરંતુ નીલકંઠે કહ્યું : ‘આ ઝેરી ફળો છે તું ખાઈશ

તો મરી જઈશ. મોહનદાસે તે ફળ નાંખી દીધાં. થોડીવાર પછી ચાર ખાખી બાવાઓ ત્યાં આવ્યા. નીલકંઠને ફળ ખાતા જોઈ તે પણ ફળ તોડવા માંડ્યા.

નીલકંઠે મોહનદાસને કહ્યું : 'તેમને કહો કે આ ફળ ન ખાય.'

મોહનદાસે ખાખી બાવાઓને કહ્યું કે આ ઝેરી ફળ છે ખાશો નહિ, મરી જશો. પરંતુ ખાખી બાવાઓને મદ હતો. તેમણે તાડૂકીને કહ્યું : 'પેલો બ્રહ્મચારી કેમ ખાય છે ?'

મોહનદાસે કહ્યું : 'એ તો મહાપુરુષ છે !'

પેલા ખાખીઓ ગર્વમાં કહે : 'તો અમે પણ મહાપુરુષો છીએ.' એમ કહીને તેમણે ફળો ખાધાં અને ત્યાંને ત્યાં જ મૃત્યુ પામ્યા.

આગળ ચાલતા કોઈક તીર્થ સ્થાનમાં મોહનદાસને રહી જવાની આજ્ઞા કરી નીલકંઠ આગળ ધપ્યા.[૧]

## ૧૬. મહાદત્ત રાજાના મહેલમાં

નીલકંઠે પોખરાની વાટ લીધી. આગળ ચાલતાં તિબેટને દૂરથી જોયો. નીલકંઠ વર્ણી કોઈ એવી પુણ્યભૂમિની પ્રતીક્ષા કરતાં કરતાં આગળ ચાલ્યા જ જાય છે. ચાલતાં ચાલતાં નીલકંઠ વર્ણીએ એક સુંદર શહેર જોયું. બુટોલનગર તેનું નામ હતું. નદીના કાંઠે સુંદર બગીચામાં માલિકની રજા લઈને નીલકંઠે રહેવાનો વિચાર કર્યો.

તેમાં બાવાઓની જમાત ઊતરી હતી. રોજના નિયમ પ્રમાણે આ નગરનો રાજા મહાદત્ત અને તેની બહેન માયારાણી સવારે બાગમાં આવ્યાં. તમામ વૈરાગીઓને નમસ્કાર કરતાં કરતાં તેમનો ચરણસ્પર્શ કરતાં કરતાં નીલકંઠ વર્ણી પાસે આવ્યાં.

વર્ણીની મોહક કાંતિ, તપથી કૃશ થયેલું દેહ, કિશોરઅવસ્થા જોઈ રાજા અને તેમનાં બહેન માયારાણીના અંતરમાં દિવ્યતાનો અનુભવ થયો. નીલકંઠ વર્ણીનો દેહ દેખીને તેમની આંખમાં આંસુ આવી ગયાં. મહાદત્તે અને મયારાણીએ નીલકંઠના ચરણોમાં નમીને પૂછપરછ કરી અને બગીચાના

૧. થોડા વર્ષો પછી દ્વારિકાની યાત્રાએ જતા મોહનદાસને રસ્તામાં સૌરાષ્ટ્રમાં ભગવાન સ્વામિનારાયણનાં દર્શન થયાં હતાં અને તેમની પાસે દીક્ષા લઈ મોટા 'વ્રજાનંદ સ્વામી' બન્યા હતા.



બંગલામાં ઊતરવા આગ્રહ કર્યો.

મહાદત્તના ભાવથી નીલકંઠે બંગલામાં રહેવાનું કબૂલ રાખ્યું. બંગલામાં એક જુદા જ કમરામાં નીલકંઠને ઉતારો આપ્યો. વેરાગી બાવાઓના અંતરમાં ઈર્ષાની આગ ભભૂકવા લાગી. રાજા દરરોજ નીલકંઠ પાસે આવીને નીલકંઠના મધુર અવાજમાં જ્ઞાનગોષ્ઠિ કરે છે. નીલકંઠ તેમને જે શુદ્ધ જ્ઞાન આપતા હતા તે જ્ઞાન કદી સાંભળ્યું ન હતું. નીલકંઠની વાણી તેને દિવ્ય લાગી.

આ બગીચામાં રાજાની કુંવરી તેની સખીઓ સાથે રમવા આવતી. તેમને જોઈ બાવાઓ ગેલમાં આવી જતા. પરંતુ નીલકંઠ સદા નીચી દૃષ્ટિ રાખી બેસતા અથવા ધ્યાનમગ્ન થઈ રહેતા. નીલકંઠનાં દર્શનથી કુંવરીને તથા તેની સખીઓને આનંદ થતો જ્યારે બાવાઓની દૃષ્ટિમાં તેમને વિકાર દેખાતો. કુંવરીએ તથા તેની સખીઓએ મહાદત્તને જ્યારે આ વાત કરી ત્યારે મહાદત્તને નીલકંઠની વિશેષ મહત્તા સમજાઈ.

મહાદત્ત રાજાએ તથા તેમનાં બહેને નીલકંઠને પોતાના મહેલમાં રહેવા ખૂબ આગ્રહ કર્યો. પરંતુ નીલકંઠે ના પાડી. તેમનો ભાવ જોઈ નીલકંઠે રોજ જમવા જવાનું સ્વીકાર્યું. રોજની આ પ્રમાણેની ભાવપૂર્વકની સેવાથી માયારાણી તથા મહાદત્તનું અંતર શુદ્ધ થઈ ગયું. નીલકંઠે હવે તેમને પોતાના દિવ્યસ્વરૂપનું દર્શન કરાવ્યું. રાજા અને તેમનાં બહેન ધન્ય થઈ ગયાં.

હવે પોતાનું કાર્ય પૂરું થયું જાણી, નીલકંઠે વિદાયની તૈયારી કરવા માંડી. કેડે મૃગચર્મ વીંટાળી લીધું, કંઠે શાલિગ્રામ બાંધી દીધા, હાથમાં કમંડલું લઈ લીધું. રાજા-રાણીને ખબર પડતાં તેમણે ગદ્‌ગદ ભાવે કહ્યું : 'મહારાજ ! આટલો વખત ભેગા રહ્યા. આપના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને હવે એકાએક આપે આ શી તૈયારી કરી ? કુંવર અને કુંવરીએ પણ આપના સંબંધે વ્રત લઈ નિયમો લીધા છે. અમો બધાં આપના વગર શી રીતે જીવી શકીશું ?'

નીલકંઠે કહ્યું : 'રાજન્ ! મારે હવે જવું જોઈએ. અનેક મુમુક્ષુઓ મારી વાટ જુએ છે.'

છતાં તેમના અતિ આગ્રહથી નીલકંઠે બધી સામગ્રી પાછી મૂકી દીધી. પરંતુ કોઈ ન જાણે એમ રાત્રે છાના ચાલી નીકળ્યા. સવારે માયારાણીને ખબર પડતાં ચારે બાજુ ઘોડેસવારો દોડાવ્યા. દસ ગાઉ દૂર નીકળી ગયેલા નીલકંઠને પ્રાર્થના કરીને પાછા લાવ્યા.

નીલકંઠનો સમાગમ કરી અંતે રાજા અને માયારાણી મોહમાંથી મુક્ત થયાં. તે બંને પાસે નીલકંઠને જે કરાવવું હતું તે સિદ્ધ થયું તેથી નીલકંઠ હવે ફરી નીકળવા તૈયાર થઈ ગયા. અહીં કુલ પાંચ માસ રોકાઈને નીલકંઠ આગળ ધપ્યા.

## ૧૭. ગોપાળ યોગીનો મેળાપ

લગભગ એક વર્ષ સુધી હિમાલયનાં આ જંગલોમાં નીલકંઠ એકલા ફર્યા. ટાઢ, તડકો, વરસાદ, ભૂખ, તરસ, ભયંકર પ્રાણીઓ... કશાની પરવા કર્યા વગર ફર્યા. ચાલતાં ચાલતાં એક દિવસ સાંજે તેઓએ એક ઘેઘૂર વડના ઝાડ નીચે એક શિલા પર મૃગચર્મ પાથરી એક વૃદ્ધ યોગીને જોયા. તેમનો એક હાથ પવનપાવડી ઉપર અને બીજો હાથ ગોઠણ પર ટેકવેલો હતો. સ્વસ્તિક આસનની પલાંઠીવાળી હતી. ધ્યાનમાંથી તેમની આંખો આપોઆપ ખૂલી ગઈ. તેમની નજર નીલકંઠ તરફ ખેંચાઈ. તેમના અંતરમાં ભક્તિભાવનો હિલોળો આવ્યો. એમણે નીલકંઠ સામે દોટ મૂકી. નીલકંઠને તેઓ ભેટી પડ્યા. સાક્ષાત્ ભગવાન મળ્યાનો આનંદ એ યોગીની આંખમાંથી આંસુ બનીને વહેતો હતો.

ઘણીવાર સુધી ભેટીને બન્ને છૂટા પડ્યા ત્યારે બન્નેની આંખમાં આંસુ હતાં. યોગી બોલી ઊઠ્યા : 'ભગવન્ ! બહુ રાહ જોવડાવી !'

એ યોગીને અંતરમાં દૃઢ પ્રતીતિ થઈ ગઈ હતી કે આ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ નારાયણ સામે ચાલીને તેમને દર્શન દેવા આવ્યા છે. તેમ છતાં તેમણે ઔપચારિક રીતે અજાણ્યા બનીને પોતાનું કથન કહેતાં કહ્યું : 'મારું નામ ગોપાળ યોગી. આજ સુધી ક્યારેય મારું મન કોઈમાંય તણાયું નથી. ક્યારેય ધ્યાનમાંથી મારી આંખો ખૂલી નથી. પરંતુ આજે તમે અહીં વૃક્ષની નજીક આવ્યા ત્યાં મારી આંખો ખૂલી ગઈ. મારું મન અને આંખો તમારામાં ખેંચાઈ ગયાં. માટે હે બાળયોગી, તમે કોણ છો ? હું અષ્ટાંગયોગ સિદ્ધ ઋષિ છું. પરંતુ મને તમારી ઓળખાણ આપો.'

નીલકંઠે પણ તેમના ભાવને પીછાણીને કહ્યું, 'અમે આત્મા, અક્ષરબ્રહ્મ એ સર્વથી પર પરબ્રહ્મ છીએ. પરંતુ લોકની દૃષ્ટિએ કહું તો હું બ્રાહ્મણપુત્ર છું. ત્રણ વર્ષ પહેલાં ગૃહત્યાગ કર્યો ત્યારથી વનમાં ફરું છું. કઠોર તપશ્ચર્યા કરી સૂર્યનારાયણને પ્રસન્ન કર્યા છે. અષ્ટાંગયોગ સિદ્ધ કરવાની અભિલાષા છે.





લોકો મને નીલકંઠ વર્ણી કહી બોલાવે છે. આપ મને આપનો શિષ્ય બનાવી યોગ શીખવો.' આ પ્રત્યુત્તર સાંભળી ગોપાળયોગી અતિશય રાજી થયા. તેમણે નીલકંઠને પોતાની પાસે રાખ્યા. તેઓ રોજ સવાર-સાંજ યોગ શીખવે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ... એ બધું જ નીલકંઠે સિદ્ધ કર્યું. અષ્ટસિદ્ધિઓ પ્રાપ્ત કરી. કુંજર, ધોતી, નેતિ, બસ્તિ... એવી યોગક્રિયાઓ શીખ્યા. બ્રહ્મવિદ્યા, અક્ષિવિદ્યા, દહરવિદ્યા એવી વિદ્યાઓ પ્રાપ્ત કરી. એમ એક વર્ષ ગોપાળ યોગી પાસે રહ્યા. બીજા યોગીઓ આખી જિંદગીમાં ન શીખી શકે એવી બધી જ યોગકળા નીલકંઠે એક વર્ષમાં સિદ્ધ કરી લીધી.

ગોપાળ યોગીની સેવા પણ નીલકંઠે ખૂબ કરી. ગોપાળ યોગીએ નીલકંઠને યોગ શીખવ્યો. નીલકંઠે ગોપાળ યોગીને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. બ્રહ્મજ્ઞાન આપ્યું. ગોપાળ યોગીને પોતાના સ્વરૂપમાં સાક્ષાત્ નારાયણનાં દર્શન કરાવી દિવ્ય ગતિ આપી.

## ૧૮. કાઠમંડુમાં રાજાને આશીર્વાદ

પર્વતો અને જંગલોમાંથી પસાર થતાં નીલકંઠ વર્ણી નેપાળ કાઠમંડુમાં

આવ્યા. તે સમયે(સને ૧૭૯૬ની આસપાસ) નેપાળમાં પૃથ્વીનારાયણ સહાનો પૌત્ર રણબહાદુર ગાદી ઉપર હતો. ગોરખા રાજ્યના રાજા પૃથ્વીનારાયણ સહાએ કાઠમંડુમાં પોતાની રાજ્યધાની સ્થાપી હતી અને ગોરખા રાજ્યનો વિસ્તાર કર્યો હતો. કાઠમંડુમાં નીલકંઠનું લક્ષ્ય પશુપતિનાથનું મંદિર હતું. કાઠમંડુમાં આવી નીલકંઠ પશુપતિનાથનાં દર્શને પધાર્યા.

રાજા રણબહાદુર સહાને એક અસાધ્ય રોગ થયો હતો. રાજાએ રોગ મટાડવા માટે અનેક પ્રયત્નો કર્યા હતા. પરંતુ રોગમાંથી મુક્તિ થતી નહોતી. આથી રાજ્યમાં આવતા સાધુ-મહાત્માઓ, બ્રાહ્મણો, પંડિતો, પૂજારીઓ વગેરેને તે પોતાનું દર્દ મટાડવા કહેતો. કોઈ મટાડી ન શક્યું તેથી ગુસ્સે થઈ તેમને કેદ કરી દેતો અને ત્રાસ આપતો. તેના આવા ત્રાસને લીધે અહીં કોઈ સાધુ-સંતો આવતા જ નહિ.

નીલકંઠ કાઠમંડુમાં પધાર્યા ત્યારે તેમની સાથે કેટલાક બાવાઓ પણ હતા. બાવાઓએ જ્યારે આ જાણ્યું ત્યારે તેમણે નીલકંઠને ગામમાં જવાની ના પાડી. નીલકંઠે નિર્ભયતાથી કહ્યું : 'સાધુને કદી ભય હોય જ નહિ.' નીલકંઠે ખૂબ બળ આપ્યું તેથી સૌ ગામમાં પ્રવેશ્યા.

ગામમાં બાવાઓ આવ્યા છે તેવી ખબર પડતાં તરત જ રાજાએ તેમના મહંતને બોલાવવા માટે માણસ મોકલ્યો. મહંત વર્ણીને સાથે લઈને રાજદરબારમાં ગયા. રાજાએ સન્માન કર્યું.

રાજાએ નીલકંઠને પોતાના અસાધ્ય રોગની માંડીને વાત કરી. રોગ મટાડવા માટે આજીજી કરી. નીલકંઠ વર્ણીને તેના પર દયા આવી. નીલકંઠે કહ્યું : 'તમારા પ્રારબ્ધને કોઈ મંત્રજંત્ર જાણનાર કે કોઈ કીમિયાગર મટાડી શકે તેમ નથી. ભગવાનના નિયમોનું ઉલ્લંઘન કોઈથી થઈ શકતું નથી. માટે જે કાંઈ દુઃખ આવે તે પ્રારબ્ધકર્મનું સમજીને પરમાત્માની પ્રાર્થના કરતાં કરતાં ધીરજથી સહન કરવું. પરંતુ આવી મનસ્વી રીતથી તમારું દુઃખ તો મટવાનું નથી, ઊલટું કર્મનાં નવાં બંધનો તમે બાંધો છો ?'

વર્ણીની મધુરવાણીથી રાજાને અંતર્દષ્ટિ થઈ. તેણે પોતાનાં કર્મો બદલ માફી માંગી દર્દ મટાડવા કહ્યું. કરુણામૂર્તિ નીલકંઠ વર્ણીએ થોડું જળ મંગાવ્યું. હાથમાં જળની અંજલિ લઈ રાજાને પી જવા કહ્યું. રાજા તે પ્રસાદીજળ શ્રદ્ધાપૂર્વક પી ગયા. વર્ણીના સંકલ્પે તેની તરત અસર થઈ. રાજાને પેટનું શૂળ



મંદ પડ્યું. રાજાને વર્ણી માટે ખૂબ ભાવ થયો. તેણે કંઈક માંગવા માટે કહ્યું.

વર્ણીએ હસતાં હસતાં કહ્યું : 'જો તમારે સેવા કરીને સંતોષ માનવો હોય, તો બંદીખાને પૂરેલા સાધુઓને મુક્ત કરી દ્યો. અમારે એટલું જ માગવું છે.'

વર્ણીની નિઃસ્પૃહતા અને આ લોક પ્રત્યેની અનાસક્તિથી રાજા અત્યંત પ્રભાવિત થયો. નીલકંઠની ઈચ્છાને આજ્ઞા માનીને તેણે તરત જ સૌને મુક્ત કર્યા. નીલકંઠે તેને આશીર્વાદ આપ્યા.

અહીંથી નીકળીને વર્ણી ઉત્તરમાં તિબેટ તરફ ગયા. અહીં બૌદ્ધિ લામાઓના વિહારો જોઈ, ચીન તરફ એક દૃષ્ટિ નાખી વર્ણી ફરી નેપાળમાં આગળ વધ્યા અને આદિવારાહ તીર્થ થઈને સિરપુર પધાર્યા.

## ૧૯. તેલંગી બ્રાહ્મણનો ઉદ્ધાર

નીલકંઠ સિરપુરમાં એક બાગમાં ઊતર્યા. અહીં બાવાઓની જમાતો ધામા નાંખીને પડી હતી. સિરપુરમાં તે વખતે સિદ્ધવલ્લભ રાજા રાજ્ય કરતા હતા. સિદ્ધવલ્લભ રાજા બહુ પવિત્ર. તેમણે નીલકંઠનાં દર્શન કર્યાં અને ખૂબ પ્રભાવિત થયા. નીલકંઠને પોતાના મહેલમાં રહેવા પ્રાર્થના કરી. નીલકંઠે તેનો અસ્વીકાર કર્યો. આથી રાજાએ ગોપાળદાસ નામના એક નૈષ્ઠિક વ્રતધારી સાધુને તેમની સેવામાં રાખ્યા. તે ખૂબ ભાવથી નીલકંઠની સેવા કરે અને નવાં નવાં ભોજન કરીને જમાડે. રાજા રોજ ઉપદેશ સાંભળવા નીલકંઠ સામે સાદડી પર બેસે. નીલકંઠ તેમને ખૂબ ઉપદેશ કરે.

બગીચામાં ઊતરેલા બીજા આસુરી બાવાઓ માતા, ભૈરવ અને ભૂતના ઉપાસી હતા. જંતરમંતર અને દોરાધાગાના ઉપચારો કરીને, અડદના દાણા નાખીને, મૂઠ મારીને, નજર નાખીને, લોકોને બિવરાવે. નાનકડા બાળબ્રહ્મચારી નીલકંઠ પ્રત્યેના રાજાના પ્રેમને લીધે આ બાવાઓ ઈર્ષ્યાથી બળવા લાગ્યા.

એક દિવસ ઈર્ષ્યાને લીધે કોઈ એક બાવાએ મૂઠ મારીને નીલકંઠના સેવક ગોપાળદાસને મૂર્છિત કરી નાખ્યો. બાવાઓએ રાજાને કહ્યું : 'હવે તમે જેની ભક્તિ કરો છો તે વર્ણીને કહો કે શક્તિ હોય તો આ ગોપાળદાસને બેઠો કરે.'

નીલકંઠે તેના શરીરે હાથ ફેરવી તેને સાજો કર્યો. ગોપાળદાસ તો

નીલકંઠના ચરણોમાં બેસી ગયો. આ જોઈ બાવાઓ દિગ્મૂઢ બની ગયા. કેટલાક નીલકંઠનો પ્રભાવ જોઈ તેની શરણાગતિ સ્વીકારવા આવ્યા. કેટલાકને આ ન ગમ્યું તેથી ઈર્ષ્યાથી આ બાવાઓ ઉપર મૂઠ મારી, તો બીજા કેટલાક બાવાઓએ તેમના પર સામી મૂઠ મારી. સામસામા અભિચાર પ્રયોગ થયા. બાવાઓ મૂર્છા પામવા લાગ્યા. છેવટે નીલકંઠે પોતાના પ્રતાપથી સૌને બેઠા કર્યા. બધા નીલકંઠના પગમાં પડી ગયા. નીલકંઠે તેમને સદાચારી બની સાચા સાધુ થવાનો ઉપદેશ આપ્યો.

એ અરસામાં સિરપુરમાં એક તેલંગી બ્રાહ્મણ આવી ચડ્યો. તે અતિ લોભી હતો. લોભમાં ને લોભમાં તેણે રાજા પાસેથી હાથી અને કાળપુરુષ દાનમાં લીધા. એ તેલંગી બ્રાહ્મણ બહુ ગોરો ને રૂપાળો હતો, પણ યોગ્યતા વિના અને લોભથી લીધેલા દાનને લીધે તેનું આખું શરીર કાળું અને કદરૂપું થઈ ગયું. બધા બ્રાહ્મણો તેની નિંદા અને હાંસી કરવા લાગ્યા. તેલંગી બ્રાહ્મણ દુઃખી થઈ ગયો. આકુળવ્યાકુળ થઈ રોવા લાગ્યો.

રોતો રોતો તે નીલકંઠ વર્ણી પાસે આવ્યો. તે નીલકંઠના પગમાં પડી ગયો. પોતાના લોભની વાત કરી. નીલકંઠને દયા આવી. તેમણે બ્રાહ્મણને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. તેલંગી બ્રાહ્મણ વળી પાછો જેવો હતો તેવો ગોરો ને રૂપાળો થઈ ગયો. બ્રાહ્મણે નીલકંઠને પ્રણામ કર્યા. વર્તમાન ધરાવીને નીલકંઠનો આશ્રિત થયો. નીલકંઠે તેને લોભ મૂકવા ઉપદેશ આપ્યો. આ પ્રસંગથી સિદ્ધવલ્લભ રાજાને નીલકંઠ પ્રત્યે અપાર હેત થઈ ગયું. રાજાને પોતાના દિવ્ય સ્વરૂપનો નિશ્ચય કરાવી નીલકંઠે અહીંથી વિદાય લીધી ત્યારે રાજાને અતિશય દુઃખ થયું. નીલકંઠે કહ્યું : 'તમે મારી મૂર્તિ હૃદયમાં રાખશો તો હું સદા તમારી સમીપ છું.'

આ. સં. ૧૮૫૩નો અન્નકૂટોત્સવ તથા કાર્તિક પૂર્ણિમાનો ઉત્સવ કરી નીલકંઠે અહીંથી વિદાય લીધી.

## ૨૦. પિબૈકનો પરાજય

સિરપુરથી નીકળીને ફરતાં ફરતાં નીલકંઠ આસામમાં કામાક્ષી તીર્થમાં આવ્યા. ત્યાં કામાક્ષીદેવીનું મોટું મંદિર છે. અહીં નાનકડા નીલકંઠના સ્વરૂપે જાણે જાદુ કર્યો. સૌ ભાવિક મુમુક્ષુઓ તેમના સ્વરૂપમાં ખૂબ આકર્ષાયા.



આથી બીજા બાવાઓને નીલકંઠ માટે દ્વેષ જાગ્યો. લોકો પરથી પોતાનું વર્ચસ્વ ઓછું ન થઈ જાય તે માટે તેમણે નીલકંઠને પરાજિત કરવાનું નક્કી કર્યું. અને પિબૈક નામના એક કાલીભક્તને ઉશ્કેર્યો.

મહાકાલીનો ઉપાસક પિબૈક મૂળ તો એક મુમુક્ષુ બ્રાહ્મણ હતો. પરંતુ ખરાબ સોબતથી તે બહુ ખરાબ થઈ ગયો. માંસ-મચ્છી ખાવા લાગ્યો. ભાંગ, દારૂ પીવા લાગ્યો. દેવીની ઉપાસના કરતો. ભૂત, ભૈરવની સાધના કરતો. રાતે સ્મશાનમાં જઈ મલિન વિદ્યા શીખતો. ગાળો બોલતો. અપશબ્દ બોલતો. ગળામાં માણસની ખોપરીની માળા પહેરી, ત્રિશૂળધારી પિબૈક ઠેર ઠેર લોકોને ડરાવતો. જંતરમંતર અને દોરાધાગા કરી લોકોને હેરાન કરતો. કપાળે કંકુની મોટી આડ્ય, માથે મોટો ચોટલો, લાલઘૂમ મોટી આંખો, શરીરમાં પહેલવાન જેવો તે સૌને ધમકી આપી ડરાવતો. સાધુસંતો અને જોગીજતિઓની કંઠી તોડી પોતાના શિષ્ય બનાવતો. તેમના પર મંત્ર મારી, મૂઠ મારી, મેલી વિદ્યા વડે ડરાવીને શિષ્યો બનાવતો અને ભૂતભૈરવની પૂજા કરાવતો.

ગામ બહાર ફૂલવાડીમાં નીલકંઠ જ્યાં ઊતર્યા હતા ત્યાં નીલકંઠને મહાત કરવાના આશયથી પિબૈક આવી ચડ્યો. તેની સાથે અર્ધનગ્ન, નિર્લજ્જ સ્ત્રીપુરુષો મદમસ્ત થઈને જાતજાતના ઉચ્ચાર કરતાં નાચતાં હતાં.

ફૂલવાડીમાં કેટલાક સિદ્ધ યોગીઓ પણ આવીને ઊતર્યા હતા. પિબૈકને જોઈને સિદ્ધ બાવાઓ થરથર ધ્રૂજવા લાગ્યા. તે સૌ ઊઠીને પિબૈકના શરણે જવાની તૈયારી કરવા લાગ્યા. નીલકંઠે તેમને શાંતિથી કહ્યું : 'તમે કેમ ચાલવા માંડ્યા ? આવા મલિન દેવ-દેવીઓના ઉપાસકથી કેમ બીઓ છો ? પરમાત્માની કાળશક્તિ વિના આ બ્રહ્માંડમાં કોઈ કોઈને મારી શકતું નથી. માટે ડરશો નહિ. અને તેના સામે નજર પણ કરશો નહિ.'

નીલકંઠની શાંત અને નિર્ભય વાણીથી પિબૈક અત્યંત ગુસ્સે થયો. આજુબાજુનાં ટોળાંઓએ નીલકંઠને પિબૈકનો મહિમા સમજાવી તેની સાથે બાથ ન ભીડવા કહ્યું. પરંતુ નીલકંઠ શાંત અને નિશ્ચલ હતા. એટલામાં પિબૈકે એક વડના ઝાડ ઉપર અડદના દાણા નાખ્યા અને ઝાડ સુકાઈ ગયું. બાવાઓ આ જોઈ ગભરાયા. તેઓ ગળા પર હાથ નાંખી કંઠી તોડવા પ્રયત્ન કરવા લાગ્યા.

નીલકંઠે કહ્યું : 'તમે કોઈ તમારું તિલક ભૂંસશો નહિ. તમે તમારી


વૈષ્ણવી કંઠી તોડશો નહિ. કંઠી તોડવાથી પાપ લાગે. તમે કોઈ આ પિબૈકથી બીશો નહિ. પહેલાં મારા ઉપર તે પ્રયોગ કરે અને મને કાંઈ થાય તો પછી તમે તેના શરણે જજો.' એમ કહી નીલકંઠે પિબૈકને પડકાર કર્યો.

પિબૈક આથી અત્યંત ઉશ્કેરાયો. તેણે કહ્યું : 'હવે તારો કાળ આવ્યો છે !'

નીલકંઠ કહે, 'થાય તે કરી લે. હું આ બેઠો.' એમ કહી નીલકંઠ આસન વાળીને તેની સામે જ બેઠા. નીલકંઠ પાછળ નીચે સૌ સિદ્ધો બેઠા.

પિબૈકે નીલકંઠને ડરાવવા મંત્ર ભણીને અડદના દાણા જોરથી દૂર જમીન પર નાખ્યા. ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા. તેમાંથી કાળભૈરવ અને બટુકવીર નીકળ્યા. પરંતુ તે વર્ણી પાસે જઈ શક્યા નહીં. થોડે દૂર આવીને ઊભા રહી ગયા. પિબૈક ઘણા મંત્રો ભણ્યો પણ નીલકંઠ ભણી આગળ વધ્યા જ નહિ. ઊલટાના તે પિબૈકને વળગ્યા. ત્રિશૂળથી તેને માર્યો. તેને જમીન પર પછાડ્યો, તેના મોઢામાંથી લોહી નીકળવા માંડ્યું.

આ પરાજયથી તે વધુ ધૂંવાંપૂવાં થયો. હવે તેણે હનુમાન વીરની આરાધના કરી. હનુમાનજી આવ્યા. તેણે તો નીલકંઠને નમસ્કાર કરીને પિબૈકના માથા ઉપર જોરથી મુક્કીનો પ્રહાર કર્યો. પિબૈક ઉપર તૂટી પડ્યા.





તેઓ કહેવા લાગ્યા, 'તું અમને અમારા દેવના દેવ સામે લડવાનું કહે છે ? આજ તો તને જ મારી નાખીએ.'

પિબૈકને એવો માર માર્યો કે લોહીની ઊલટી થઈ અને આંખો ઉપર ચઢી ગઈ. પિબૈક મોટું ઝાડ પડે તેમ ધબ દઈને બેભાન થઈને પૃથ્વી પર પડ્યો.

આ જોઈ પિબૈકના કેટલાક શિષ્યો અને સગાંઓએ તેને બેઠો કરવા નીલકંઠને પ્રાર્થના કરી, તેઓ કરગરવા લાગ્યાં. નીલકંઠને દયા આવી. તેમણે દૃષ્ટિ કરી. પિબૈક જાગ્યો. તેનું આખું શરીર દુઃખતું હતું. બોલાતું પણ નહોતું. હાડકાં ને પાંસળાં નરમ થઈ ગયાં હતાં. ઊભું તો થવાય જ ક્યાંથી ? જમીન પર ઘસડાતો ઘસડાતો તે નીલકંઠ પાસે આવ્યો. નીલકંઠના પગ પકડીને આંસુથી પખાળ્યા અને તે માફી માગવા લાગ્યો. સૌને અત્યંત આશ્ચર્ય થયું. અજેય લાગતો પિબૈક નાનકડા નીલકંઠના ચરણોમાં આળોટતો હતો. તેનું સંપૂર્ણ પરિવર્તન થઈ ગયું હતું.

નીલકંઠે તેને કહ્યું : 'પિબૈક ! જે સાચા સિદ્ધ હોય છે, તે કોઈને ડરાવતા નથી. જે ખરા પરમાત્માના આશ્રિત હોય છે, તે કોઈથી ડરતા પણ નથી. તારી મંત્રશક્તિને પરમાત્મા શક્તિએ ભસ્મસાત્ કરી નાખી.'

અનિમિષ દૃષ્ટિએ નીલકંઠનાં દર્શન કરતો પિબૈક તેમની આ વાણીને અંતરમાં ઉતારવા લાગ્યો. નીલકંઠે તેના માથા ઉપર હાથ મૂક્યા અને તેને દિવ્ય શાંતિનો અનુભવ થયો. નીલકંઠે તેને વૈષ્ણવી દીક્ષા આપી, સૌમ્ય વેશ રાખવા કહ્યું. તેના શિષ્યોને પણ વૈષ્ણવી દીક્ષા આપી, સૌને તુલસીની કંઠી અને તિલક પણ ધારણ કરાવ્યાં, સૌને આશીર્વાદ દઈ, અધર્મમાંથી ઉગારીને નીલકંઠ ત્યાંથી ચાલી નીકળ્યા.

## ૨૧. નવ લાખ યોગીઓનો ઉદ્ધાર

કામાક્ષીથી ચાલતાં ચાલતાં નીલકંઠ વર્ણી નવલખા પર્વત[૨] તરફ

૨. સંપ્રદાયના ગ્રંથો મુજબ આ કોઈ પર્વતમાળા હોય તેમ લાગે છે. નવ લાખ યોગીઓ રહેતા હોવાથી તેનું સંપ્રદાયમાં નવલખા પર્વત તરીકે આ પર્વતમાળા પ્રસિદ્ધ છે. પરંતુ એવું ભૌગોલિક નામ નકશામાં દેખાતું નથી. પૂર્વ ભારતમાં મેઘાલય રાજ્યમાં શીલોંગ આગળ આ પર્વતમાળા હોવાનું અનુમાન છે. નીલકંઠ નવલખા પર્વત પરથી ઊતરી સીધા બાલવાકુંડ પધાર્યા હતા. આથી આ પર્વત પૂર્વ ભારતમાં બાંગ્લાદેશ, મિઝોરમ કે ત્રિપુરા રાજ્યમાં ક્યાંક હોઈ શકે છે.

પહોંચ્યા. નવલખા પર્વતમાં નવ લાખ યોગીઓ રહે. આ બધા સિદ્ધો હજારો વર્ષથી ત્યાં તપ કરતા હતા. સામાન્ય મનુષ્યને આંખે ન દેખાય એવા દિવ્ય સ્વરૂપે તેઓ પ્રભુ-આરાધનામાં મગ્ન રહેતા. તેઓ રોજ સવારે યજ્ઞો કરતા. સ્નાનસંધ્યા કરતા. દરેકને નહાવા માટે અલગ કુંડ. દરેક માટે યજ્ઞકુંડ. આમ, નવ લાખ યજ્ઞકુંડો અને નવ લાખ નાનાં નાનાં જળાશયો. રાત-દિવસ સિદ્ધો પ્રભુસ્મરણમાં તલ્લીન. સૌનાં શરીર સુકાઈ ગયેલાં હતાં. શરીરની નાડીઓ દેખાતી હતી. માથે જટા અને લાંબી લાંબી ધોળી પૂણી જેવી દાઢી હતી.

એક સવારે સૌ સિદ્ધો ધ્યાનમાં બેઠા હતા ત્યાં આકાશવાણી થઈ. આકાશમાંથી મધુર અવાજ સંભળાયો, 'તમે જે પુરુષોત્તમ નારાયણનાં દર્શન માટે વર્ષોથી તપ કરો છો તેમનાં તમને સાક્ષાત્ દર્શન થશે. પુરુષોત્તમ નારાયણે આ પૃથ્વી પર અવતાર લીધો છે. તમારું સૌનું કલ્યાણ કરવા પોતે આવીને તમને દર્શન દેશે.'


આકાશવાણીના આ શબ્દો સાંભળીને તેમનાં સૌનાં મન પુલકિત થઈ ગયાં. સૌ સિદ્ધો આનંદમાં આવી ગયા. આનંદમાં ને આનંદમાં સિદ્ધો નીલકંઠના સ્વાગતની તૈયારીઓ કરવા લાગ્યા. કોઈ નીલકંઠ માટે ફળો એકઠાં કરવા, તો કોઈ ફૂલોની માળા ગૂંથવા લાગ્યા.

નીલકંઠ ચાલતાં ચાલતાં નવલખા પર્વતની તળેટીમાં પહોંચ્યા. તેમણે પર્વત પર ચઢવાનું શરૂ કર્યું. ફરી આકાશવાણી થઈ : 'કાલે પ્રાતઃકાળે તમને સૌને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનાં નીલકંઠ વર્ણી રૂપે દર્શન થશે. તેમનાં દર્શનમાત્રથી તમારો મોક્ષ થશે. અક્ષરધામની પ્રાપ્તિ થશે.'

પરોઢ થયું. નીલકંઠ વર્ણી પર્વત ઉપર પહોંચ્યા. સૌ યોગીઓના આનંદનો પાર ન રહ્યો. તેમણે સૌએ નીલકંઠનું સન્માન કર્યું. હાર ચઢાવી સ્વાગત કર્યું. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. વેદોની ઋચાઓથી વાતાવરણ પવિત્ર થઈ ગયું. નીલકંઠ વર્ણીએ નવ લાખ સ્વરૂપો ધારણ કર્યાં. દરેક યોગીને એક એક સ્વરૂપે ભેટ્યા. દરેકના યજ્ઞકુંડમાં આહુતિ આપી. દરેકના જળાશયમાંથી પાણી પીને પ્રસાદીનાં કર્યાં. નવ લાખ યોગીઓએ નીલકંઠને ત્રણ દિવસ સાથે રાખ્યા. સેવા કરી પ્રસન્ન કર્યા. તેમણે નીલકંઠની ગદ્ગદ કંઠે સ્તુતિ કરી.

તેમણે સૌએ પ્રાર્થના કરી : 'હે નીલકંઠ પ્રભુ ! આપે દર્શન આપ્યાં છે. માટે દયા કરીને અમારા અંતરમાં સદાય નિવાસ કરીને રહો. આપની મૂર્તિ





અંતરમાંથી જાય નહિ, એવી હે અક્ષરાધિપતિ, તમને વિનંતી કરીએ છીએ.'

તેમની પ્રાર્થના સાંભળીને નીલકંઠ વર્ણીએ કહ્યું, 'તથાસ્તુ !'

સૌ યોગીઓએ દુઃખી હૃદયે તેમને વિદાય આપી. માર્ગમાં બાલવાકુંડ આવ્યું. કુંડનાં પાણી અને આજુબાજુના પથ્થરોમાંથી હંમેશાં અગ્નિની જ્વાળા નીકળ્યા કરે છે. તેનું દર્શન કરી નવદ્વીપમાં ચૈતન્ય મહાપ્રભુની જન્મભૂમિ પવિત્ર કરી. ગૌડીય સંપ્રદાયની ગાદી શાંતિપુરની મુલાકાત લઈ,

નીલકંઠ ગંગા-સિંધુના સંગમે ગંગાસાગર પહોંચ્યા. ગંગાસાગરના સંગમમાં નીલકંઠ નાહ્યા. અહીં મકરસંક્રાંતિના મેળામાં ત્રણ દિવસ રહી, વહાણમાં બેસી સમુદ્રની ખાડી ઊતર્યા અને કપિલાશ્રમ આવ્યા.

## ૨૨. ધર્મનો ઉપદેશ

કપિલાશ્રમનું મનોહર એકાંત સ્થળ. સાંખ્યમતના આચાર્ય કપિલમુનિએ આ સ્થળે ઘણાં વર્ષો સુધી તપ કર્યું હતું. હજુ પણ ઘણા ભાવિકોને આ સ્થાને કપિલમુનિનાં દર્શન થાય છે. ચારેકોર ઝાડીઓ અને લીલી વનરાઈઓ. નીલકંઠ વર્ણીને પણ કપિલમુનિએ મૂર્તિમંત બનીને આવકાર્યા. નીલકંઠને આ સ્થળ ખૂબ ગમ્યું. આવું સ્થળ જુએ અને નીલકંઠને ધ્યાન ધરવાનું વિશેષ ઉમંગ આવે. નીલકંઠ તો નાહીધોઈને, પવિત્ર થઈને, ધ્યાનમાં બેસી ગયા.

એક દિવસ થયો. બીજો દિવસ થયો એમ કરતાં છ-છ દિવસ થયા. નીલકંઠ ધ્યાનમાં અડગ બેઠા છે. દેવતાઓ આકુળવ્યાકુળ થઈ ગયા. સૌને લાગ્યું કે નીલકંઠ પોતાની મસ્તીમાં લીન થઈ ગયા છે એટલે પૃથ્વી માતા પરના વ્યાપેલા અધર્મોને દૂર કરવાનો ધ્યેય વીસરી રહ્યા છે. સૌ સ્તુતિ કરવા લાગ્યા. પૃથ્વી માતા પણ જાણે નીલકંઠનાં ચરણોમાં આળોટીને નીલકંઠને વિનવી રહી હતી. નીલકંઠે છ દિવસના અંતે ધ્યાન ત્યજીને અભયવર આપતાં પુનઃ ધર્મના સ્થાપનની વાણી ઉચ્ચારી અને ત્યાંથી વિદાય લીધી.

નીલકંઠ હવે દક્ષિણ તરફ ચાલ્યા. ચાલતાં ચાલતાં સાંજ પડી. એક ગામ આવ્યું. ગામને ચોરે કેટલાક લોકો બેઠેલા.

નીલકંઠે તેમને પૂછ્યું, ‘અહીં જોગીજતિને રહેવાનું કોઈ સ્થાન છે ?’

એક જણે કહ્યું, ‘અહીં વાણિયાના ઘરની સામે બાવાઓનું રામજી મંદિર છે. ત્યાં સૌ સાધુ-સંતોને ઉતારો મળે છે. માટે તમે ત્યાં જાઓ.’

નીલકંઠ રામજી મંદિરમાં ગયા. બાવાઓએ તેમને ઉતારો આપ્યો. નીલકંઠ નાહીને મંદિરના ચોકમાં બેઠા.

સંધ્યા આરતી થઈ. પછી મંદિરમાં રામાયણની કથા શરૂ થઈ. ગામનાં સ્ત્રી-પુરુષો આવીને એકબીજાની બાજુમાં ભેગાં કથા સાંભળવા બેસી ગયાં. નીલકંઠે જોયું કે સ્ત્રી-પુરુષો મંદિરમાં ભેગાં બેસે છે. તેમને આ ન ગમ્યું. કથા પૂરી થઈ એટલે બાવાના ચરણનો સ્પર્શ કરીને સૌ જવા લાગ્યાં. કેટલીક



સ્ત્રીઓ નીલકંઠના ચરણસ્પર્શ કરવા આવી. નીલકંઠ ઊભા થઈને અંદર ઓરડીમાં જતા રહ્યા. પછી કેટલીક સ્ત્રીઓ બાવાના હાથપગ દાબવા તથા સેવા કરવા લાગી. નીલકંઠને આ પણ જરાય ન ગમ્યું. તેમણે બાવાઓને કહ્યું, ‘રામાયણની કથા કરો છો અને ધર્મ કેમ નથી પાળતા ? સાધુથી સ્ત્રીઓને ઉપદેશ ન કરાય. ત્યાગી સાધુએ સ્ત્રી અને ધનનો ત્યાગ રાખવો જોઈએ.’

આ શબ્દો સાંભળી બાવાજી ગુસ્સે થઈ બોલ્યા, ‘છોકરા, કાલ સવારનો તું અમને ઉપદેશ કરનાર કોણ ? ભાગ અહીંથી, નહિ તો તને મારી કાઢીશું.’

નીલકંઠ તો તરત જ અદૃશ્ય થઈ ગયા. બાવાઓ વિચારમાં પડી ગયા કે મંદિરના બંધ દરવાજામાંથી આ છોકરો કેવી રીતે અદૃશ્ય થયો ! મંદિરમાંથી નીકળીને નીલકંઠ સામે વાણિયાના મકાનની ઓસરીમાં બેઠા.

આથી પવનપુત્ર હનુમાન ત્યાં નીલકંઠ પાસે આવ્યા. તેમણે જોયું કે નીલકંઠને અધર્મી બાવાઓએ કાઢી મૂક્યા છે, તેથી નીલકંઠને પગે લાગીને, ધોકો લઈને હનુમાનજી મંદિરમાં ગયા. બધા બાવાઓને અને તેમની ચેલકીઓને ધોકે ધોકે મારવા લાગ્યા. બાવાઓનાં હાડકાં ખોખરાં કરી નાખ્યાં.

બાવાઓ બોલ્યા, ‘તમે કોણ છો ? શા માટે અમને વગર વાંકે મારો છો ? અમારો શો વાંકગુનો છે ?’

હનુમાનજી કહે, ‘તમે નીલકંઠ બ્રહ્મચારીને શા માટે વગર વાંકે અહીંથી



કાઢી મૂક્યા ? નીલકંઠ તો સાક્ષાત્ ભગવાન છે. આ રામચંદ્રજીના મંદિરમાંથી તમે એમને કાઢી મૂક્યા શા માટે ? જાઓ નીલકંઠને પગે પડી તેમની માફી માગો. માનપાન સાથે નીલકંઠને ફરી મંદિરમાં પધરાવો, તો તમને છોડીશ. નહીંતર આજે તમને બધાને પૂરા કરી નાખીશ.'

બાવાઓ બોલ્યા, 'તમે કહેશો એમ કરીશું પણ અમને મૂકી દો. તમે કોણ છો, તે તો કહો.'

ત્યારે હનુમાનજીએ કહ્યું, 'હું અંજનીપુત્ર હનુમાન છું. નીલકંઠ વર્ણીનો સેવક છું.'

બાવાઓએ બધી સ્ત્રીઓને કાઢી મૂકી. મંદિરના દરવાજા ખોલી સામે વાણિયાની ઓસરીમાં જઈ નીલકંઠની માફી માગી.

બાવાઓએ કહ્યું, 'અમે તમને ન ઓળખી શક્યા. આપ તો સાક્ષાત્ રામચંદ્રજીનો અવતાર છો. અમે આજથી સ્ત્રી અને ધનનો સ્પર્શ નહીં કરીએ, સ્ત્રીઓને ઉપદેશ નહીં કરીએ. તમે કહેશો એમ કરીશું. પરંતુ તમારા આ સેવક હનુમાનજી પાસેથી અમને છોડાવો.'

નીલકંઠે સૌને માફી આપી અને પવનપુત્ર હનુમાનજીને ઈશારો કરી આકાશમાર્ગે વિદાય કર્યા. નીલકંઠને મંદિરમાં પધરાવ્યા. બે દિવસ મંદિરમાં રાખી સારી સારી રસોઈ જમાડી. નીલકંઠ બે દિવસ રહી બધા બાવાઓને નિયમ આપી ત્યાંથી ચાલ્યા.

## ૨૩. નીલકંઠ જયરામદાસને ઘરે

ચાલતાં ચાલતાં નીલકંઠ થાક્યા. સૂરજ આથમતો હતો. થોડે દૂર ગામ દેખાયું. નીલકંઠ ગામ તરફ ચાલ્યા.

આ ગામમાં એક વૈરાગી ત્યાગી બાવો હતો. અને બીજો સંજોગી ગૃહસ્થાશ્રમવાળો બાવો હતો. નીલકંઠ ગામમાં ત્યાગી બાવાના મંદિરે પધાર્યા. મહંતબાવાએ નીલકંઠનાં દર્શન કરતા ખૂબ શાંતિ અનુભવી. તેમણે નીલકંઠને અહીં બે-ત્રણ દિવસ રોકાવા કહ્યું.

ગામમાં સંજોગી બાવાને એક પુત્ર અને બે દીકરીઓ હતી. બંને પુત્રીઓ નીલકંઠ ઊતર્યા હતા તે મંદિરમાં બાવા પાસે 'તુલસી રામાયણ' ભણવા આવતી. બાવો સવાર-સાંજ રામાયણ વાંચી ભણાવતો. બંને છોકરીઓ કાંઈ ન સમજાય તો બાવાને પૂછતી. બાવો અર્થ કરતો. કાંઈ અઘરો પ્રશ્ન આવે તો ગડબડગોટા વાળતો. નીલકંઠ આ બધું મૂંગે મોઢે સાંભળતા.



એક દિવસ બાવો રામાયણ સમજાવતો હતો. ત્યાં બંને છોકરીઓએ પ્રશ્ન પૂછ્યો. બાવો મૂંઝાયો. તેને અર્થ આવડ્યો નહિ.

નીલકંઠે કહ્યું, 'મહંતજી, હું સમજાવું ?' બાવાએ હા પાડી.

પછી નીલકંઠે એક પછી એક એમ કેટલાય પ્રશ્નોના જવાબ આપ્યા. બંને કન્યાઓ રાજી થતી ઘરે ગઈ. ઘરે જઈને તેમણે તેમનાં માતા-પિતાને બધી વાત કરી અને કહ્યું, 'નીલકંઠ બાળબ્રહ્મચારી છે. બહુ તેજસ્વી છે. ઈશ્વરમૂર્તિ છે. માટે આપણે ઘરે જમવા બોલાવીએ.'

પુત્રીઓની વાત સાંભળીને માતા-પિતાને અત્યંત કુતૂહલ થયું. તે જ સાંજે એ સંજોગી બાવો મંદિરમાં જઈને આગ્રહ કરીને નીલકંઠને પોતાના કૃષ્ણ મંદિરે લઈ આવ્યો. એ બ્રાહ્મણની પત્ની અતિશય ભાવિક હતી. તેણે સુંદર મજાની રસોઈ બનાવી. દૂધ, મલાઈ, માખણ, દહીં સાકરના કટોરા ભરી મૂક્યા.

નીલકંઠ જમી રહ્યા એટલે બ્રાહ્મણે આગ્રહ કરીને નીલકંઠને પોતાને ઘરે રોકાઈ જવા વિનંતી કરી. તેણે કહ્યું, 'આ મારા પુત્ર જયરામદાસને આપની સેવામાં રાખીએ છીએ. આપ અહીં જ રહો.' એમ વારંવાર તેણે વિનંતી કરી.

બાવાજી અને તેની પત્નીનો અત્યંત ભાવ જોઈને નીલકંઠ તેને ઘેર થોડા દિવસ રોકાયા. તેમની શ્રદ્ધા અને ભક્તિથી પ્રસન્ન થઈ નીલકંઠે પોતાના દિવ્યસ્વરૂપનાં દર્શન તેમને કરાવ્યાં.

## ૨૪. જાંબુવાનનું કલ્યાણ

જયરામદાસને નીલકંઠમાં ખૂબ પ્રીતિ થઈ ગઈ હતી. દિવસ-રાત નીલકંઠની સેવામાં એ તત્પર રહેતો. સવાર-સાંજ નીલકંઠ જયરામદાસને શાસ્ત્રો ભણાવે અને યોગ શીખવે. નીલકંઠ માટે રોજ તે સરોવરમાંથી કમળકાકડી તોડીને લાવતો.

એક દિવસ નીલકંઠે તેને પૂછ્યું : 'જયરામ ! તું આ કમળકાકડી રોજ ક્યાંથી લાવે છે ?'

જયરામદાસે કહ્યું : 'અહીં એક સરોવર છે. મારો મિત્ર કૃષ્ણ તંબોળી

અને હું આ ફળ ત્યાંથી લઈ આવીએ છીએ.'

નીલકંઠ કહે, 'એમ ! મને તારું સરોવર બતાવીશ ? મારે તાજી કમળકાકડી ખાવી છે. ચાલ, આપણે સરોવરમાં ફરીશું આનંદ કરીશું.' જયરામદાસ ખુશ થઈ ગયો. તેણે હા પાડી.

સાંજ પડી. સૂરજ પશ્ચિમમાં ઢળવા લાગ્યો. નીલકંઠ અને જયરામદાસ સરોવર કાંઠે પહોંચ્યા. કૃષ્ણ તંબોળીએ તરાપો તૈયાર રાખ્યો હતો. હળવેકથી ત્રણે તરાપા પર બેસી ગયા. જયરામદાસે તરાપો ચલાવવા માંડ્યો. સાંજનું ટાણું એટલે ઠંડો પવન વાય. તંબોળી વાતો કહેતો જાય અને ચાલતા તરાપામાંથી હાથ લાંબો કરે. પાણીમાંથી કમળ ખેંચીને, કમળકાકડી તોડી તોડીને નીલકંઠને જમાડતો જાય.

તંબોળીએ આગળ ચલાવ્યું, 'વર્ણીરાજ ! દૂર ઝાડવાં જોયાં ? ત્યાં વિકરાળ પ્રાણીઓથી ભરપૂર વન છે. રાતે મારા ઘર સુધી વાઘની ત્રાડ અને સિંહની ગર્જના સંભળાય છે. ત્યાં કોઈથી ન જવાય.' તંબોળી બોલતો ને નીલકંઠ સાંભળતા. થોડીવાર થઈ. નીલકંઠ કહે, 'લાવો હલેસું, થોડીવાર હું તરાપો ચલાવું.' એમ કહી જયરામ પાસેથી હલેસું લઈ નીલકંઠ તરાપો ચલાવવા લાગ્યા.

પવનની દિશા બદલાઈ, નીલકંઠે ઝડપ વધારી, તરાપો જાય ચાલ્યો સરોવરના સામે કાંઠે. કૃષ્ણ તંબોળી અને જયરામદાસના શ્વાસ અધ્ધર થવા લાગ્યા, તેમને થયું, 'આ તો ઊપડ્યા આપણે વન તરફ !'

થોડીવારમાં પહોંચ્યા સામે કાંઠે, અને નીલકંઠ તો કૂદકો મારી કિનારા પર ઊતરી પડ્યા. જયરામે બૂમ મારી કહ્યું : 'નીલકંઠ ! હવે ત્યાં નથી જવું.'

તંબોળી કહે, 'વર્ણીરાજ, વનમાં જવાય તેવું નથી. જંગલી પશુઓનો બહુ ભય છે. વળી, સાંજનું ટાણું છે એટલે પશુઓ પણ અહીં સરોવર તરફ પાણી પીવા આવતાં હશે.'


પરંતુ નીલકંઠે કાંઈ સાંભળ્યું નહિ. નીલકંઠની પાછળ ઇચ્છા ન હોવા છતાં જયરામદાસ અને કૃષ્ણ તંબોળી પણ ઊતર્યા. નીલકંઠ તો ચાલવા લાગ્યા. તંબોળી 'ના, ના' કહેતો જાય અને નીલકંઠ વનમાં આગળ ને આગળ ચાલતા જાય. જંગલી પશુઓની ત્રાડથી એ બંનેનાં હૈયાં ધબકતાં હતાં. એવામાં દૂરથી ચિચિયારી સંભળાઈ. તંબોળી અને જયરામ તો થરથર



ધ્રૂજવા લાગ્યા. સૂકાં પાંદડાં ખખડ્યાં. પક્ષીઓ ડાળ પરથી ઊડી ગયાં. બે વાંદરા છલાંગ મારતા ઝાડની ઊંચી ડાળીએ ચડી ગયા. સામેની ઝાડીમાં કંઈક સળવળાટ થયો. એક કાળું ભયંકર રીંછ નીલકંઠ ભણી દોડી આવ્યું.

'ની...લકંઠ !' એમ બૂમ પાડતા તંબોળી અને જયરામ એક ઝાડ પર ચઢી ગયા. તેમની છાતી ધડકવા લાગી. કપાળે પરસેવો વળી ગયો. ગળે શોષ પડવા લાગ્યો. બંને જણ ઝાડ પર પૂતળાની જેમ સ્થિર થઈ ગયા. ન હાલે કે ન ચાલે. બંનેને થયું, 'રીંછ નીલકંઠને ફાડી ખાશે.'

ત્યાં તો નીલકંઠે રીંછ સામે દૃષ્ટિ કરી. રીંછ શાંત થઈ ગયું. બે પગે ઊભું થઈ નીલકંઠ પાસે આવ્યું. વાંકું વળી નમ્યું. રીંછની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. નીલકંઠે રીંછને ઊભું કર્યું, આશીર્વાદ આપી કહ્યું, 'હવે



જાઓ.' રીંછ ફરીથી પગે લાગ્યું અને ઝાડીમાં અદૃશ્ય થઈ ગયું.

નીલકંઠે તંબોળીને બૂમ પાડી. ધ્રૂજતાં ધ્રૂજતાં તંબોળી અને જયરામ ઝાડ પરથી નીચે ઊતર્યા. હજી મનમાંથી ફફડાટ નથી ગયો.

નીલકંઠે કહ્યું, 'ચાલો ઘેર પાછા.' ત્રણે સરોવરને કાંઠે આવ્યા. તરાપા પર બેસી ગયા. જલદી જલદી હાંકવા માંડ્યા.

તંબોળીએ પૂછ્યું, 'વર્ણીરાજ ! રીંછ તમારી પાસે આવીને કેમ શાંત થઈ ગયો ? શા માટે રોતો હતો ? કોણ હતો એ ! તમને નમન કરીને કેમ ચાલ્યો ગયો ?'

નીલકંઠે કહ્યું, 'તેનું નામ જાંબુવાન. કૃષ્ણના સમયમાં તેણે કૃષ્ણની સેવા કરેલી. પરંતુ મનમાં શંકા રહી ગયેલી તેથી ભટક્યા કરતો હતો. આજે તેનું કલ્યાણ થયું. આ રીંછ હવે આ દેહનો ત્યાગ કરી દેશે. મનુષ્યરૂપે સત્સંગમાં જન્મશે. અમારો તેને યોગ થશે. અને અક્ષરધામ પામશે.'

જયરામદાસને અને કૃષ્ણ તંબોળીને અત્યંત આશ્ચર્ય થયું. કિનારો આવ્યો. ત્રણેય કાંઠે ઊતર્યા. તંબોળી નીલકંઠને જયરામદાસના ઘર સુધી મૂકી ગયો. જયરામે અને તંબોળીએ પોતાના કુટુંબીજનોને રીંછના ચમત્કારની વાત કરી. 'નીલકંઠ સાક્ષાત્ કૃષ્ણ ભગવાન છે' એમ કહ્યું.

એકે બીજાને કહ્યું, બીજાએ ત્રીજાને કહ્યું, એમ કરતાં આખા ગામમાં ખબર પડી ગઈ, વાયુવેગે વાત આસપાસનાં ગામોમાં ફેલાઈ ગઈ. જયરામદાસને ત્યાં સવાર-સાંજ લોકોનાં ટોળેટોળાં નીલકંઠનાં દર્શન કરવા આવવા લાગ્યાં. નીલકંઠ ચારેકોર પ્રસિદ્ધ થઈ ગયા.

## ૨૫. નીલકંઠની શોધમાં

વહેલી સવારનું ટાણું. વહાણું હજી વાયુ નહોતું. કૂકડો બોલ્યો નહોતો. હજી તો અંધારું હતું. નીલકંઠ જાગ્યા. પથારીમાં બેઠા થયા. જયરામદાસના પરિવાર અને રીંછનું કામ થઈ ગયું હતું. એમ વિચારી તેમણે પ્રસ્થાન કરવાનું નક્કી કર્યું. આસપાસ જોયું. સૌ ગાઢ નિદ્રામાં સૂતા હતા. હળવેકથી નીલકંઠ કમંડળ લઈ દરવાજે આવ્યા. દરવાજો આપમેળે ખૂલી ગયો. નીલકંઠ જયરામદાસનું ઘર છોડી ચાલ્યા ગયા.

પો ફાટ્યો. કૂકડો બોલ્યો. સૂરજનાં આછાં કિરણો આકાશમાં દેખાવા



લાગ્યાં. જયરામની મા ઊઠી. જોયું તો નીલકંઠ પથારીમાં ન મળે. તેને થયું, 'નીલકંઠ કદાચ નહાવા ગયા હશે.' સરોવર કાંઠે તપાસ કરાવી. નીલકંઠ મળ્યા નહિ. જયરામ અને તેના બાપ ગામની ગલીએ ગલીમાં ફરી વળ્યા. ચોરેચૌટે બધે જોયું. વનમાં જોયું. વાડીમાં જોયું, પણ નીલકંઠ ક્યાંય ન મળ્યા. જયરામનાં માતાપિતાને ખાવાનુંયે ભાવે નહિ. ગામ આખું ઉદાસ થઈ ગયું. સૌને થયું, 'આપણી કાંઈ ભૂલ તો નહિ થઈ હોય ! નીલકંઠ આપણને રોતા મૂકીને શા માટે ચાલ્યા ગયા હશે !'

જયરામની માને ક્યાંય ગોઠતું નથી. તેણે જયરામને તૈયાર કર્યો, ભાતું આપ્યું અને વાટખર્ચી આપી કહ્યું, 'જા, નીલકંઠ પ્રભુ જ્યાંથી મળે ત્યાંથી તેને પાછા લઈ આવ. તેમના વિના અમારાથી જિવાશે નહીં. આપણી ભૂલ થઈ હોય તો માફી માગજે, પણ નીલકંઠને પાછા લઈ આવ. નીલકંઠ તો આપણા ભગવાન છે.'

જયરામ નીકળ્યો નીલકંઠની શોધમાં.

## ૨૬. નીલકંઠનો પુનઃ મેળાપ

નીલકંઠ વર્ણી જગન્નાથપુરીની દિશામાં અત્યંત વેગે આગળ ધપી રહ્યા હતા. ત્યાં અચાનક કોઈ અવાજ સંભળાયો : 'ઓ નીલકંઠ વર્ણી...' નીલકંઠે પાછા વળી જોયું.

જયરામદાસ દોડતો, હાંફતો ને બૂમો મારતો આવતો હતો. વીસ દિવસના સખત રઝળપાટ પછી જયરામને નીલકંઠ જડી ગયા હતા. જયરામદાસને જોઈ નીલકંઠ ઊભા રહ્યા. જયરામ દોડતો આવીને નીલકંઠનાં ચરણોમાં પડી ગયો. 'મહારાજ, અમારા અપરાધ માફ કરો. કૃપાળુ, અમારી ભૂલ માફ કરો. ચાલો, મારે ઘરે પાછા ચાલો. હવે હું તમને આગળ નહિ જવા દઉં. મારાં મા-બાપ કલ્પાંત કરે છે. તેમને ખાવાપીવાનું ભાવતું નથી. આખો દિવસ રોયા કરે છે. ગામ આખું ઉદાસ થઈ ગયું છે. મારી બહેનો અને કૃષ્ણ તંબોળી તો ગાંડા જેવાં થઈ ગયાં છે. તમે જલદી ચાલો. મારે ઘેર પાછા પધારો. હવે હું તમને નહિ મૂકું.' એમ જયરામ વિનંતી કરવા લાગ્યો. નીલકંઠે તેને શાંત પાડ્યો. તેને ઘણો ઉપદેશ આપ્યો. જયરામ શાંત પડ્યો.

નીલકંઠે જયરામદાસને કહ્યું : 'જયરામ ! તું અમારી સાથે ચાલ.

આપણે અહીંથી જગન્નાથપુરીની જાત્રાએ જવું છે.'

જયરામદાસને સંબંધીમાં ખૂબ પ્રેમ હતો તેથી તે શરૂઆતમાં આનાકાની કરવા લાગ્યો. પછી નીલકંઠની મરજી જોઈ તે જગન્નાથપુરી આવવા તૈયાર થયો. ચાલતાં ચાલતાં ઘોર વનમાં જયરામદાસને નીલકંઠના અનેક દિવ્ય અનુભવો થયા.

નાવ દ્વારા ખાડી ઓળંગીને નીલકંઠ પાર ઊતર્યા અને ભૂવનેશ્વર પહોંચ્યા. અહીં ભૂવનેશ્વર મહાદેવનાં દર્શન કરી ત્રણ દિવસ પછી તેઓ જનકપુર પહોંચ્યા.

## ૨૭. નીલકંઠ જગન્નાથપુરીમાં

નીલકંઠ જનકપુરમાં ઇંદ્રદ્યુમ્ન સરોવરને કાંઠે આવી રહ્યા. જગન્નાથ-પુરીના પ્રસિદ્ધ મંદિરથી જનકપુર લગભગ અડધો ગાઉ દૂર આવેલ છે.

જગન્નાથપુરી અતિ પવિત્ર તીર્થ છે. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણના અસ્થિ ઉપર મોટું મંદિર બાંધેલું છે. હજારો તીર્થવાસી રોજ મંદિરે દર્શન કરવા આવે. નીલકંઠ પ્રભુ પણ દરરોજ જગન્નાથપુરી જઈને જગન્નાથજીનાં દર્શન કરતા અને મંદિરમાં ગરુડસ્તંભ આગળ બેસીને ધ્યાન કરતા. મંદિરમાં ભાગવતની કથા ભક્તિભાવપૂર્વક સાંભળતા.

નીલકંઠનાં દર્શનથી પૂજારીને અત્યંત ભાવ થયો. તે જગન્નાથજીના થાળની પ્રસાદી નીલકંઠને આપતા. નીલકંઠ પણ પૂજારીનો ભાવ પૂરો કરતા. દરરોજ સમુદ્રસ્નાન કરીને મંદિર બહાર એક મોટા વડ નીચે પણ નીલકંઠ ધ્યાન કરતા. ચંદન સરોવર પર જઈને યોગ કર્યા કરતા. તેમની આવી અદ્‌ભુત સ્થિતિ જોઈ લોકો આકર્ષાયા. પુરીમાં એક મહાન બાલબ્રહ્મચારી યોગેશ્વર પધાર્યા છે એવી વાત રાજા પાસે પહોંચી. રાજા નીલકંઠનાં દર્શનથી કૃતાર્થ થયા. રોજ રાજા નીલકંઠ વર્ણીનાં દર્શને આવે, તેમનો ઉપદેશ સાંભળે અને આધ્યાત્મિક રહસ્યોને પામે. રાજાએ નીલકંઠની અલૌકિક શક્તિ જોઈને તેમને ગુરુ તરીકે સ્વીકારી લીધા.

ઇંદ્રદ્યુમ્ન સરોવર પર નાગાબાવાઓ પણ અડ્ડાઓ જમાવીને પડ્યા હતા. આ બાવાઓ ભેખને નામે લોકોને ભરમાવતા. સ્ત્રીઓને ભ્રષ્ટ કરતા. મદ્યના નશામાં ચકચૂર રહેતા, શસ્ત્રોના પ્રયોગો કરતા અને અંદરોઅંદર



ઝઘડતા રહેતા. નીલકંઠ પ્રત્યેની રાજાની, યાત્રાએ આવતા યાત્રિકોની અને સ્થાનિક ભાવિકોની ભક્તિ જોઈને આ બાવાઓમાં ઈર્ષ્યાનો અગ્નિ સળગ્યો.

એવામાં રથયાત્રાનો ઉત્સવ આવ્યો. જગન્નાથપુરીમાં રથયાત્રા ઉત્સવનો મહિમા અનેરો છે. અહીંના ધાર્મિક રિવાજ મુજબ પ્રજા ભક્તિભાવપૂર્વક ભગવાનને રથમાં પધરાવીને રથ ખેંચે ત્યારે રાજા પણ રથ ખેંચવામાં લાગી જાય. આ રથયાત્રાના ઉત્સવમાં નીલકંઠ મહાપ્રભુને પણ રાજાએ એક સુશોભિત રથમાં પધરાવ્યા. રાજા અને પ્રજાએ ખૂબ ભક્તિભાવપૂર્વક નીલકંઠના રથને ખેંચ્યો. બાવાઓમાં આ જોઈને વધુ દ્વેષ ભડક્યો.

એક દિવસ નીલકંઠ ઇંદ્રદ્યુમ્નના સરોવરના કાંઠે નિત્યકર્મ કરીને ધ્યાનમાં બેઠા હતા. ત્યારે એક બાવાએ તેમને હલાવીને જગાડ્યા. અને કહ્યું : 'એય છોકરા ! અહીંથી લીલી ભાજી તોડી લાવ.'

બાવાએ તો નીલકંઠને તાંદળજાની ભાજી તોડવાનું કહ્યું, પણ નીલકંઠનો જીવ જ ન ચાલે.

બાવાએ ફરીથી તાડૂકીને કહ્યું, 'તાંદળજાની લીલી ભાજી તોડો.'

ત્યારે નીલકંઠે કહ્યું, 'એમાં તો જીવ છે તે અમે નહિ તોડીએ.'



આ સાંભળી બાવો ગુસ્સે થયો. તે તાડૂક્યો, તલવાર કાઢી નીલકંઠને મારવા ધસી આવ્યો. તોય નીલકંઠ ડગ્યા નહિ. તે તો શાંત અને સ્થિર બેઠા હતા. જયરામદાસ નીલકંઠની સેવામાં હતો. તેણે ગભરાઈને બૂમરાણ કરી મૂકી. આ કોલાહલથી બીજા બાવાઓ દોડીને આવ્યા. નીલકંઠ પ્રત્યે તેમને ભાવ હતો. તેઓ નીલકંઠને બચાવવા સામા પડ્યા. સામસામા બે પક્ષ પડી ગયા અને યુદ્ધે ચડ્યા. રણશીંગા ફૂંકાયાં, ઢોલ-ત્રાંસાં ગગડ્યા સૌ અંદરોઅંદર મારવા લાગ્યા. રમખાણ મચી ગયું. જયરામદાસ દોડતો દોડતો પુરી પહોંચ્યો અને બોલવા લાગ્યો : 'બચાઓ, બચાઓ, નીલકંઠનો જાન જોખમમાં છે.'

રાજાને જાણ થઈ એટલે તરત જ પોતાના શસ્ત્રધારી સિપાઈઓને રવાના કર્યા. આગળ જયરામદાસ, પાછળ રાજા અને લશ્કર. રાજાના આદેશથી લશ્કર બાવાઓ પર તૂટી પડ્યું. ઘોર યુદ્ધના ઘમસાણમાં બાવાઓનાં ધડ મસ્તક વિનાનાં થઈ પડવા લાગ્યાં. આસુરી બાવાઓનો વિનાશ થયો અને બીજા બચ્યા તે ભાગી ગયા.

રાજા નીલકંઠ પાસે આવ્યો. નીલકંઠ તો પદ્માસન વાળીને, સ્થિરવૃત્તિ કરીને ધ્યાનમાં બેઠા હતા. નીલકંઠની નિશ્ચલતા જોઈને રાજાને તેઓ ખૂબ મહાન લાગ્યા. રાજાએ તેમને પોતાના મહેલમાં પધારવા ખૂબ આગ્રહ કર્યો. પરંતુ નીલકંઠે તેમની વિનંતીનો સ્વીકાર ન કર્યો. રાજાને આશીર્વાદ આપીને નીલકંઠે અહીંથી વિદાય લીધી.

દસ માસ સુધી નીલકંઠે અહીં રહીને પૂજારીના ભક્તિભાવ અને છળકપટ પણ જોયાં. ધર્મનો જય થયો. અસુરો લડી મર્યા.

## ૨૮. માનસપુરમાં અસુરોનો નાશ

ફરતાં ફરતાં નીલકંઠ માનસપુર નામના એક નગરમાં આવ્યા. નગરની બહારના ભાગમાં એક બગીચામાં નીલકંઠ ઊતર્યા. બગીચાનો માળી નીલકંઠનાં દર્શનથી સ્તબ્ધ થઈ ગયો. માળી રોજ સવાર-સાંજ ફૂલોની માળા ગૂંથીને નીલકંઠને પહેરાવતો. તાજાં ફળો અને કંદમૂળો ધરતો.

માળીએ અહીંના સત્રધર્મા રાજાને નીલકંઠ વર્ણીનો મહિમા કહ્યો, તેથી રાજા નીલકંઠનાં દર્શને આવ્યો. નીલકંઠને જોઈ રાજાને શાંતિ થઈ. રાજા તેની રાણીને લઈને રોજ નીલકંઠનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યો. એક




દિવસ નીલકંઠે વિષ્ણુ અને શાલિગ્રામની પૂજાનું માહાત્મ્ય કહ્યું. આથી રાજાને શાલિગ્રામ મેળવવાની ઈચ્છા થઈ. આ બગીચામાં બીજા અડબંગી બાવાઓના ઝૂંડ પણ હતા. આ બાવાઓના મહંત પાસે અનેક શાલિગ્રામ હતા. રાજાએ તેમની પાસે એક શાલિગ્રામ માગ્યો. આથી મહંત તાડૂક્યો : 'આ કંઈ માંગવાની ચીજ છે. વિધિવત્ પૂજા કરવી પડે છે. ખબર પડે છે ?'

રાજાએ તેની અડબંગી પૂજાવિધિ જોઈ હતી. છતાં રાજા શાંત રહ્યા. નીલકંઠ પાસે આવીને તેમણે આ બધી વાતો કરી. બીજે દિવસે નીલકંઠના કહેવાથી જયરામદાસે મહંત પાસે આવીને શાલિગ્રામ માગ્યો. મહંત ક્રોધે ભરાયો. જયરામે કાકલૂદી ચાલુ રાખી આથી છેવટે મહંત હાથમાં ત્રિશૂળ લઈને જયરામને મારી નાખવા તૈયાર થયો. જયરામ બચીને નીલકંઠ પાસે આવ્યો.

તે જ રાત્રે નીલકંઠના સંકલ્પથી મંદિરના તમામ શાલિગ્રામ ગંડકીમાં જઈને પડ્યા. બીજે દિવસે મહંતે શાલિગ્રામની પોટલી શોધી પણ ન મળી. મહંતને લાગ્યું કે રાજાએ ચોરી કરાવી છે અથવા નીલકંઠનો સેવક જયરામ લઈ ગયો છે. આથી બાવાઓ નીલકંઠ પર ગુસ્સે થયા.

જયરામદાસ બહાર ગયો હતો ત્યારે નીલકંઠને મારી નાંખવા આ મહંત અને તેના બાવાઓ તેમના પર પથ્થરો ફેંકવા લાગ્યા. પરંતુ નીલકંઠને એક



પણ પથ્થર વાગ્યો નહીં. એટલામાં જયરામદાસ આવ્યો. જયરામદાસ ગભરાઈ ગયો. દોડતો દોડતો તે રાજા પાસે ગયો. રાજા અને પ્રજાને ખબર પડી તેથી સૌ બગીચામાં આવવા લાગ્યા. રાજાના સશસ્ત્ર સૈનિકો અને બાવાઓ વચ્ચે યુદ્ધ જામ્યું. અંતે બાવાઓનો કચ્ચરઘાણ નકળી ગયો. રાજાને શાંતિ થઈ ગઈ. નીલકંઠે તેમને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી અહીંથી વિદાય લીધી.

નીલકંઠ ત્યાંથી ચાલ્યા. રસ્તામાં જયરામને ઘણો ઉપદેશ દીધો. સાધુ થઈ જવા ઘણો સમજાવ્યો. પણ જયરામ તો માન્યો નહિ. 'મારા ઘરે તમે પાછા ચાલો, મારાં મા-બાપ તમારી રાહ જુએ છે.' એમ તેણે કહ્યા કર્યું.

અંતે નીલકંઠે તેને સમજાવી ઘરે મોકલ્યો. નીલકંઠે છૂટા પડતાં જયરામને કહ્યું, 'જ્યારે દુઃખ પડે, ત્યારે મને યાદ કરજે. જ્યારે સાધુ થવાની ઇચ્છા થાય, ત્યારે મને શોધતો શોધતો કાઠિયાવાડમાં આવજે, હું તને ત્યાં મળીશ.'

નીલકંઠને પગે લાગી દુઃખી હૃદયે જયરામ ઘરને માર્ગે વળ્યો. અને નીલકંઠ રામેશ્વરની વાટે વેંકટાદ્રિ જવા નીસર્યા.

## ૨૯. રતા બશિયાનું કલ્યાણ

નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા. માર્ગમાં આવ્યું વન. વનમાં ગીચ ઝાડીઓ. દિવસેય સૂર્યનો પ્રકાશ ન દેખાય તેવું ઘોર અંધારું વન. નીલકંઠ વનમાંથી ચાલ્યા. વનમાં એક કેડીની વચમાં એક રાક્ષસ અજગરની જેમ પડ્યો હતો. તેનાં નસકોરાંનો અવાજ દૂર સુધી સંભળાય. નસકોરાં સાંભળીને ગભરાટ થાય તેવો બિહામણો અવાજ હતો.

નીલકંઠ ચાલતાં ચાલતાં રાક્ષસના માથા પાસે પહોંચ્યા. પાસે જઈને રાક્ષસના માથામાં લાત મારી. રાક્ષસ તરત જ જાગ્યો. 'કોણ છો ?' એમ ગરજતો રાક્ષસ ઊભો થયો.

નીલકંઠ વર્ણીને જોઈ તે નમી પડ્યો. રાક્ષસ હાથ જોડી બોલ્યો, 'પ્રભુ, મારું કલ્યાણ કરો. બ્રાહ્મણના શાપથી મારી આ ગતિ થઈ છે.'

રાક્ષસે પોતાની વાત શરૂ કરી : ''હું તેલંગ દેશનો પવિત્ર અને ધર્મિષ્ઠ રાજા હતો. મારા રાજ્યમાં જયદેવ અને મુકુંદદેવ નામના બ્રાહ્મણો રહેતા. બંને વિદ્વાન અને સમર્થ. બંને સિદ્ધિવાળા. જયદેવની એક વરસની દીકરી સાથે મુકુંદદેવના ત્રણ વરસના દીકરાનું સગપણ થયું. દીકરી મોટી થઈ. દીકરો પણ



મોટો થયો. મુકુંદદેવના દીકરાને શીતળાનો રોગ થયો. રોગમાં તે આંધળો થયો. આથી દીકરીના બાપ જયદેવે મુકુંદદેવના દીકરા સાથેનું સગપણ તોડી નાખ્યું. લૂગડાં-ઘરેણાં પાછાં મોકલી દીધાં. આથી મુકુંદદેવ ધૂંઆપૂંઆ થતા મારી પાસે ન્યાય કરાવવા આવ્યો. મેં શાસ્ત્રો વાંચ્યાં. શાસ્ત્રોમાંથી ન્યાય કહી



સંભળાવ્યો કે 'જ્યારે કન્યા અને વર બેમાંથી એક પણ વ્યક્તિ અપંગ બને, ત્યારે સગપણ તોડી નાખવાની છૂટ છે.'

મારો આ ન્યાય સાંભળી મુકુંદદેવ ગુસ્સે થયો. તેણે કહ્યું, 'શાસ્ત્ર કરતાંય કુળધર્મ અને રીતિરિવાજ મહાન છે. માટે તમે દીકરીના બાપને કન્યા પરણાવવાનું કહો.'

આથી મેં કહ્યું, 'શાસ્ત્ર વિરુદ્ધ ન્યાય મારાથી ન અપાય.'

મુકુંદદેવે ગુસ્સામાં આવી જઈ શાપ આપ્યો : 'જા, તું નવ મહિનામાં રાક્ષસ થઈ જઈશ.'

આ સાંભળીને જયદેવે મારો પક્ષ રાખી વરદાન દીધું : 'તેણે ભલે શાપ આપ્યો, પણ તમને સાક્ષાત્ ભગવાન નારાયણ મળશે. તેમની સેવા મળશે અને ભગવાનનું ધામ મળશે.'

નવ મહિનામાં હું મરી ગયો. અહીં રાક્ષસ થઈને રહું છું. પશુપક્ષી જે હાથમાં આવે તેનો આહાર કરું છું. એક વખત સાત દિવસ સુધી આહાર મળ્યો નહિ. તેવામાં એક બ્રાહ્મણનો યુવાન પુત્ર વનમાંથી જતો હતો. મેં તેને પકડ્યો. હું તેનો આહાર કરવા જતો હતો ત્યાં તે બોલ્યો, 'મારાં ઘરડાં મા-બાપ અને બહેનોનું હું પાલનપોષણ કરું છું. મારી બહેનોનું સગપણ નક્કી કરવા જાઉં છું. માટે તું મને છોડી દે. જો તું મને નહિ છોડે, તો તું અજગરની જેમ અહીં જડ થઈને પડી રહીશ.'

મેં તેની વાત સાંભળી નહિ. હું તેને ખાઈ ગયો. ત્યારથી જડ, આળસુ અજગરની જેમ આ વનમાં પડ્યો છું. આજે મારા માથાને આપનો ચરણસ્પર્શ થયો, તેથી મારો ઉદ્ધાર થયો છે.'' એમ કહી, રાક્ષસ નીલકંઠનાં ચરણોમાં નમી પડ્યો.

નીલકંઠે તેને આશીર્વાદ આપી કહ્યું, 'જા, તારો મોક્ષ થશે. તને કાઠિયાવાડમાં ફરી જન્મ મળશે. મારો સમાગમ મળશે. સેવા મળશે. તારું આત્યંતિક કલ્યાણ થશે. મારું અક્ષરધામ મળશે.'

આ પ્રમાણે આશીર્વાદ આપી નીલકંઠ આગળ ચાલ્યા. રાક્ષસનો દેહ પડી ગયો. (નીલકંઠના આશીર્વાદ પ્રમાણે, સોરઠના જેતપુર ગામમાં કાઠી બશિયાને ત્યાં તેનો જન્મ ભગવાનના ભક્ત તરીકે થયો. તેનું નામ રતો રાખેલું. લોકો તેને રતો બશિયો કહે. રતો બશિયો શ્રીજીમહારાજની સેવા



કરતો, ભક્તિ કરતો, લોકોને પોતાના પૂર્વજન્મની વાત કહી નિષ્ઠા કરાવતો. શ્રીજીમહારાજ પણ પોતાનો બહુ રાજીપો રતા બશિયા પર બતાવતા.)

## ૩૦. કૃતઘ્ની સેવકરામ

વેંકટાદ્રિથી નીલકંઠ વર્ણીએ કાંચીપુરમની વાટ પકડી. રસ્તામાં એક સાધુ મળ્યો. તેનું નામ સેવકરામ. ભાગવત ભણેલો અને સંસ્કૃતનો વિદ્વાન હતો. નીલકંઠે તેની પાસેથી ભાગવતના ગોપીકા ગીતના સુંદર શ્લોકો સાંભળ્યા અને તેમનું અંતર દ્રવિત થઈ ગયું. નીલકંઠને ભાગવતમાં ખૂબ રુચિ હતી. તેથી તેમની સાથે રહ્યા. સેવકરામ ભાગવતનો માત્ર કથાકાર હતો. પરંતુ સાધુતાના કોઈ લક્ષણ તેનામાં નહોતા. તેની પાસે એક હજાર સોનામહોરો, પણ કોઈ સેવક નહિ. તે માંદો પડ્યો. તેને મરડો થઈ ગયો. વારંવાર ઝાડે જવું પડે. ઝાડામાં લોહી પડે. પીડા બહુ થાય. ચલાય પણ નહિ. આથી તે રોવા લાગ્યો. મૂંઝાયો. નીલકંઠે તેને આશ્વાસન આપ્યું અને કહ્યું : 'કાંઈ ચિંતા રાખશો મા, અમે તમારી ચાકરી કરીશું.'

એક કેળાની ફૂલવાડી હતી. તેમાં વડનું એક મોટું વૃક્ષ હતું. તેની નીચે નીલકંઠે કેળના પાનની એક હાથ ઊંચી પથારી કરી સેવકરામને સુવાર્યો. તેના ઝાડાથી બગડેલાં કપડાં નીલકંઠ રોજ ધોતા, ચાકરી કરતા અને તેને જે જોઈએ તે લઈ આવીને રાંધીને જમાડતા. પોતાને જમવા માટે તે રૂપિયા આપીને બાજુના ગામમાંથી ખાંડ, સાકર, ઘી, અન્ન વગેરે નીલકંઠ પાસે મંગાવતો. નીલકંઠ તેમાંથી રસોઈ કરી તેને જમાડતા પણ નીલકંઠને પોતે તો બાજુના ગામમાં જઈને ભિક્ષા માંગીને જમવાનું રહેતું. કોઈ કોઈવાર ભિક્ષામાં કાંઈ ન મળે તો નીલકંઠને ઉપવાસ પણ કરવા પડતા. ક્યારેક તો બબ્બે દિવસ ઉપવાસ કરવા પડતા, તો પણ સેવકરામ એમ પણ ન કહે કે આજે મારી પાસે રૂપિયા છે તેમાંથી તમે આપણા બંને માટે રસોઈ કરો અને તમે મારી રસોઈમાંથી જમજો.

નીલકંઠે બે મહિના સુધી તેમની ખૂબ સેવા કરી પછી તે સાજો થયો. હવે નીલકંઠ અને સેવકરામ રામેશ્વર તરફ આગળ ચાલ્યા. રસ્તામાં સેવકરામ, નીલકંઠ પાસે પોતાનું એક મણનું ભારે પોટલું ઉપડાવતો. નીલકંઠ પોતે રૂમાલ જેટલો પણ પોતાનો સામાન ન રાખતા, તો પણ સેવકરામનું



ભારે પોટલું ઉપાડતા. સેવકરામ રોજ શેર ઘી પી જતો. પણ નીલકંઠની કાંઈ ખબર ન રાખતો. ફક્ત ગુલામની જેમ કામ કરાવ્યા કરતો. નીલકંઠને લાગ્યું કે આનામાં ભક્તિ પણ નથી અને કોઈએ કરેલા ઉપકારની કૃતજ્ઞતા પણ નથી. આથી નીલકંઠે સેવકરામને કૃતઘ્ની જાણીને તેનો ત્યાગ કર્યો. જે કરેલા ઉપકારને ન ઓળખે, તે કૃતઘ્ની કહેવાય. જે સારા કાર્યની કદર ન કરે તે કૃતઘ્ની કહેવાય. જે સેવક પાસે ચૂસી ચૂસીને કામ લે, પણ તેનાં અન્નવસ્ત્રની ખબર ન રાખે, તે કૃતઘ્ની કહેવાય. કૃતઘ્ની માણસ મહાપાપી ગણાય. સેવકરામ એવો કૃતઘ્ની હતો, નીલકંઠે તેનો સંગ છોડી દીધો.

માર્ગમાં કાંચીપુરમ્ થઈને ચાલતાં ચાલતાં ચિંગલપેટ થઈને કાવેરી નદી ઊતર્યા. નદીમાં સ્નાન કરીને કુંભકોણ પધાર્યા. અહીં દર બાર વર્ષે કુંભનો મેળો ભરાય છે. અહીં કુંભેશ્વર મહાદેવનાં દર્શન કરી મહામઘમ સરોવરમાં સ્નાન કર્યું. કુંભના મેળામાં સહુને દર્શન આપ્યાં.

અહીંથી શ્રીરંગક્ષેત્રમાં પધાર્યા. કાવેરીગંગામાં સ્નાન કરી, નીલકંઠ



શ્રીરંગના વિશાળ મંદિરમાં પધાર્યા. અહીં રામાનંદ સ્વામીને શ્રીમદ્ રામાનુજાચાર્યે સ્વપ્નમાં વૈષ્ણવી દીક્ષા આપી હતી. અહીં શ્રીરંગના વિશાળ મંદિરમાં શેષશય્યા પર ભગવાન શ્રીરંગની ચતુર્ભુજ વિશાળ શ્યામ મૂર્તિ છે. મંદિરના પ્રાંગણમાં રામાનુજાચાર્યના મંદિરમાં રામાનુજની મૂર્તિનાં દર્શન કર્યાં. નીલકંઠે જોયું કે આ બધાં તીર્થોમાં પૂજારીઓ તથા ધર્મગુરુઓ ભક્તિમાર્ગ ભૂલ્યા છે અને વિલાસી વાતાવરણમાં રચ્યાપચ્યા રહે છે. નીલકંઠે આ બધાનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું અને તેનાથી મુક્ત માર્ગ સ્થાપવાનો પોતાનો નિર્ણય વધુ દૃઢ કર્યો.

ત્યાંથી મન્નારગુડી ગયા. મન્નારગુડીને લોકો દક્ષિણ અયોધ્યા તથા દક્ષિણની દ્વારિકા તરીકે ઓળખે છે. અહીં ભગવાન શ્રી રાજગોપાલનું પ્રાચીન મંદિર છે. ભગવાન રાજગોપાલનાં દર્શન કરી નીલકંઠ દેવીપટ્ટનની વાટે વળ્યા. દ્રાવિડ દેશમાં દેવીપટ્ટન તીર્થથી સેતુબંધ શરૂ થાય છે. ચાલતાં ચાલતાં નીલકંઠ અહીં પહોંચ્યા. અહીં રામચંદ્રજીએ નવગ્રહોનું પૂજન કર્યું હતું. અહીં પણ ભગવાન વેંકટેશ્વરનું મંદિર છે. ત્યાં નીલકંઠે દર્શન કર્યાં.

## ૩૧. ભગવાનદાસને ચિહ્નોનાં દર્શન

દેવીપટ્ટનને માર્ગે જતાં એક ગામ આવ્યું. બપોરનું ટાણું હતું, તેથી નીલકંઠ નદી કિનારે વૃક્ષ નીચે આરામ કરવા સૂતા.

ત્યાંથી થોડે દૂર એક ગામ. ગામમાં એક ભાવસાર ભગવાનદાસ રહે. તેની વૃદ્ધ મા બહુ પવિત્ર અને શ્રીકૃષ્ણની પરમ ભક્ત હતી. તે રોજ તેના દીકરા ભગવાનદાસને પ્રભુની શોધ કરવા જવાનું કહેતી. તે એમ માનતી હતી કે શોધ કરીએ તો પ્રભુ જરૂર મળે અને પ્રભુ મળે તો આપણે ઘરે બોલાવીને પધરાવવા.

આજે તો સવારથી જ ડોશી મંડી પડી. ભગવાનદાસને ડોશીએ કહ્યું, 'તું ઘરનું અને ખેતીનું કામ કરીશ તેમાં ભગવાન નહિ મળે. તું બધું છોડીને પ્રભુની શોધમાં નીકળ.' પણ ભગવાનદાસ તો ન માન્યો. એ તો ચાલ્યો ગયો ખેતરમાં. બપોરે ભગવાનદાસ ઘરે જમવા આવ્યો. એની માએ તો ભાતાનો ડબો અને કપડાંનું પોટલું તૈયાર કરી રાખ્યું હતું. ભગવાનદાસ હાથ-પગ ધોઈને જમવા બેઠો. ડોશીમાએ પીરસતાં પીરસતાં ફરીથી કહ્યું, 'આજે તો હવે

ખેતરે જવાનું જ નથી. જો આ તારું કપડાંનું પોટલું અને આ ભાતાનો ડબ્બો. આ લે એકસો સોનામહોરો અને નીકળ પ્રભુની શોધમાં. ચાલ, જમી લે જલદીથી. જમીને નીકળી પડ. દરેક તીર્થમાં અને નદી કિનારે જોજે. જંગલમાં અને વાડીઓમાં જોજે. ગુફાઓમાં, કોતરોમાં તપાસ કરજે. હિમાલયમાં ફરી વળજે. પણ ભગવાન શોધી કાઢજે. ભગવાનને લીધા વગર ઘરે આવતો નહિ. જો પ્રભુને લીધા વગર પાછો આવીશ, તો પરમ ભક્ત એવા તારા બાપની આબરૂ જશે. પ્રભુને લીધા વગર હું તને દાખલ નહિ થવા દઉં.'

આ સાંભળી ભગવાનદાસનું હૃદય પીગળ્યું. તેણે કહ્યું, 'હા મા, આજે હું પ્રભુની શોધમાં જરૂર જઈશ. પણ મારે પ્રભુને ખોળવા કેવી રીતે ? પ્રભુ સાક્ષાત્ મળે પણ મારે ઓળખવા કેવી રીતે ?'

ડોશીમા તરત બોલ્યાં, 'એમાં તે શી મોટી વાત ! પ્રભુનાં બે ચરણોમાં કુલ મળી સોળ ચિહ્નો હોય. ડાબા ચરણમાં સાત ચિહ્નો અને જમણા ચરણમાં નવ ચિહ્નો હોય. પ્રભુને પડછાયો ન હોય. રાતે અંધારામાં પ્રભુ આગળ દીવો કરીએ અને દીવાનું તેજ તેમના શરીરમાંથી આરપાર નીકળે તો સમજવું કે સાક્ષાત્ ભગવાન છે. એમને છોડવા જ નહિ. વિનંતી કરીને, સમજાવીને, પ્રાર્થના કરીને, પ્રસન્ન કરીને, આપણે ઘરે લઈ આવવા.'

આ બધો સંવાદ સાંભળી ભગવાનદાસની પત્ની બોલી, 'તમે તો પ્રભુને શોધવા ચાલ્યા. મારા પ્રભુ તો તમે જ છો. તમને આખી જિંદગી સુધી પ્રભુનો પત્તો જ લાગે નહિ, તો મારે તો તમારી વાટ જ જોયા કરવાની ને !'

ડોશીમા હસી પડ્યાં. ડોશીમા કહે, 'ગાંડી, ચિંતા શું કામ કરે છે. આપણી શ્રદ્ધા હશે તો પંદર દિવસમાં જ પ્રભુ મળી જશે. ભગવાનનું ભજન કર કે તારો ધણી અને ધણીનોય ધણી ભગવાન, આપણને જલદી મળી જાય.'

ભગવાનદાસ પણ જુસ્સામાં આવી ગયો અને બોલ્યો, 'હા, હા, પ્રભુ જરૂર મળશે. જો આપણી માને કેટલો ભાવ છે ? એમનો ભાવ સાચો હશે, તારું પતિવ્રતાપણું સાચું હશે અને મારી શ્રદ્ધા સાચી હશે તો પંદર જ દિવસમાં પ્રભુ મળી જશે. હું હમણાં જ આવ્યો સમજ.' એમ કહી ડોશીમાને પગે લાગીને ભગવાનદાસ ઘરની બહાર નીકળ્યો.

ભગવાનદાસે તો આંખ મીંચીને ચાલવા માંડ્યું. પાંચ-છ ગાઉ ચાલ્યો ત્યાં તો આવી નદી. સાંજનું ટાણું હતું. સૂરજદાદા ઢળતા જતા હતા. તેને




થયું, 'આ નદી પાર કરીને સામે ગામમાં રાતવાસો કરું. કાલે સવારે ફરીથી આગળ ચાલીશ.'

નદીકિનારે નાવિકને પૈસો આપી ભગવાનદાસ હોડીમાં બેઠો. સઢમાં પવન ભરાયો. પૂરપાટ હોડી સામે કાંઠે ચાલી. થોડીવારમાં ભગવાનદાસ નદીને સામે કાંઠે પહોંચી ગયો. હોડીમાંથી ઊતરીને આઠ-દશ ડગલાં ચાલ્યો અને ફરી પાછો ઊભો રહ્યો. ભગવાનદાસને થયું : 'અહીં મારે ક્યાં રાત કાઢવી ?' ત્યાં તો કોઈકે બૂમ પાડી : 'ભગવાનદાસ, અહીં આવો; ઓ ભગવાનદાસ, અહીં આવો.'

ભગવાનદાસ પોતાનું નામ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયો. તે આજુબાજુ જોવા લાગ્યો. ત્યાં તો તેની નજર પીપળાના વૃક્ષ નીચે બેઠેલા બાળબ્રહ્મચારી નીલકંઠ વર્ણી પર પડી. નીલકંઠે ફરીથી ભગવાનદાસને નામ દઈને બોલાવ્યા. આથી ભગવાનદાસ નવાઈ પામી તેમની પાસે ગયા. નીલકંઠને નમન કરીને, ભગવાનદાસ તેમની પાસે જઈને બેઠો. તેને થયું : 'આ બ્રહ્મચારી નક્કી ચમત્કારી જણાય છે. તેમને મારું નામ ક્યાંથી આવડ્યું ? મને ઓળખ્યો કેવી રીતે ?'

આમ વિચારે છે, ત્યાં તો નીલકંઠે કહ્યું, 'ભાઈ ભગવાનદાસ, મેં તો તમને મારા પગમાં કાંટો વાગ્યો છે તે કાઢવા માટે બોલાવ્યા છે. કાંટો કાઢી આપો તો બહુ સારું. જરા પીડા ઓછી થાય.'



'બહુ સારું,' એમ કહી ભગવાનદાસ નીલકંઠની સામે બેઠા. નીલકંઠે જમણો પગ લાંબો કરીને ભગવાનદાસના ખોળામાં મૂક્યો. કાંટો કાઢવા જ્યાં ચરણ ઊંચો કરીને જોયું, ત્યાં તો ભગવાનદાસને રાતાચોળ પગમાં નવ ચિહ્નો દેખાયાં. ઊર્ધ્વરેખા, અષ્ટકોણ, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ, પદ્મ, એમ નવ ચિહ્નો દેખાયાં. પણ કાંટો ન દેખાયો. ભગવાનદાસ તો આ ચિહ્નો જોઈને ખુશ થઈ ગયો.

તેણે કહ્યું, 'પ્રભુ, કાંટો બીજા પગમાં લાગે છે. આમાં નથી.'

આથી નીલકંઠે ડાબો પગ લાંબો કરીને, તેના ખોળામાં મૂક્યો. ભગવાનદાસે જોયું તો ડાબા પગમાં બાકીનાં સાત ચિહ્નો હતાં. ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ્ય, મીન, અર્ધચંદ્ર અને વ્યોમ એમ સાત ચિહ્નો હતાં.

તરત જ તેને યાદ આવ્યું. તેણે પશ્ચિમમાં સૂરજ સામે જોયું. પછી પૂર્વમાં જોયું. તેને પોતાનો પડછાયો દેખાય, પણ નીલકંઠનો દેખાય નહિ. એ તો અતિશય રાજી થઈ ગયો. નીલકંઠને વિનંતી કરીને, પ્રાર્થના કરીને, તરત જ હોડીમાં બેસાડી પોતાને ઘરે લઈ ગયો.

નીલકંઠ અને ભગવાનદાસ મોડી રાતે ઘરે પહોંચ્યા. ભગવાનદાસે બારણું ખખડાવ્યું. ડોશીમા દરવાજો ખોલવા આવ્યાં. સાથે ભગવાનદાસની વહુ પણ કોણ છે તે જોવા દીવો લઈને દરવાજે આવી દરવાજો ખોલ્યો. બંનેનાં આશ્ચર્યનો પાર ન રહ્યો. દીવાનો પ્રકાશ નીલકંઠના શરીરમાંથી આરપાર નીકળી જતો હતો. ડોશીમા તો રાજીરાજી થઈ ગયાં. તેમનો આનંદ માતો નહોતો. રાતે ને રાતે ભગવાનદાસની વહુએ રોટલા બનાવ્યા. રોટલા ને દૂધ, માખણ ને મીસરી નીલકંઠને જમાડ્યાં. રાત આખી નીલકંઠની સેવા કરી.

પરોઢિયું થયું કે તરત જ ડોશી તો ગામમાં ઘેર ઘેર વધામણી આપી આવી કે મારે ઘરે સાક્ષાત્ ભગવાન પધાર્યા છે, સૌ કોઈ દર્શન કરવા આવજો.

લોકો તો બધા શંકાકુશંકા કરતા, કોણ આવ્યું છે તે જોવા ડોશીમાને ઘરે આવ્યા. નીલકંઠે સૌને ઉપદેશ દીધો. છેલ્લે ચતુર્ભુજ નારાયણ રૂપે દર્શન દીધું. સૌને ચાર હાથવાળા, ભગવાન નારાયણ રૂપે નીલકંઠ દેખાયા. એક હાથમાં શંખ, બીજામાં ગદા, ત્રીજામાં ચક્ર અને ચોથામાં પદ્મ ધારણ કરેલાં દેખાયાં. બધા ગ્રામવાસીઓ નીલકંઠનાં ચરણોમાં નમી પડ્યા.

નીલકંઠ ડોશીમાને ઘરે બે દિવસ રહ્યા. પછી નીલકંઠે આશીર્વાદ





આપ્યા : 'તમારા ત્રણેનો દેહ થોડા દિવસમાં પડી જશે. તમને ત્રણેને નવો જન્મ મળશે. ઉત્તર ગુજરાતમાં દંઢાવ્ય પ્રદેશમાં વડનગર ગામ છે. ત્યાં જુમખરામ ભાવસારને ત્યાં તમારો જન્મ થશે. ત્યાં આગળ થોડાં વર્ષો પછી હું તમને મળીશ, તમારી સેવા અંગીકાર કરીશ અને તમારા બધા મનોરથો પૂર્ણ કરીશ.' એમ કહી, આશ્વાસન આપી વહેલી સવારે નીલકંઠ ત્યાંથી ચાલી નીકળ્યા.

અહીંથી નીલકંઠ વર્ણી હરબોલા નામની સમુદ્રની ખાડી, નાવમાં બેસીને

ઊતર્યા અને અનેક કઠિનાઈઓ વેઠીને નીલકંઠ વર્ણી સેતુબંધ રામેશ્વર પહોંચ્યા.

ભારતના ચાર મુખ્ય તીર્થધામમાંનું એક મહાન તીર્થ રામેશ્વર છે. અહીં ભારતનાં બાર સ્વયંભૂ જ્યોતિર્લિંગમાંનું એક લિંગ છે. મંદિર અતિ વિશાળ અને પ્રાચીન છે. અહીં નીલકંઠ રોજ સમુદ્રસ્નાન કરવા જતા અને રામેશ્વર ભગવાનનાં દર્શન કરતા. નીલકંઠ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં તેમની મનોહર મૂર્તિ જોઈને યાત્રિકો તેમનામાં આકર્ષાઈ જતા. સૌ અનાયાસે જ તેમને હાથ જોડી દેતા. નાનકડા નીલકંઠનો ભક્તિભાવ, શ્રદ્ધા અને તેમની મોહક પ્રતિભાથી સૌ દર્શનાર્થીઓ સ્થિર થઈ જતા.

રામેશ્વરમાં બે માસ રોકાઈને નીલકંઠ ધનુષ્યકોટિ પધાર્યા. વિભિષણની પ્રાર્થનાથી ભગવાન રામચંદ્રજીએ ધનુષ્યની કોટિથી અહીં સેતુને તોડી નાખ્યો હતો, તેથી આ સ્થાન ધનુષ્યકોટિ તરીકે ઓળખાય છે.

હરબોલા ખાડી ઊતરી, નીલકંઠ દર્ભશયન તીર્થમાં પધાર્યા. દેવીપટ્ટનથી આ તીર્થ આઠ જ માઈલ દૂર છે. અહીં દર્ભની શય્યા ઉપર પોઢેલા દ્વિભુજ નારાયણની મૂર્તિ છે.

અહીંથી નીલકંઠ ચાલ્યા તે સુંદરરાજ (મદુરાથી બાર માઈલ દૂર) પહોંચ્યા. લોકો સુંદરરાજને વૃષભાદ્રિ તીર્થ પણ કહે છે. આ પૌરાણિક સ્થળ છે. અહીં મંદિરમાં ભગવાન સુંદરરાજ (નારાયણ) શ્રીદેવી તથા ભૂદેવી સાથે વિરાજમાન છે. અહીં તથા મીનાક્ષી મંદિરમાં દર્શન કરી નીલકંઠે ભૂતપુરી(હાલનું શ્રીપેરુમ્બુદુર)ની વાટ લીધી.

## ૩૨. શિવ-પાર્વતી દર્શને

ભૂતપુરી જતા માર્ગમાં વિકટ વન આવ્યું. દિવસે પણ સૂર્યનું કિરણ ન પેસે એવા ઘટાટોપ વનમાંથી નીલકંઠ સડસડાટ ચાલ્યા જતા હતા. એક દિવસ ગયો. બે દિવસ ગયા. એમ કરતાં ચાર-ચાર દિવસ થયા, પણ કંઈ ખાવાનું ન મળ્યું કે પીવાનું પાણી પણ ન મળ્યું. ચાલતાં ચાલતાં પાંચમા દિવસે નીલકંઠનું શરીર સાવ અચેતન થઈ ગયું. તે ભૂમિ પર પડી ગયા.

થોડીવારે જાગૃત થયા ત્યારે થોડે જ દૂર એક કૂવો જોયો. નીલકંઠ ત્યાં પહોંચ્યા. કૂવામાં પાણી ઊંડું હતું પણ નિર્મળ હતું. વેલડીની દોરડી બનાવીને નીલકંઠે કઠારી દ્વારા પાણી બહાર કાઢ્યું અને કૂવાના જળથી નાહીધોઈને




નિત્યક્રમ કર્યું. પછી પાત્રમાં શાલિગ્રામને મૂકીને કઠારીથી પાણી ભરીને શાલિગ્રામને નવરાવવા લાગ્યા. તેમણે શાલિગ્રામ પર પાણી રેડ્યું. પણ જોયું તો ચમત્કાર ! ત્રણ ચાર કઠારી જળ શાલિગ્રામ પર નાંખ્યું. પણ બધું જ જળ શાલિગ્રામ પી ગયા. નીલકંઠના મનમાં થયું, 'શાલિગ્રામને આટલી બધી તરસ લાગી છે તો ભૂખ પણ લાગી હશે, પણ અન્ન લાવવું ક્યાંથી ?'

પોતે સ્વયં ભગવાન હતા છતાં ભક્તોને ભક્તિનો પાઠ શીખવવા નીલકંઠ શાલિગ્રામની ભક્તિમાં વ્યાકુળ થઈ ગયા. કેવી રીતે જમાડીશું ? તેમ વિચાર કરવા લાગ્યા. આમ વિચાર કરે છે ત્યાં કાપડી (બાવો અને બાવીના) વેશે એક પુરુષ અને સ્ત્રી પોઠિયા પર બેસીને આવ્યાં. આ ઘોર જંગલમાં માનવીનો કદી પ્રવેશ પણ ન થયો હોય ત્યાં આ વળી કોણ આવ્યું ? નીલકંઠે તેમનો પરિચય માંગ્યો. સ્ત્રીએ કહ્યું : 'આ શિવજી છે અને હું સતી છું. આપ આટલા દિવસથી ભૂખ્યા છો તેથી આપના માટે સાથવો લાવ્યા છીએ.'

નીલકંઠને મીઠું અને સાથવો આપ્યો. શાલિગ્રામને ધરીને નીલકંઠ મીઠું અને સાથવો જમ્યા. નીલકંઠની સેવા કર્યાથી શિવપાર્વતી અત્યંત આનંદિત થઈ ગયાં. પછી પ્રણામ કરી, નીલકંઠના આશિષ લઈ આકાશમાર્ગે અદૃશ્ય થઈ ગયાં.

અહીંથી આગળ વધીને નીલકંઠ ભૂતપુરીમાં પહોંચ્યા. અહીં દર્શન કરીને થોડા દિવસે તોતાદ્રિ પહોંચ્યા.



# ૩૩. નીલકંઠ તોતાદ્રિમાં

તોતાદ્રિમાં રામાનુજાચાર્યની ગાદીની મુખ્ય બેઠક છે. એમનાં પ્રસાદીનાં કાષ્ઠાસન પણ અહીં જ સાચવ્યાં છે. મંદિરમાં ભગવાન વિષ્ણુની શેષફણાની નીચે મૂર્તિ છે. અહીં શ્રીમદ્ રામાનુજાચાર્યની ગાદી ઉપર મુખ્ય આચાર્ય સંન્યાસી જિઅર સ્વામી ત્રિદંડી સંન્યાસી હતા. નીલકંઠે તેમની પાસેથી વિષ્ણુના આયુધોની છાપ લીધી. નીલકંઠ વર્ણી તેમની પાસે કેટલોક વખત રહ્યા. રામાનુજ સંપ્રદાયના ગ્રંથો સાંભળ્યા. તેનું રહસ્ય જાણીને તેમના જેવી ઉપાસના નીલકંઠને ગમી ગઈ. અન્ય સંપ્રદાયોની સરખામણીમાં તેમને રામાનુજાચાર્યનો મત અને સંપ્રદાય સરળ અને સુંદર લાગ્યો. આથી નીલકંઠ અહીં કેટલાક મહિના રહ્યા.

અહીં ધન અને વ્યસનનો ત્યાગ હતો પરંતુ સ્ત્રીનો ત્યાગ ન હતો. અહીંના ત્યાગીઓ સ્ત્રીઓનો પ્રસંગ રાખતા. નીલકંઠને આ યોગ્ય ન લાગ્યું. એક વખત નીલકંઠ વર્ણીએ જિઅર સ્વામીને કહ્યું, 'ત્યાગી જાણીને આપને પૂછું છું કે શાસ્ત્રોમાં ત્યાગીને સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ કરવાનો કહ્યો છે, તેનું કેમ સમજવું ? સ્ત્રી, દ્રવ્ય અને રસ એ ત્રણ ત્યાગીને મોટાં બંધન કહ્યાં છે. તેનાથી બ્રહ્માદિકને પણ બંધન થાય છે. માટે ત્યાગીએ કેવો માર્ગ ગ્રહણ કરવો જોઈએ, તે આપ સમજાવો.'

પરંતુ જિઅર સ્વામીને સ્ત્રીના ત્યાગની વાત અકલ્પ્ય લાગી. એક નાના છોકરાની આવી વાત સાંભળીને તેઓ છંછેડાઈ ગયા. તેઓ તાડૂક્યા, 'કોઈ છે અહીં ? આ છોકરાને અહીંથી કાઢો. ત્યાગીના ધર્મની વાત કરે છે ! બાળક થઈ બ્રહ્માંડને બાથ ભરે છે. આ છોકરાને અહીંથી રજા આપો, પછી જ હું અન્નજળ લઈશ. આવા શિષ્ય મારે નથી જોઈતા.'

નીલકંઠે કહ્યું, 'ગુરુ, ક્રોધ કરીને અકળાવું એ ગુરુ કે શિષ્યનો ધર્મ ન કહેવાય. જેમ થોડો અગ્નિ મહેલને બાળી દે, તેમ થોડા ક્રોધનું પરિણામ પણ મોક્ષને બગાડનારું બને છે.'

જિઅર સ્વામી આ શબ્દો સાંભળી વધુ ખિજાયા. તેમણે નીલકંઠને મઠમાંથી રજા આપી. નીલકંઠ મઠની સામે એક જગ્યા હતી ત્યાં રાત રહ્યા.

ત્યાંથી દક્ષિણમાં કન્યાકુમારી આવી પહોંચ્યા. આ સ્થાનને કુમારિકાક્ષેત્ર પણ કહેવાય છે. અહીં બંગાળનો સમુદ્ર અને હિંદી મહાસાગરનો સંગમ થાય છે. ત્યાં સમુદ્રસંગમમાં સ્નાન કરીને નીલકંઠ ઉત્તર તરફ પાછા વળ્યા. અહીંથી લંબે નારાયણ અને છોટે નારાયણનાં દર્શન કરી આગળ વધ્યા.



# ૩૪. કન્યાકુમારીથી ઉત્તરમાં

માર્ગમાં કૃતમાલા નદી ઊતરીને નીલકંઠ પદ્મનાભ (ત્રિવેન્દ્રમ્) પધાર્યા. અહીં મંદિરમાં નાભિમાંથી નીકળતા કમળમાં બિરાજેલા બ્રહ્માજીની સાથે, શેષશય્યા ઉપર સૂતેલી પદ્મનાભ ભગવાનની વિશાળ મૂર્તિનાં દર્શન કર્યાં.

અહીંથી આગળ ઉત્તરમાં ચાલતાં ચાલતાં નીલકંઠ જનાર્દન તીર્થમાં પધાર્યા. નજીકમાં સમુદ્ર છે અને મીઠાં પાણીનાં ઝરણાં છે. ભગવાન જનાર્દનનું મોટું મંદિર છે. ત્યાં દર્શન કરી, નીલકંઠ આદિકેશવ પહોંચ્યા. ત્યાં તામ્રવર્ણી નદીના કિનારે મંદિરમાં ભગવાન આદિકેશવની મૂર્તિનાં દર્શન કર્યાં.

કેટલાક દિવસે ચાલતાં ચાલતાં શ્રીરંગપટ્ટમ્ પધાર્યા. શ્રીરંગનાં દર્શન કર્યાં અને યાદવગિરિ (મેલૂકોટે) ગયા. અહીં સંપતકુમારનું મંદિર છે. તેનો રામાનુજાચાર્યે પુનરુદ્ધાર કરાવેલો. મંદિરમાં ભગવાન નારાયણની મૂર્તિનાં દર્શન કરી, નીલકંઠ ઉત્તરમાં આગળ વધ્યા.

માર્ગમાં કલ્યાણીગંગામાં સ્નાન કરી સુંડુર પધાર્યા. પહાડ ઉપર સ્વામી કાર્તિકેયના મંદિરમાં દર્શન કર્યાં. આ પહાડને પર્વતગિરિ તરીકે લોકો ઓળખે છે. પહાડ ઊતરીને નીલકંઠે કિષ્કિંધા પ્રાંતમાં પ્રવેશ કર્યો. તુંગભદ્રા નદીમાં સ્નાન કર્યું. માલ્યવાન પર્વત ઉપર આવેલ સ્ફટિકશિલા તીર્થની યાત્રા કરી. અહીં ગુફામાં મંદિર બનાવેલું છે. મંદિરમાં રામ, લક્ષ્મણ, જાનકીની મૂર્તિઓ છે. તેનાં ભાવથી દર્શન કર્યાં.

ત્યાંથી ઊતરી ઋષ્યમુક પર્વત ઉપર પહોંચ્યા. આ સ્થાનને દક્ષિણનું ચક્રતીર્થ કહે છે. અહીં તુંગભદ્રા નદી ધનુષ્યાકારે વહે છે. એટલે એને લોકો ચક્રતીર્થ કહે છે. નદી બહુ ઊંડી છે. તેમાં સ્નાન કરી પહાડ ઉપર આવેલ શ્રીરામ મંદિરમાં દર્શન કર્યાં.

કિષ્કિંધા નગરીને પાવન કરી, શબરીવનમાંથી નીકળી તુંગભદ્રા નદી પાર કરીને પંપાસર પધાર્યા. પંપાસરોવરની પાસેની ટેકરીઓ પર શ્રીરંગજી અને લક્ષ્મીનારાયણનાં મંદિરો છે, ત્યાં દર્શન કર્યાં.

નીલકંઠ મહારાષ્ટ્રમાં પ્રવેશ્યા. મહારાષ્ટ્રમાં ફરતાં ફરતાં નીલકંઠ પંઢરપુર આવ્યા. ત્યાં ચંદ્રભાગા નદીને કાંઠે નીલકંઠ બે માસ રહ્યા. પંઢરપુરમાં વિઠોબાનાં દર્શન કર્યાં, બે મહિના પંઢરપુર રહી નીલકંઠ ૧૮૫૫માં અષાઢી પ્રમાણે (કાર્તિક પ્રમાણે સં. ૧૮૫૪) પૂના શહેરમાં પહોંચ્યા. તે વખતે બાપુ ગોખલે નામના રાજાના દીવાન શહેરનો કારભાર કરતા. તેઓ બહુ ભાવિક અને મુમુક્ષુ હતા. તેમણે નીલકંઠની બહુ સેવા કરી અને આશ્રિત બન્યા. નીલકંઠે અષાઢ મહિનો અહીં ગાળ્યો.

શ્રાવણ માસ બેસતાં નીલકંઠે વિંધ્યાચળ પર્વતની વાટ લીધી. ચાલતાં ચાલતાં તાપીના કાંઠે તાપી અને મૌના નદીના સંગમ પર આવ્યા. અહીં સ્નાન કરી, સામે કાંઠે બુરાનપુર પધાર્યા. ત્યાંથી આગળ ચાલતા માલેગામ પહોંચ્યા. ત્યાં એક શિવાલયમાં પાંચ દિવસ રહ્યા. મોસમ ગંગામાં સ્નાન કર્યું. અહીંથી દંડકારણ્ય વનમાંથી ચાલતા નાસિક પધાર્યા. ગોદાવરી નદીમાં સ્નાન કરી, ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કર્યાં.

નીલકંઠે હવે ગુજરાતની વાટ લીધી.

## ૩૫. નીલકંઠ ગુજરાતમાં

પાંચ દિવસ ચાલતા નીલકંઠ ગુજરાતમાં સૂર્યપુર (સુરત) પહોંચ્યા. અહીં નિર્વાણના અખાડામાં ગોડિયાના મંદિરમાં મુકામ કર્યો. ત્રણ દિવસના કોરા કડાકા થયા. ચોથે દિવસે એક માલણે સીધું આપ્યું. તે રસોઈ કરીને જમ્યા. ત્યાંથી અશ્વિનીકુમારના આરે પધાર્યા. તાપીમાં પુષ્કળ પાણી હતું. લોકોએ બહુ વાર્યા પણ નીલકંઠે તાપીમાં પડતું મૂક્યું. નીલકંઠ તાપી ઓળંગીને પેલે પાર ગયા.

ત્યાંથી ચાલતાં ચાલતાં નર્મદા નદીને તીરે અશ્વમેધને આરે ભરુચમાં રાત રહ્યા. પછી પિંપળી ગામ થઈને તવરે પહોંચ્યા. ત્યાં કપિલેશ્વર મંદિરમાં દર્શન કરી, નર્મદામાં સ્નાન કરીને શુક્લતીર્થમાં બાવા પ્યારાને ઘાટ આવી પહોંચ્યા.

શુક્લતીર્થથી અંબાળી અને અનસૂયા પધાર્યા. અહીં અનસૂયા માતાનું મંદિર છે. અંબાળીનાં મુમુક્ષુ રાજબાઈએ નીલકંઠ વર્ણીને દૂધ પાયું અને પ્રાર્થના કરી કે અહીં રહો અને આવી રીતે રોજ અમારે ત્યાં દૂધ પીઓ. રાજબાઈનો ભાવ જોઈ નીલકંઠ સાત દિવસ અનસૂયામાં રહ્યા. પણ રોજ



નર્મદામાં સ્નાન કરી અંબાળી રાજબાઈને ઘેર દૂધ પીવા પધારતા.

પછી ત્યાંથી શુકેશ્વર અને વ્યાસતીર્થ પધાર્યા. આવી રીતે નર્મદાને તીરે ઋષિઓની તપોભૂમિને પાવન કરી નીલકંઠ આગળ ચાલ્યા.

નર્મદાને કાંઠે કાંઠે ચાલતા નીલકંઠ ચાણોદ થઈને કર્નાળી પધાર્યા. અહીં પ્રાચીન મંદિરોમાં દર્શન કરીને નીલકંઠ ડભોઈ ગયા. ડભોઈમાં નીલકંઠ વાઘનાથ મહાદેવના મદિરમાં રાતવાસો રહ્યા. ત્યાંથી નીકળી વસઈ થઈને વટપત્તન (વટોદર-વડોદરા) પધાર્યા.

વડોદરા શહેરની વચ્ચે માંડવીના દરવાજા નીચે નીલકંઠે ઉતારો કર્યો. સાંજ પડી ગઈ હતી. સાંજના આછા અજવાળામાં નીલકંઠની પ્રતિભાથી આકર્ષાઈને લોકોની ભીડ થવા માંડી. લોકો જિજ્ઞાસાથી પૂછપરછ કરવા લાગ્યા. એટલામાં સામેની દુકાનમાંથી અમીચંદ નામનો વણિક વેપારી બહાર આવ્યો. તેના હાથમાં ફાનસ હતું. ટોળા વચ્ચે થઈને તે નીલકંઠ પાસે પહોંચ્યો. ફાનસના અજવાળે તેને નીલકંઠનું મુખારવિંદ જોયું. અમીચંદને લાગ્યું કે આ કોઈ મહાપુરુષ છે. તેને નીલકંઠને હાથ જોડીને ભોજન માટે પૂછ્યું. નીલકંઠે જે તૈયાર હોય તે લાવવા કહ્યું. તે દોડતો ઘરે ગયો. ઘરે પત્નીને પૂછ્યું તો તેને ખીચડી તૈયાર છે તેમ કહ્યું. તેણે પત્નીને કહ્યું : 'બહાર મોટા જોગી આવ્યા છે તેમને જમાડવા છે.'

અમીચંદની પત્નીએ પણ નીલકંઠનાં દર્શન કર્યાં હતાં. દર્શનમાત્રથી તેને શાંતિ થઈ ગઈ હતી. આથી તેણે ખૂબ ભાવપૂર્વક થાળી તૈયાર કરી આપી. અમીચંદ નીલકંઠ માટે ઘી અને ખીચડીની થાળી લઈ આવ્યો. નીલકંઠ બે કોળિયા જમ્યા. બાકીનું પાછું આપી દીધું. અમીચંદ પ્રસાદી લઈને ઘરે ગયો. તેની પત્ની એ પ્રસાદની ખીચડી જમી ગઈ. આ પ્રસાદમાત્રથી તેના અંતરની પ્રબળ વાસના મટી ગઈ અને દિવ્યશાંતિનો અનુભવ તે કરવા લાગી. તેણે પોતાના પતિને આ વાત કરી અને બીજે દિવસે વર્ણીને પકવાન જમાડવા પોતાના ઘરે લઈ આવવા કહ્યું.

વહેલી સવારે અમીચંદ નીલકંઠ પાસે આવ્યો ત્યારે નીલકંઠ તો નીકળવાની તૈયારી કરી રહ્યા હતા. અમીચંદે પોતાના ઘરે ભોજન કર્યા પછી જ જવા માટે ખૂબ આગ્રહ કર્યો. પરંતુ નીલકંઠે કહ્યું : 'તારી પાસેથી મારે સેવા લેવી છે તે ભવિષ્યમાં લઈશ.'

અમીચંદે હાથ જોડીને કહ્યું : 'પણ મારા દેહનો શો ભરોસો ?'

નીલકંઠે કહ્યું : 'તારો દેહ ત્યાં સુધી રાખવો તે મારા હાથમાં છે.' એમ કહીને હસતાં હસતાં નીલકંઠે કહ્યું : 'તારા ઘરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિ પૃથ્વીમાં દાટેલી પડી છે તે મૂર્તિ હું મારા સાધુને મોકલીને મંગાવી લઈશ.'[૩]

અમીચંદને આ સાંભળીને અત્યંત આશ્ચર્ય થયું. તેના ઘરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિ તેના પિતાએ ભૂગર્ભમાં દાટી હતી. તે તેના સિવાય બીજું કોઈ જાણતું નહોતું. નીલકંઠનાં ચરણોમાં તે ઝુકી પડ્યો. નીલકંઠ આશીર્વાદ આપીને આગળ ચાલી નીકળ્યા.

માર્ગમાં મહી નદીમાં સ્નાન કરી નાવલી ગામે પહોંચ્યા. ત્યાં ભોજન જમી લાલદાસનું કલ્યાણ કર્યું, 'તારે ઘેર સુપુત્રનો (કશિયાભાઈનો) જન્મ થશે.' તેવા આશીર્વાદ આપી, નીલકંઠ બામણગામ થઈને ડાકોર પધાર્યા.

ડાકોરમાં શ્રી રણછોડરાયનાં દર્શન કરી વરતાલ પધાર્યા. અહીં જોબન પગીએ મોટા જોગી જાણીને નીલકંઠને સીધું આપ્યું. નીલકંઠ રસોઈ કરીને જમ્યા. જોબન પગીએ નીલકંઠને રોકાઈ જવા આગ્રહ કર્યો, પણ નીલકંઠે ફરી આવવાનું વરદાન આપ્યું અને બોચાસણ ગયા. બોચાસણમાં જઈ નીલકંઠ ગામની ભાગોળે તળાવની પાળ ઉપર વડની નીચે બિરાજ્યા.

## ૩૬. બોચાસણમાં નીલકંઠ

નીલકંઠ વર્ણીને આ ગામ ખૂબ રળિયામણું લાગ્યું. ગામમાં પાટીદારોનાં મંડળો આજે ઊભરાયાં હતાં. નીલકંઠ વર્ણીએ અનુમાન કર્યું કે ગામમાં આજે કોઈક ઉત્સવ હોવો જોઈએ. એટલામાં ગામની સ્ત્રીઓ તળાવે સ્નાન કરવા આવી તેથી નીલકંઠ ત્યાંથી ઊઠીને રામજી મંદિરમાં ગયા. મંદિરના બાવાજી નરસિંહદાસે નીલકંઠને આવકાર્યા.

આજે ગામના મુખી કાનદાસ પટેલે બ્રાહ્મણોની ચોરાસી કરી હતી. ગામના લોકોએ નીલકંઠનાં દર્શન કર્યાં અને સૌ એનાથી ખૂબ જ પ્રભાવિત થઈ ગયા હતા. ગામના પાટીદાર વેરીભાઈએ કાનદાસને નીલકંઠના આગમનની જાણ કરી. કાનદાસે પોતાના પુત્ર કાશીદાસને નીલકંઠને

૩. નીલકંઠે ભવિષ્યવાણી કર્યા મુજબ આ મૂર્તિઓ વરતાલમાં મંદિર થયું ત્યારે પોતે સંતોને મોકલીને મગાવી હતી. અને વરતાલના મધ્યખંડમાં તેની સ્થાપના કરી હતી.



બોલાવવા માટે મોકલ્યા.

ડાબા પગ ઉપર જમણો પગ ચડાવી નીલકંઠ વર્ણી ધ્યાનમગ્ન બેઠા હતા. કાશીદાસ તો નીલકંઠની તેજસ્વી મૂર્તિ જોઈને ત્યાં ને ત્યાં જ સ્થિર થઈ ગયા. નીલકંઠ વર્ણીના શરીરમાંથી કેટલાય સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશ જણાવા લાગ્યો. થોડીવારે નીલકંઠે આંખો ખોલી. તે ધીમે ધીમે નીલકંઠ પાસે આવ્યા. નીલકંઠને પગે લાગીને કાશીદાસે નીલકંઠ વર્ણીને પ્રાર્થના કરી, 'હે પ્રભુ ! હે બાળબ્રહ્મચારી ! આપ મારા ઘરે ભોજન માટે પધારો.'

કાશીદાસનો ભાવ અને તેમની વિનંતીથી નીલકંઠ કાનદાસ પટેલને ઘેર પધાર્યા. ઓસરી આગળ નીચે ફળિયામાં નીલકંઠ બિરાજ્યા. નીલકંઠ વર્ણીને જોઈ કાશીદાસનાં વૃદ્ધ માતુશ્રી નાનીબા તો બહુ રાજી થઈ ગયાં. તેમને લાગ્યું કે તે કોઈ દિવ્ય લોકમાં, દિવ્યપુરુષનાં દર્શન કરી રહ્યાં છે. એટલામાં તો નીલકંઠ વર્ણીએ સામેથી કહ્યું : 'મા, લાડુ લાવો.'

નાનીબા ભાવવિભોર બની રસોડે લાડુ લેવા ગયાં ત્યારે બ્રાહ્મણોએ ના પાડી કે 'હજુ નૈવેદ્ય નથી થયું.' નાનીબા પાછાં આવ્યાં એટલે નીલકંઠે કહ્યું : 'મા, દૂધ ઔર ભાત લાવો.' પણ ઘરમાં દૂધનું ટીપું પણ નહોતું.

બપોરનું ટાણું, એટલે કાનદાસ મુઝાવા લાગ્યા. કાનદાસને થયું, 'અત્યારે દૂધ ક્યાંથી કાઢવું ? સાંજનું ટાણું હોય તો ઠીક, ભેંસ દૂધ દે. અત્યારે ભેંસ ક્યાંથી દૂધ દે ?'

પણ કાનદાસનાં પત્ની નાનીબાઈને નીલકંઠના શબ્દમાં વિશ્વાસ હતો, તેથી તે તો હાથમાં દોણી લઈને ભેંસ પાસે ગયાં. નાનીબાઈના આશ્ચર્યનો પાર ન રહ્યો. જોયું તો ભેંસનાં આંચળોમાંથી દૂધ ટપકે. ભેંસે પારસો મૂક્યો. ડોશીમાએ ભેંસને દોહી. દોણી ભરીને દૂધ કાઢ્યું.

પછી ઘરમાં આવી નીલકંઠ વર્ણીને દૂધ, ભાત ને સાકર જમાડ્યાં. નીલકંઠ જમીને તૃપ્ત થયા. ચળું કરીને નીલકંઠ ઊભા થયા.

પછી નાનીબાએ કહ્યું, 'મહારાજ, હવે અમારે ઘેર જ આપ રહો.'

નીલકંઠે કહ્યું, 'મા, અમે અહીં ફરી આવીશું, ઘણીવાર આવીશું, તમારે ત્યાં ઘર કરીને રહેશું. અમારે હજી ઘણાં કામ કરવાનાં છે, તેથી અમે જઈશું. આપના પુત્ર અને આપનું કુટુંબ મહાન ભાગ્યશાળી થશે. આખું કુટુંબ ભક્ત બનશે. અમારી ભક્તિ કરશે.' એવી આશિષ આપીને નીલકંઠ

રામજી મંદિરે આવ્યા.

સંધ્યાકાળે રામજી મંદિરમાં રામ, લક્ષ્મણ અને સીતાજીની મૂર્તિઓની આરતી ઉતારી પછી નીલકંઠે બાવાજી સામું જોઈને અગમવાણી ઉચ્ચારતા કહ્યું : 'આ મૂર્તિઓ ભવિષ્યમાં અહીં થનારા ભવ્ય મંદિરમાં બિરાજશે.'[૪]

ગામના લોકો નીલકંઠના દિવ્ય પ્રભાવમાં ખેંચાયા હતા. તેમણે કહ્યું : 'બ્રહ્મચારીજી ! હવે અહીં જ રહો ને !'

ત્યારે બાવાજી એકદમ બોલી ઊઠ્યા : 'યે લડકા યહાં રહીને શું કરશે ? યહાં તેની જરૂર નથી.'

નીલકંઠ વર્ણી હસતાં હસતાં કહેવા લાગ્યા, 'અમે આવી નાની જગ્યામાં રહીએ તેવા નથી. અમારે માટે તો અહીંયાં મોટું ધામ થશે.'[૫]

બીજે દિવસે વહેલી સવારે ત્યાંથી ચાલી નીકળ્યા.

## ૩૭. ચર્મવારિ પીવાય નહીં

બોચાસણથી નીકળી નાનાં મોટાં તીર્થો અને ગામોમાં અનેક મુમુક્ષુઓનું કલ્યાણ કરતાં કરતાં નીલકંઠ બુધેજ પહોંચ્યા અહીંથી આગળ જતા ગોરાડ ગામની ભાગોળે તળાવના કિનારે આવ્યા. એક ઘેઘુર પીપળા નીચે નીલકંઠ બિરાજ્યા. સામે જ એક વાડી હતી ત્યાં બીજલ નામનો એક કોળી કોસ હાંકતો હતો. પાણીની અછતને લઈને કૂવાના પાણી ઊંડા ગયા હતા. બળદની કાંધે ચાઠા નીકળ્યા હતા. નીલકંઠને એ જોઈને દયા આવી ગઈ. તેઓ વાડીમાં આવ્યા.

તેમણે બીજલ પાસે પાણી પીવા માંગ્યું. બીજલે કહ્યું : 'બાવાજી ! હમણાં કોસમાંથી પાણી ઠલવાશે તે પી લેજો.

---

૪. નીલકંઠે પ્રસાદિભૂત કરેલી આ મૂર્તિઓને, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરમાં મધ્યખંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમની મૂર્તિની બાજુમાં, ઇચ્છારામ અને રઘુવીરજી મહારાજના નવા નામકરણ સાથે વિ.સં. ૧૯૬૩માં પ્રતિષ્ઠિત કરેલ છે.

૫. નીલકંઠ વર્ણીની આ ભવિષ્યવાણી મુજબ બોચાસણમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ભવ્ય ત્રણ શિખરનું મંદિર બાંધીને તેના મધ્યખંડમાં સુવર્ણના સિંહાસનમાં ભગવાન સ્વામિનારાયણની તેમના ઉત્તમ સેવક ગુણાતીતાનંદ સ્વામી સાથે મૂર્તિપ્રતિષ્ઠા કરી છે.




નીલકંઠે કહ્યું : 'કોસનું પાણી તો ચર્મવારિ કહેવાય. કોસની મશક ચામડાથી બનેલી છે. તેમાં રહેલું પાણી ન પીવાય. અમને તે નહીં ખપે.'

બીજલને થયું કે આ મહાત્મા કોઈ જુદી જમાતના લાગે છે. એમણે કહ્યું : 'બાવાજી ! પીવું હોય તો પી લો, કૂવામાં તો અઢાર હાથ ઊંડે પાણી છે. કાળના ઓળા નદી, તળાવ-કૂવા પર બધે પડ્યા છે.'

બીજલને નીલકંઠનાં દર્શન કરતાં તેમના પ્રત્યે ભાવ થયો હતો તેથી કહે, 'મહારાજ ! મારી પાસે દોરડું નથી, નહીંતર તમને પાણી સિંચી દેત.'

નીલકંઠે હસતાં હસતાં કહ્યું : 'અમારે દોરડાની જરૂર નહીં પડે.' એમ કહી વર્ણી કૂવા પાસે ગયા. તેમણે તૂમડી કૂવામાં ધરી અને કૂવામાંથી પાણી ઊંચું આવ્યું. વર્ણીએ તૂંબડી ભરી લીધી.

બીજલ તો આશ્ચર્યચકિત આંખે જોઈ જ રહ્યો. બીજલ તેમના પગમાં પડી ગયો અને નીલકંઠને આ પાણી કાયમ આટલું રાખવા વીનવવા લાગ્યો. તેને લાગ્યું કે આ મહાપુરુષ જો આ ગામમાં રોકાય તો ગામનું ભાગ્ય સુધરી જાય. પરંતુ નીલકંઠને ઉતાવળ હતી. તેથી બીજલ ગામમાં જઈને બધાને કહેવા લાગ્યો, 'મારી વાડીમાં એક મહાત્મા આવ્યા છે અને કૂવાનું પાણી



તેને લીધે ઊંચું આવ્યું છે. આપણે બધા તેમને રોકીએ.'

તેની વાત સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ વાડીએ આવ્યા. પરંતુ નીલકંઠ વર્ણી તો દૂર દૂર પહોંચી ગયા હતા. સૌ નિરાશ થઈ ગયા. એટલામાં સામેથી એક ભરવાડ આવતો જોયો. ભરવાડને સૌએ પૂછ્યું, ત્યારે તેણે કહ્યું : 'હા ! હા ! એક તપસ્વી જમીનથી બે હાથ અધ્ધર હાલ્યા જાય છે. અને વીજળીના જેવો એમનો વેગ છે. તમે પહોંચી નહીં શકો.' સૌને થયું કે નક્કી એ ભગવાન જ હતા.

## ૩૮. મારવાનો શો અધિકાર

ખંભાતની ખાડીને તીરે ધનકા તીર્થમાં પધાર્યા. અહીં પર્વણી પ્રસંગે ઊમટેલી માનવમેદની તરફ કૃપાદૃષ્ટિ કરી. ઉત્તરમાં રામસર તળાવડીએ પધાર્યા. અહીં પાસેના કૂવામાંથી તેમણે પાણી લીધું અને ઠાકોરજીને ધરાવીને પીધું. પછી ત્યાંથી શિકોતરને આરે જવા નીકળ્યા. સામે એક માણસ મળ્યો. નીલકંઠે તેનો વરવો વેશ, હાથમાં ઝોળી જોઈ પૂછ્યું : 'ભાઈ, તું કોણ છે અને ઝોળીમાં શું છે ?'

એણે કહ્યું : 'હું જાતનો કોળી છું, લાખો મારું નામ છે. અને મારી ઝોળીમાં મેં માછલાં પકડ્યાં છે.'

આ સાંભળી વર્ણીના દિલમાં અનુકંપા જાગી. તેમનું શરીર ધ્રૂજી ગયું. તેમણે ધીરેથી કહ્યું : 'ભાઈ, કોળી જાતિમાં તો ઘણાં ભક્તો થયા છે.' એટલું કહી તેમણે ઝોળી તરફ આંગળી ચીંધીને કહ્યું : 'આટલાં માછલાં તેં કેમ માર્યાં ? આવા પાપકર્મમાંથી તું ક્યારે છૂટીશ ?'

લાખાને વર્ણીના આ એક-એક શબ્દ સાંભળી અંતરમાં ધ્રુજારી વછૂટવા લાગી. વર્ણીએ કહ્યું : 'ભાઈ ! ભગવાન તને નહિ પૂછે કે આટલા જીવ તેં કેમ માર્યા ? જીવતાને મારી નાખવાનો તને શો અધિકાર છે ?'

લાખાનું અંતઃકરણ ઘાયલ થઈ ગયું. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં તેણે હાથ જોડી કહ્યું : 'આ કારમા દુકાળમાં અનાજનાં ફાંફાં પડ્યાં એટલે આ ધંધો કરવો પડ્યો છે. પાપ તો છે પણ લાચારીના માર્યા આવાં કામ કરવાં પડે છે.'

વર્ણીએ કહ્યું : 'લાખા ! વાણિયા-બ્રાહ્મણને અન્ન નથી મળતું ? એ



ક્યાં ભૂખે મરે છે ? તેમ તું પણ જો અનાજ ખાવાનો નિર્ણય કરીશ, તો ભગવાન જરૂર દાણા પૂરશે. તારા ઘરમાં દુકાળ નહિ દેખાય.'

પછી નીલકંઠે લાખાની ઝોળીને સ્પર્શ કર્યો અને તેમાંનાં માછલાં સજીવન થઈ ગયાં ! નીલકંઠે તે માછલાં નદીમાં નખાવી દીધાં. લાખાનું અંતર હળવું થઈ ગયું. લાખાને લાગ્યું કે આ સાક્ષાત્ ભગવાન જ છે.

લાખો નીલકંઠનાં ચરણોમાં પડી ગયો અને બોલવા લાગ્યો : 'પ્રભુ ! આજની રાત વડગામમાં રહી જાઓ. સંધ્યાટાણું થયું છે અને આગળ રસ્તો વેરાન છે. વળી, મહી અને સાબરમતીનો જ્યાં સંગમ થાય છે ત્યાં વાંસપુર પાણી રહે છે એટલે ઊતરી નહિ શકાય અને સામે પાર ઝાડીમાં તો વાઘ-દીપડાનો ભય પણ છે.' વર્ણી આ બધું સાંભળી રહ્યા.

વર્ણીએ તેને કહ્યું : 'લાખા, જેમ રસ્તો વધારે વિકટ, જેમ નદીમાં પાણી વધુ ઊંડાં, જેમ વાઘ-દીપડાનો વધુ ભય તેમ મને ત્યાં જવાનું વધુ મન થાય છે. મારાં જ્યાં પગલાં પડે છે ત્યાંથી ભય નાસી જાય છે.' એમ કહી વર્ણી લાખાને શિકોતરના આરે લઈ ગયા.

સૂર્યાસ્ત થઈ ગયો હતો. બધે સૂમસામ હતું. ફક્ત નદીઓનો ઘૂઘવાટ અને ભરતીની શરૂઆત હતી એટલે સંગમ વધુ ભયાનક લાગતો હતો. લાખાએ ફરીથી કરગરીને કહ્યું : 'મહારાજ ! આ સંગમ પાર કરવો કઠણ છે. ભલભલા તરવૈયાની છાતી બેસી જાય તેવી ભમરીઓ ફરે છે માટે કાલે સવારે ભરતી ઊતરે પછી ચાલજો. કાલે તો હું પણ તમને ધોલેરા સુધી બીજે રસ્તે મૂકવા આવીશ.'

પરંતુ વર્ણીએ તેની વિનંતી કાને ન ધરી. વર્ણીએ કહ્યું : 'હું સામે કાંઠે પહોંચીને મારી મૃગશાલા વીંઝીશ એટલે તું જાણજે કે હું પાર ઊતરી ગયો.' પોતાને માણસાઈનો માર્ગ આપનાર અને માછલાંને પુનર્જીવિત કરનાર નીલકંઠમાં લાખો પ્રીતથી જોડાઈ ગયો હતો.

લાખાને આશીર્વાદ આપી ઉતાવળી ચાલે નીલકંઠે પાણી પર પગ મૂક્યો. લાખો આશ્ચર્યચકિત થઈને જોતો રહ્યો કે નીલકંઠ પાણી ઉપર ચાલ્યા જતા હતા. અંધારામાં પણ તેજનો લિસોટો તેને ઠેઠ સુધી દેખાયો. સામે પારથી તેણે મૃગછાલા ઊંચીનીચી થતી જોઈ. લાખાને ખાતરી થઈ કે આ દિવ્યપુરુષ તેને છોડીને ચાલ્યા ગયા છે. ઉદાસ થતો તે ગામમાં દોડીને

આવ્યો. સૌને નીલકંઠનો મહિમા કહેવા લાગ્યો. ગામમાં સૌને લાગ્યું કે જરૂર કોઈ મહાન વિભૂતિપુરુષ આ ગામને પ્રસાદીનું કરીને ચાલી નીકળ્યા છે. વાગડ આવી રાણા બાવળોજ કુંભારને ત્યાં રાત રહ્યા. તેણે સૂવા ગોદડી આપી, પણ નીલકંઠ પોતાના નિયમ મુજબ માટીના ઢગલા પર સૂઈ રહ્યા.

## ૩૯. સ્વસ્વરૂપની ઓળખાણ

નીલકંઠ એક પછી એક ગામો, શહેરો અને તીર્થો વટાવતાં વટાવતાં ગુજરાતના પશ્ચિમ તટે આવેલા દરિયાકિનારા તરફ આગળ ધપી રહ્યા હતા. જ્યાં જ્યાં નીલકંઠ પસાર થતા ત્યાં લોકોને પોતાના દિવ્યસ્વરૂપમાં આકર્ષી લેતા. લોકો આશ્ચર્યવત્ ઓળખાણ પૂછે કે ન પૂછે તો પણ નીલકંઠ પોતાના સ્વસ્વરૂપની મસ્તીમાં પોતાની ઓળખાણ આપી દેતા અને ભવિષ્યની એંધાણી આપતા.

ચાલતાં ચાલતાં નીલકંઠ વર્ણી ભાવનગર જિલ્લાના કુકડ ગામે પધાર્યા. અહીં ગામ વચ્ચેથી દરબારની ડેલી પાસેથી નીકળ્યા. તે સમયે દરબાર ભગવાનસિંહજી અને તેમના કામદાર ખોજા જીવા ઠક્કર ડેલીએ બેઠા હતા. વર્ણીરાજ થોડો સમય અહીં ઊભા રહ્યા. તેમને જોઈને દરબારને થયું કે કોઈ માંગણ બ્રહ્મચારી હશે. તેથી તેમણે સહેજ મજાકમાં હસતાં હસતાં પૂછ્યું : 'મહારાજ ! કયે ગામ રે'વું ? શું નામ ? શું જાત ?'

નીલકંઠે ખુમારીથી ઉત્તર આપ્યો : 'અમારો દેશ અનિર્દેશ, જાતિ બ્રહ્મ અને નામ અનંત છે. હું પણ મારાં નામ ગણી શકતો નથી.'

એટલું કહીને ત્યાંથી ચાલી નીકળ્યા. કામદાર ચતુર હતો. તેણે વિચાર્યું કે આ કોઈ મહાન યોગી હશે. નહિ તો આવી અગમ વાણી ન બોલે. તેમણે રાજાને કહ્યું : 'બાપુ ! માનો ન માનો પણ એ કોઈ મોટા જોગી હતા. આપણે આદર ન કર્યો તે બહુ ખોટું કર્યું.'

બાપુ મુમુક્ષુ હતા. તેમણે કામદારને કહ્યું : 'જીવા ! તું કે' છે ઈ માળુ ખરુંયે હોય. આપણે બહુ મોટી ભૂલ કરી. પણ હજી યોગી બહુ આઘે નહિ ગયા હોય. આપે તેમને પાછા બોલાવીએ.' બંને જણા તરત જ ઊપડ્યા.

નીલકંઠ પ્રભુ નદીને કાંઠે આંબાના ઝાડની નીચે મૃગચર્મ પાથરી બિરાજ્યા હતા. પદ્માસન વાળ્યું હતું. દૃષ્ટિ સ્થિર હતી. પાસે તુંબીપાત્ર પડ્યું



હતું. ધ્યાનમાં મગ્ન બનેલા વર્ણીને ભગવાનસિંહનો સ્પર્શ થયો ને તરત જાગ્યા. ભગવાનસિંહ તથા જીવા ઠક્કરે હાથ જોડ્યા. બંને તેમની સામે બેઠા. ભગવાનસિંહે કહ્યું : 'જોગી ! અમારે આંગણે આવીને તમે ભૂખ્યા જાઓ તેમાં અમારી શોભા નહિ. આપની અગમ વાણીમાં અમે અબુધ કાંઈ સમજ્યા નહિ માટે દરબારમાં પધારો અને અમારું અન્ન જમો.'

વર્ણીએ કહ્યું : 'દરબાર, તમે સીધું અહીં લાવો. અહીં રસોઈ કરીને જમીશ.' તરત જ દરબારે સીધું મંગાવ્યું. ઠાકોરજીને નૈવેદ્ય ધરાવીને વર્ણી જમ્યા અને પ્રસાદી રાજાને તથા કામદારને આપી. બન્નેના અંતરમાં આનંદનો અનુભવ થયો. પછી અહીં પધારવાનું વચન આપીને નીલકંઠ આગળ ધપ્યા.

ચાલતાં ચાલતાં નીલકંઠ દિહોર પધાર્યા. ગામના ચોરામાં કેટલાક ઘરડાઓ ગામગપાટા મારતા હતા. તેમને ઉપદેશ આપ્યો. ત્યાં એક ભાવસારની સ્ત્રી અને તેના પુત્ર મૂળજીએ નીલકંઠને સીધું આપીને પ્રેમથી જમાડ્યા ને વધેલી પ્રસાદી નીલકંઠ પાસેથી માગીને લીધી.

અહીંથી લાકડિયે આવ્યા. અહીં ખોજા પ્રેમજી ઠક્કર પાસે ઘાસની ગૂંથેલી સાદડી હતી. તે સાદડી કોઈ મોટા ફકીર, જોગી કે સંતને આપવાનું તેણે ઘણા વખતથી વિચારેલું. નીલકંઠ તેની હાટડી આગળ આવી કહે, 'કોટી બ્રહ્માંડમાં અમારા જેવા જોગી નહિ મળે.' એમ કહી તેની સાદડી પ્રસાદીની કરી, હસતાં હસતાં આગળ ચાલ્યા તે નાના ગોપનાથ પહોંચ્યા.

ભોળાનાથ શંભુને જળ ચડાવીને પીપરલા આવ્યા. ત્યાં એક બ્રાહ્મણની સ્ત્રીએ ભાવથી તાજો રોટલો, ગોળ દડા જેવો બનાવી, તેમાં ઘી ભરીને નીલકંઠને જમવા આપ્યો. તેનો ભાવ જોઈ નીલકંઠે રોટલાનો માંડવો (ઉપરનું પડ) ખોલ્યો. બ્રાહ્મણની સ્ત્રીને તેમાં બ્રહ્માંડ દેખાયું. તેને નીલકંઠના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો.

ગોપનાથમાં નીલકંઠ નીચી દૃષ્ટિએ વેગપૂર્વક ચાલતા હતા. સામે એક સ્ત્રી મળી. નીલકંઠ વર્ણીની વીજળીશી ગતિ જોઈને તે બાઈ સ્થિર થઈ ગઈ. વર્ણીમાં તેને વિભૂતિસ્વરૂપનો ભાવ થયો. એકાએક જ તેનાથી બોલાઈ ગયું : 'એ મહારાજ ! ઊભા રહો.'

વર્ણી આ શબ્દો સાંભળી ઊભા રહ્યા અને પાછળ જોયું. તે બાઈ વર્ણી સામે દોડી. વર્ણી પાસે આવીને તે સ્તબ્ધ થઈ ગઈ. વર્ણીએ પૂછ્યું : 'આ

લોટીમાં શું છે ?'

તેણે કહ્યું : 'દૂધ છે મહારાજ, આપ પી જાઓ.'

વર્ણીએ પોતાના કમંડળમાં દૂધ ગાળીને લીધું અને પી ગયા. પછી તેને પૂછ્યું : 'બહેન, તું કોણ છે ?'

બાઈએ કહ્યું : 'અમે પીથલપરમાં રહીએ છીએ. જાતે ખોજા છીએ. મારું નામ જાનબાઈ છે. રોજ ગાયનું દૂધ મહાદેવને ચડાવવાનો મારો નિયમ છે. રસ્તામાં જો કોઈ મળે તો એ દૂધને પાઈ દેવાનો મારો નિયમ છે.'

નીલકંઠે કહ્યું : 'જાનબાઈ ! આજે તેં આપેલું દૂધ સાક્ષાત્ મહાદેવે અંગીકાર કર્યું છે !' આમ કહી વર્ણીએ એક દિવ્યદૃષ્ટિ તેના ઉપર કરી. બાઈને અંતરમાં શાંતિનો શેરડો પડી ગયો.

માલણ નદીમાં સ્નાન કરી નીલકંઠ મહુવા શહેરમાં આવતા હતા ત્યાં પીતાંબર શેઠ મળ્યા. તેણે નીલકંઠને ફળાહાર કરાવ્યો. વર્ણીએ આશીર્વાદ આપ્યા. શ્રાવક શેઠ પીતાંબર સત્સંગી થયા. ગામમાં લક્ષ્મીનારાયણના મંદિરમાં હનુમાનજીની દેરી છે. ત્યાં આંબલીના ઝાડ નીચે ઉતારો કર્યો. એક દિવસ બાવાએ સીધું આપ્યું, બીજે દિવસે વાણિયાએ અને ત્રીજે દિવસે બાવા ફુલવણની જગ્યામાંથી સીધું મળ્યું. ત્યાં તલગાજરડાને આરે સ્નાન કરીને ધ્યાન કર્યું.

તુલસીશ્યામ થઈને ગુપ્તપ્રયાગ પધાર્યા. કાઠિયાવાડમાં આવેલ આ ગુપ્તપ્રયાગના સ્થળે નીલકંઠે રાયણ નીચે આસન કર્યું. અહીં રોજ કુંડમાં સ્નાન કરીને નીલકંઠ તીર્થવાસીઓને ઉપદેશ આપતા. તે વખતે વડનગરા નાગર ભના પાઠક હંમેશાં નીલકંઠને પ્રેમથી જમાડતા.

એક દિવસ ભના પાઠકે નીલકંઠને પૂછ્યું, 'યતિરાજ, આપનું નામ શું ?'

ત્યારે નીલકંઠે ભવિષ્યવાણી ઉચ્ચારતાં કહ્યું, 'અમારું નામ 'સહજાનંદ. ભવિષ્યમાં આજ નામે લોકો મને ઓળખશે.'

ભના પાઠક નીલકંઠના ભવિષ્યકથનથી આનંદિત થઈ ગયા. વળી, શેષશાયી મંદિરના બ્રહ્મચારી નૃસિંહાનંદ પણ વર્ણીને જમાડતા. તેની માગણીથી નીલકંઠે આશીર્વાદ આપ્યા કે કુંડમાં બારે માસ પાણી રહેશે. આ તીર્થ સારું જાણીને નીલકંઠ અહીં દોઢ માસ રહ્યા.

નીલકંઠ ડોળાહા ગામે આવ્યા. અહીં ભરવાડના નેસમાં નીલકંઠ વર્ણી



ઊતર્યા. ભરવાડે સીધું આપ્યું, પણ નીલકંઠે ન લીધું. પરંતુ નીલકંઠે ભરવાડ પાસેથી ગાયનું દૂધ માગીને પ્રેમથી પીધું. રાત્રે ભરવાડના ગુરુ ત્યાં આવ્યા. ભજનના અવાજથી નેસડો ગુંજી ઊઠ્યો. મોડી રાત્રે સૌ સૂતા.

વર્ણી ને બાવાજી પાસે પાસે જ સૂતા હતા. બાવાજી પથારીમાં પડખું ફરે ત્યારે પોતાની ટેવ મુજબ 'હે રામ !' એમ બોલી ઊઠે. ત્યારે નીલકંઠ પણ સહેજે 'હં...' એમ હોંકારો દેતા. ત્રણ-ચાર વખત વર્ણીએ હોંકારો દીધો એટલે બાવાજી ખાટલામાં બેઠા થઈ ગયા. તેમણે પૂછ્યું : 'તમે હોંકારો દ્યો છો તે તમે કાંઈ રામ છો ?'

વર્ણી હસી પડ્યા. તેમણે કહ્યું : 'હા, જે રામ હોય તે જ હોંકારો દે ને.'

એટલામાં તો તેને નીલકંઠે રામચંદ્ર ભગવાનરૂપે દર્શન દીધાં. બાવાજીને નીલકંઠના દિવ્યસ્વરૂપનો નિશ્ચય થઈ ગયો. વહેલી સવારે જ નીલકંઠ અહીંથી નીકળી ગયા અને ચાલતાં ચાલતાં લોઢવા પધાર્યા.

## ૪૦. લખુ ચારણને ત્યાં નીલકંઠ

લોઢવામાં લખુબાઈ નામની એક ચારણ ભક્ત રહેતી. લખુબાઈ સમાધિનિષ્ઠ અને નિરાવરણ દૃષ્ટિવાળી હતી. લોઢવા ગામમાં બેઠાં બેઠાં તેને સો સો ગાઉ દૂરની વસ્તુ દેખાય. સો ગાઉ દૂરનું સંભળાય. લખુ દીવાલની આરપાર નીકળી જતી. કલાકો સુધી આંખ બંધ કરી ધ્યાનમાં બેસતી. સમાધિમાં બેસતી. લખુબાઈ આત્માનંદ સ્વામીની શિષ્યા. તેની સાથે વિઠ્ઠલાનંદ અને બાલાનંદ નામના બે બ્રહ્મચારીઓ રહે. લખુને ત્યાં ભેંસોનું ખાંડું, તેથી દૂધ-દહીંની રેલમછેલ. નીલકંઠ લોઢવામાં લખુબાઈ ચારણને ઘરે પધાર્યા. લખુબાઈ ગામમાં આવતા દરેક સાધુ-સંતને સદાવ્રત દેતી. ભલભલા સાધુ-સંન્યાસીની પરીક્ષા કરી લેતી. લખુને નીલકંઠ સનકાદિક જેવા લાગ્યા, તેથી તેણે આગ્રહ કરીને નીલકંઠને પોતાને ત્યાં ત્રણ મહિના રાખ્યા. લખુ રોજ સવાર-સાંજ નીલકંઠ બ્રહ્મચારીને તાજું દૂધ અને માખણ-મીસરી આપે.

એક દિવસ નીલકંઠે લખુબાઈને પૂછ્યું, 'ડોશીમા, તમે ભક્તિદીક્ષા કોની પાસે લીધી ?'

આ સાંભળી લખુબાઈએ વાત આરંભી : 'અમારા ગુરુ આત્માનંદ સ્વામી. તેમનું સ્થાન ગિરનાર પાસે ત્રંબા ગામમાં. આત્માનંદ સ્વામી

વચનસિદ્ધ અને ખરા સદ્ગુરુ. સાક્ષાત્ જીવનમુક્ત. તેઓ અદ્વૈતના ઉપાસી એટલે 'બ્રહ્મ નિરાકાર છે', એમ ઉપદેશ આપે. અમે સૌ ભગવાનને નિરાકાર માનીએ. અમારા ગામમાં આત્માનંદ સ્વામીએ ઘણા ચમત્કાર કરેલા. આ વિઠ્ઠલાનંદ અને બાલાનંદને પણ અમારા ગુરુએ દીક્ષા આપેલી. તેમની આજ્ઞાથી જ તેઓ મારે ઘેર રહે છે. અમે તો આત્માનંદ સ્વામીને ઈશ્વર જેવા ગણીએ છીએ.' એમ કહીને લખુબાઈ અટકી. તેણે હવે બીજી વાત આરંભી.

## ૪૧. રામાનંદ સ્વામીની વાત

અયોધ્યામાં અજયપ્રસાદ નામે સરવરિયા બ્રાહ્મણ રહે. તેની પત્નીનું નામ સરમનિ. તેને ત્યાં સંવત ૧૭૯૫ની જન્માષ્ટમીને દિવસે એક પુત્રનો જન્મ થયો. પુત્રનું નામ પાડ્યું રામશર્મા. રામશર્માને બાળપણથી જ ભક્તિ ગમે. રામશર્મા બહુ બુદ્ધિશાળી. બાર વર્ષના થયા ત્યાં સુધી રામશર્માએ ઘરે અભ્યાસ કર્યો. પછી આગળ અભ્યાસ કરવા ઘર છોડીને ચાલી નીકળ્યા. પછી ઘરે પાછા ફર્યા જ નહિ. તીર્થયાત્રા કરતા જાય અને સાચા ગુરુની શોધ કરતા જાય. ફરતાં ફરતાં કાઠિયાવાડમાં તળાજા ગામે આવ્યા.

તળાજામાં કાશીરામ શાસ્ત્રી રહે. કાશીરામ બહુ ભણેલા અને મહા વિદ્વાન હતા. તેને ત્યાં કેટલાક સંસ્કૃત ગ્રંથો હતા. રામશર્માએ કાશીરામને ત્યાં રહી કેટલાક ગ્રંથોનો અભ્યાસ કર્યો. અભ્યાસ પૂરો કરી રામશર્મા નીકળ્યા દ્વારિકાની જાત્રાએ. દ્વારિકામાં એક સંન્યાસીએ રામશર્માને વાત કરી, 'ગિરનારની તળેટીમાં ત્રંબા ગામમાં આત્માનંદ સ્વામી રહે છે. આત્માનંદ સ્વામી સિદ્ધ અને ચમત્કારી સંત છે.'

આથી રામશર્મા શોધતાં શોધતાં ત્રંબા ગામે આવ્યા. રામશર્મા આત્માનંદ સ્વામી પાસે આવીને તેમના શિષ્ય થયા. તેમણે આત્માનંદ સ્વામીને પોતાના ગુરુ કર્યા. આત્માનંદ સ્વામીએ દીક્ષા આપીને રામાનંદ સ્વામી એવું નામ પાડ્યું. પછી તો રોજ ગુરુશિષ્ય વચ્ચે વાદવિવાદ થાય. ગુરુ આત્માનંદ સ્વામી કહે, 'ભગવાન નિર્ગુણ નિરાકાર છે. ભગવાનની મૂર્તિપૂજા હોય નહિ.' અને શિષ્ય રામાનંદ કહે, 'ભગવાન સાકાર છે. ભગવાનની મૂર્તિપૂજા અને ભક્તિ કરવી જ જોઈએ.' આવી ચર્ચા રોજ થાય.

રામાનંદ સ્વામીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ બહુ ગમે. તેમની ઇચ્છા



શ્રીકૃષ્ણ ભગવાનનાં સાક્ષાત્ દર્શન કરવાની હતી, તેથી તેઓ એક દિવસ આત્માનંદ સ્વામીનો ત્યાગ કરી ચાલી નીસર્યા. રામાનંદ સ્વામી ચાલતાં ચાલતાં દક્ષિણ ભારતમાં ગયા. રામાનુજાચાર્યની ગાદીના સ્થાન, શ્રીરંગક્ષેત્રે ગયા. અહીં તેમણે શ્રીકૃષ્ણનું ભજન અને રામાનુજની ભક્તિ આદરી, તેથી ભગવાન શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈ રામાનંદ સ્વામીને સ્વપ્નમાં દર્શન દીધાં અને રામાનુજાચાર્યે સ્વપ્નમાં જ તેમને વૈષ્ણવી દીક્ષા આપી. હાથમાં અને છાતીમાં



છાપ આપી. વૈષ્ણવધર્મ ફેલાવવાની અને સાકાર ભગવાનની ભક્તિનો પ્રચાર કરવાની આજ્ઞા કરી. સ્વપ્નમાંથી અંતર્ધાન થતી વખતે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું, ‘હું સાક્ષાત્ પોતે પૃથ્વી પર જન્મ લઈને પ્રગટ થઈશ, અનંત જીવોનો ઉદ્ધાર કરીશ અને તમને મળીશ.’ આ સાંભળી રામાનંદ સ્વામી ખૂબ પ્રસન્ન થયા.

પછી તો રામાનંદ સ્વામી આખા ભારતમાં દરેક ઠેકાણે ફરવા લાગ્યા અને શ્રીકૃષ્ણની ભક્તિનો ઉપદેશ આપવા લાગ્યા. બધે ફરતાં ફરતાં તેઓ ફરીથી પાછા કાઠિયાવાડમાં આવ્યા અને ગુરુ આત્માનંદ સ્વામીને મળ્યા. આ વખતે તેમણે ગુરુ સાથે ફરીથી ચર્ચા કરી. આત્માનંદ સ્વામી હાર્યા, તેમણે અદ્વૈત મતનો ત્યાગ કર્યો અને ભગવાનની મૂર્તિપૂજા અને ભક્તિ માન્ય કરી. ભગવાનને સાકાર કબૂલ કર્યા. તેમણે બધા શિષ્યોને સ્વામી રામાનંદના આશ્રિત થવાનું કહ્યું અને આદેશ આપ્યો : ‘હવે તમે સૌ આ રામાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો.’


થોડા વખત પછી આત્માનંદ સ્વામી સ્વધામ પધાર્યા. એમને બહુ દુઃખ થયું. રામાનંદ સ્વામીએ લોજ ગામમાં આશ્રમ સ્થાપી શ્રીકૃષ્ણનો ઉપદેશ ગામોગામ આપવા માંડ્યો. રામાનંદ જ્યાં જાય ત્યાં વાત કરતા : ‘હું તો નટના (ભગવાનના) આગમનની ડુગડુગી બજાવું છું. વેશના ભજવનાર ભગવાન સાક્ષાત્ તો હજી હવે આવશે.’

લખુબાઈનું ગળું ભરાઈ આવ્યું. લખુએ કહ્યું, ‘બ્રહ્મચારી ! અમને તો અમારા ગુરુ આત્માનંદ સ્વામી સિવાય કોઈમાં શ્રદ્ધા બેસતી નથી. બીજા શિષ્યો ભલે રામાનંદ સ્વામી પાસે ગયા, પણ અમે ત્રણ તો અહીં જ રહ્યાં છીએ. હું, વિઠ્ઠલાનંદ અને બાલાનંદ તો હજુ પણ ભગવાનને નિર્ગુણ, નિરાકાર સમજીએ છીએ. અમે રામાનંદ સ્વામીનો ઉપદેશ સાંભળતાં જ નથી.’

આ સાંભળી નીલકંઠ બ્રહ્મચારીએ લખુબાઈ, વિઠ્ઠલાનંદ અને બાલાનંદને ખૂબ ઉપદેશ કર્યો. અદ્વૈતની નિષ્ઠા તોડાવીને વિશિષ્ટતાદ્વૈતની નિષ્ઠા કરાવી. ભગવાન સદાય સાકાર છે તેમ સમજાવ્યું. ભગવાનની પૂજાભક્તિનો મહિમા સમજાવ્યો. ત્રણેને સાચું જ્ઞાન થયું. એમ કરતાં ત્રણ માસ પૂરા થયા. નીલકંઠને થયું : ‘આ લખુબાઈએ મારી ખૂબ સેવા કરી છે. હવે તેને સાચી વાત સમજાઈ છે, માટે લાવ કંઈક આપું.’

આથી નીલકંઠે તેને વરદાન માંગવા કહ્યું. ત્યારે લખુડોશી કહે :





‘બ્રહ્મચારી મહારાજ ! તમે તો ભગવાન છો. માટે મારો દીકરો વીરો, સાઠ ભેંશુ અને વાડી અમર રહે એવા આશીર્વાદ આપો.’

ત્રણ વાર વર્ણીએ એ જ કહ્યું અને ડોશીએ પણ એ જ માગ્યું. આ સાંભળી નીલકંઠને થયું : ‘ડોશીમાને માગતાં નથી આવડ્યું. માટે લાવ હું જ એને સર્વશ્રેષ્ઠ વસ્તુ આપું.’ એમ વિચારી નીલકંઠે કહ્યું, ‘લખુડોશી, તમને મારું અક્ષરધામ બક્ષિસ આપું છું.’ એવા આશીર્વાદ આપી નીલકંઠ પ્રભાસપાટણને માર્ગે ચાલી નીકળ્યા.

## ૪૨. નરસિંહ મહેતાને દર્શન

પ્રભાસપાટણ અને ભાલકા તીર્થમાં થઈને નીલકંઠે જૂનાગઢની વાટ લીધી. ગિરનારની પ્રદક્ષિણા કરીને ગિરનાર ચઢ્યા. દામોદર કુંડમાં સ્નાન કર્યું. દામોદરજીના મંદિરમાં પૂજારીને દામોદરરૂપે દર્શન દીધાં. પછી ગૌમુખી ગંગામાં નહાવા ગયા. ત્યાં ઘણા બાવાઓ રહેતા. તેમણે નીલકંઠને કહ્યું, ‘આ સ્થાન અમારું છે. અમે તમને અહીં નહીં નહાવા દઈએ.’

આ સાંભળી નીલકંઠે તેમને વામનજી ભગવાનરૂપે દર્શન આપ્યાં.

બાવાઓને પોતાની ભૂલ સમજાઈ. તેમણે નીલકંઠને નવરાવ્યા. ચંદન ચર્ચી ફૂલમાળા પહેરાવીને જમાડ્યા. ઉપર દત્તાત્રયની જગ્યામાં એક તપસ્વીને દત્તાત્રય સ્વરૂપે દર્શન દીધાં.

ગિરનાર ઊતરીને નીલકંઠ જૂનાગઢ પધાર્યા. જૂનાગઢમાં હાટકેશ્વર મહાદેવની જગ્યા પાસે જઈને બેઠા. તે વખતે ત્યાંથી એક નાગર બ્રાહ્મણ નીકળ્યો. તેણે નીલકંઠને જોયા. તેને થયું, 'આ તપસ્વી બહુ વિદ્વાન લાગે છે, માટે લાવ પ્રશ્ન પૂછું.' આમ વિચારી તેણે એકી સાથે દશ પ્રશ્નો નીલકંઠને પૂછ્યા. નીલકંઠે દશે પ્રશ્નોના જવાબ બે જ વાક્યમાં આપી દીધા. આથી બ્રાહ્મણ અચરજ પામી ગયો. તે નીલકંઠનાં ચરણોમાં નમી પડ્યો. બ્રાહ્મણ નીલકંઠને પોતાને ઘેર લઈ ગયો અને શીરો-પૂરી કરીને જમાડ્યા. નીલકંઠ બ્રાહ્મણને ઘરે રાત રહ્યા. રાતે બ્રાહ્મણને ભગવાન શંકરરૂપે નીલકંઠે દર્શન દીધાં.

વહેલી સવારે નીલકંઠ જૂનાગઢથી નીકળીને માર્ગમાં ભૂતનાથ મહાદેવનાં દર્શન કરી, ખેંગારવાવમાં પાણી પીને વંથળી ગયા. ત્યાં સૂર્યકુંડમાં નાહીને પીપલાણા ગયા. પીપલાણામાં એક પવિત્ર બ્રાહ્મણ નરસિંહ મહેતા રહે. નીલકંઠ નરસિંહ મહેતાના ઘરને ઓટલે જઈને બેઠા. તે વખતે નરસિંહ મહેતા શાલિગ્રામની પૂજા કરતા હતા. તેનો પુત્ર કલ્યાણજી આંગણામાં બેઠો હતો. નીલકંઠે કલ્યાણજી પાસે ભિક્ષા માગી. કલ્યાણજીએ કહ્યું, 'હમણાં કાંઈ રસોઈ તૈયાર નથી. જો તમે બે ઘડી રોકાવ, તો સારી રસોઈ કરીને જમાડું.'

નીલકંઠ કહે, 'અમે રસોઈ સારુ ઊભા રહેતા નથી. અમારે જાત્રાએ જવું છે. જો કાંઈ તૈયાર હોય તો લાવો.'

નીલકંઠે કલ્યાણજીને કહ્યું, 'જો અન્ન તૈયાર ન હોય, તો અમે આ ચાલ્યા.' એમ કહી નીલકંઠ ત્યાંથી ચાલ્યા. જતાં જતાં તેમણે નરસિંહ મહેતાના શાલિગ્રામ પર દૃષ્ટિ કરી. ત્યાં તો એક ચમત્કાર થયો. અંદર પૂજાની ઓરડીમાં બેઠેલા નરસિંહ મહેતાના શાલિગ્રામમાંથી તેજ નીકળવા લાગ્યું.

નરસિંહ મહેતા તરત જ ઘરની બહાર આવ્યા. તેમણે નીલકંઠને ન જોયા એટલે કલ્યાણજીને પૂછ્યું, 'તું વાત કરતો હતો તે તપસ્વી ક્યાં ગયા ?'

કલ્યાણજી કહે, 'એ તો હમણાં ને હમણાં જ અન્ન માગતા હતા. મેં કહ્યું, રોકાવ તો જમાડીશ. પણ તે તો ચાલી જ નીકળ્યા.'

આ સાંભળી નરસિંહ મહેતાએ તરત જ કલ્યાણને નીલકંઠની શોધમાં



ગામની ભાગોળ તરફ દોડાવ્યો. ભાગોળે નીલકંઠને પકડી પાડ્યા. દંડવત્ પ્રણામ કરી, સ્તુતિ કરીને નીલકંઠને પાછા ઘેર લઈ આવ્યા.

નીલકંઠ કહે, 'વાર ન લગાડશો. જે ઝટ તૈયાર થાય તેવું હોય તે બનાવી લાવો.'

નરસિંહ મહેતાએ તરત જ ભેંસનું તાજું દૂધ દોહીને, જુવારનું ધાન અને દૂધ નીલકંઠને જમાડ્યા. જમીને નીલકંઠે નરસિંહ મહેતાને ચતુર્ભુજ નારાયણરૂપે દર્શન દીધાં. નરસિંહ મહેતાએ નીલકંઠને પ્રણામ કર્યા.

નરસિંહ મહેતાને તેમના ગુરુ રામાનંદ સ્વામીના શબ્દો યાદ આવ્યા. રામાનંદ સ્વામીએ એક વખત તેમને કહ્યું હતું : 'હું તો ઉદ્ધવજીનો અવતાર છું. સાક્ષાત્ પુરુષોત્તમ પ્રભુ તો હવે પછી પધારશે અને તમારી સેવા અંગીકાર કરશે.' વળી, તે વખતે ગિરનારમાં તેને આકાશવાણી સંભળાઈ હતી : 'સાક્ષાત્ ભગવાન તારે ઘરે પધારશે અને તને ચતુર્ભુજ નારાયણરૂપે દર્શન દેશે.'



નરસિંહ મહેતા નીલકંઠના પગમાં પડી ગયા. તેણે બધી વાત નીલકંઠને કરી. તેમની વાત સાંભળી નીલકંઠે પૂછ્યું, 'તમને આકાશવાણી કેવી રીતે સંભળાઈ હતી ?'

નરસિંહ મહેતાએ પોતાની વાત શરૂ કરી : 'મને બાળપણથી ભગવાનને મળવાની ઈચ્છા. રોજ પૂજાપાઠ કરું, દાનધરમ કરું પણ પ્રભુ મળ્યા નહિ. પછી ઘરનો ત્યાગ કરીને ગિરનારમાં ખૂબ ફર્યો. કેટલાય જોગી, જતિ, બાવાઓને મળ્યો પણ અંતરમાં શાંતિ થઈ નહિ. અંતરનો તાપ ટળ્યો નહિ. આથી છેવટે કંટાળીને આપઘાત કરવા એક દિવસ ઝાડ પર ચઢ્યો. ત્યાં તો ત્રણ વખત આકાશવાણી થઈ : 'તું ચિંતા કરીશ નહિ. તું દેહ પાડીશ નહિ. સાક્ષાત્ ભગવાન તારે ઘરે પધારશે અને ચતુર્ભુજ નારાયણરૂપે દર્શન દેશે.' તે દિવસથી ઘરે પાછો આવ્યો. પૂજાપાઠ કરતો અને તમારાં દર્શનની વાટ જોતો બેઠો હતો. આજે તમારાં દર્શન થયાં તેથી મારો ઉદ્ધાર થયો છે.'

પછી નીલકંઠ ઊભા થયા અને બોલ્યા, 'હવે અમે જઈએ છીએ.'

આ સાંભળી નરસિંહ મહેતા નીલકંઠને વળાવવા સાથે ગયા. ગામને પાદર વડ સુધી ગયા ત્યાં તેમણે આશ્ચર્ય જોયું. દશે દિશામાંથી એક એક અવતાર આવ્યા અને નીલકંઠમાં લીન થઈ ગયા. બધે તેજ તેજ છવાઈ ગયું. નીલકંઠ અદૃશ્ય થઈ ગયા. નરસિંહ મહેતા આનંદિત થતા ઘરે પાછા ગયા.

નીલકંઠ ચાલતાં ચાલતાં ગામ આખા થઈને મઢડે જેઠા મેરને ત્યાં પધાર્યા. તેના નિષ્કામી વર્તમાનથી પ્રસન્ન થઈ, તેને દિવ્ય દર્શન આપી, માંગરોળ પધાર્યા. માંગરોળ ગામ બહાર પશ્ચિમ દિશામાં ડોસાવાવ છે ત્યાં ઉતારો કર્યો. અહીં વણિકપુત્ર ગોરધનભાઈએ નીલકંઠ વર્ણીને સુખડી જમાડી.

માંગરોળથી નીકળી ચાલતાં ચાલતાં આષાઢી સંવત ૧૮૫૬(વિક્રમ સંવત ૧૮૫૫)ની શ્રાવણ વદ છઠને દિવસે પ્રભાતે નીલકંઠ વર્ણી લોજ પધાર્યા.

## ૪૩. નીલકંઠ લોજમાં


સૌરાષ્ટ્રના એક કાંઠા ઉપર આવેલા નાનકડા લોજપુર ગામમાં પગ દેતાં જ નીલકંઠનું મન આ ભૂમિમાં ઠર્યું. ગામ બહાર ઉત્તર દિશામાં આવેલી વાવ ઉપર પહોંચ્યા. વહેલા પરોઢિયાનાં અજવાળાં ધીરે ધીરે પથરાતાં હતાં. વર્ષાઋતુનાં મેઘને પીને ધરતી લીલીછમ્મ ગઈ હતી. નીંદરમાંથી જાગીને



પનિહારીઓ વાવમાં પાણી ભરવા જતી હતી. એવે સમયે નીલકંઠ વર્ણી વાવમાં સ્નાન કરી, તે વાવના કાંઠા ઉપર વડ નીચે મોટી શિલા ઉપર સ્વસ્તિક આસને ધ્યાનમગ્ન બની બેઠા હતા.

પનિહારીઓની નજર એકાએક નીલકંઠ ઉપર પડી અને જાણે ધરતી સાથે તેમના પગ ચોંટી ગયા હોય તેમ તે બધી ત્યાં જ સ્થિર થઈ ગઈ. આટલી કૃશ કાયા છતાં આવું તેજાયમાન મુખારવિંદ ! નીલકંઠને નીરખી નીરખીને જોતી આ પનિહારીઓ આ કિશોરના વૈરાગ્યથી દ્રવી ગઈ. ધીરે ધીરે બધી પનિહારીઓ નીલકંઠ સમક્ષ આવીને ઊભી રહી. નીલકંઠ ધ્યાનમગ્ન જ હતા. પનિહારીઓ અંદરોઅંદર ચર્ચા કરવા લાગી કે આવી સુકુમાર અવસ્થામાં આવો વૈરાગ્ય અને આવી તપશ્ચર્યા કરવાનું તેમને કેમ સૂઝ્યું હશે ?

એટલામાં ત્યાંના આશ્રમના એક સાધુ પાણી ભરવા આવ્યા. તેની વૃત્તિઓ આ કિશોરના સ્વરૂપમાં ખેંચાઈ ગઈ. આ બાળબ્રહ્મચારી આંખો ખોલે તેની રાહ જોઈને તે પણ ઊભા રહી ગયા. પણ નીલકંઠ હજુ ધ્યાનમગ્ન જ હતા. થાકીને તેઓ વાવમાં પાણી ભરવા ગયા. પાણી ભરી આવીને ફરી નીલકંઠ સમક્ષ તે ઊભા રહ્યા. નીલકંઠનાં દર્શનથી તેને દિવ્ય



આનંદ થવા લાગ્યો. માથે પાણી ભરેલી મોટી ગાગર હતી છતાં આ સાધુ સ્થિરતાથી નીલકંઠ વર્ણી આંખો ખોલે તેની રાહ જોઈ ઊભા હતા.

થોડીવારે નીલકંઠે આંખ ખોલી. નીલકંઠનાં ખૂલેલાં નેત્રથી તેમની પ્રતિભા વિશેષ દીપવા લાગી. સાધુ હર્ષઘેલા થઈ ગયા. તેણે નીલકંઠને પૂછ્યું : 'બ્રહ્મચારીજી ! આપ ક્યાંથી પધારો છો ? આપનું શુભ નામ, માતાપિતાનું નામ, શાથી વૈરાગ્ય ગ્રહણ કર્યો, આપના ગુરુ કોણ, આ બધું જાણવાની મને ઉત્કંઠા થઈ છે.'

નીલકંઠે મોહક હાસ્ય કરીને કહ્યું : 'સાધુરામ ! ત્યાગીને ન્યાત, જાત, દેશ કે સગાંસંબંધી હોતાં નથી, જે ભવબંધનથી મુકાવે તે જ માતાપિતા અને તે જ ગુરુ ! અમે એવા ગુરુની શોધમાં નીકળ્યા છીએ.'

તેણે હાથ જોડી ફરી પૂછ્યું. ત્યારે નીલકંઠે પૂછ્યું : 'સાધુરામ ! આપનું શુભ નામ તથા આપ કોના શિષ્ય છો, કોણ સંપ્રદાય છે તે કહો.'

'મારું નામ સુખાનંદ છે. અમારા ગુરુ સ્વામી રામાનંદ, રામાનુજી દીક્ષાના આચાર્ય છે. તેમનો અહીં આશ્રમ છે અને પચાસ સંતો તે આશ્રમમાં અત્યારે રહે છે.'

નીલકંઠે રામાનંદ સ્વામી માટે ઉત્કંઠાથી પૂછ્યું. સુખાનંદે કહ્યું : 'રામાનંદ સ્વામી હાલ તો કચ્છમાં વિચરે છે પરંતુ આપ અમારા આશ્રમમાં પધારો. રામાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય મુક્તાનંદ સ્વામી અહીં બિરાજે છે. આપના જેવા સંતનાં દર્શન આશ્રમના સૌ સંતોને થશે. મુક્તાનંદ પણ બહુ જ રાજી થશે.'

નીલકંઠ વર્ણીને સુખાનંદની નમ્રતા અને વિવેક ગમ્યાં. છતાં ગામમાં જવું તેમને રુચ્યું નહિ. તેમણે કહ્યું : 'સાધુરામ ! અમે વસતિમાં કદી જતા નથી.'

સુખાનંદે ફરી કહ્યું : 'પ્રભુ ! આપ નહિ પધારો તો અમારા ગુરુ મુક્તાનંદ આપને તેડવા અહીં આવશે.'

આથી નીલકંઠ આશ્રમમાં જવા તૈયાર થયા. આશ્રમમાં પ્રવેશતાં જ મુક્તાનંદ સ્વામીનાં દર્શન થયાં. તેમણે નમસ્કાર કર્યાં. સુખાનંદે વર્ણીનો પરિચય આપ્યો. મુક્તાનંદ સ્વામી વર્ણીનાં દર્શનથી અત્યંત આકર્ષિત થયા. સુખાનંદ નીલકંઠ માટે આસન લાવ્યા એટલે નીલકંઠે કહ્યું : 'આખી પૃથ્વી



અમારું આસન છે. આસનથી દેહનું સન્માન શા માટે ?'

એટલામાં તો ત્યાં આશ્રમમાં બીજા સાધુઓ આવવા લાગ્યા. તેમને સૌને વર્ણીની આ વિભૂતિ આકર્ષવા લાગી. વર્ણીએ પણ પ્રેમપૂર્વક પૃથ્વી સ્પર્શી સૌને નમસ્કાર કર્યા. નીલકંઠે કહ્યું : 'આપનો આશ્રમ જોઈ મારું મન ઠર્યું છે, સાધુઓ જોઈ શાંતિ થઈ છે.' એટલું કહીને પછી કહ્યું : 'હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં મેં અધ્યાત્મજ્ઞાનનો સિદ્ધાંત જાણવા પાંચ પ્રશ્નો પૂછ્યા છે. પરંતુ ક્યાંય શુદ્ધ સમજણ કોઈની જોઈ નહિ.'

મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : 'આપ જે પ્રશ્ન પૂછશો તેના ઉત્તર મારા ગુરુ રામાનંદ સ્વામી પાસેથી જે રીતે હું સમજ્યો છું તે રીતે જરૂર આપીશ.'

વર્ણીએ હસીને કહ્યું : 'સ્વામી ! જીવ શું છે ? ઈશ્વર શું છે ? અને માયા શું છે ? વળી, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો કેવાં છે તે સમજાવો.'

મુક્તાનંદ સ્વામી આ પ્રશ્ન સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે કહ્યુંઃ 'વર્ણીરાજ ! આપના પ્રશ્નો ખૂબ જ ગંભીર છે. આટલી કિશોર વયમાં આપ પ્રશ્નો પૂછી શકો છો તે જ આપની મહાનતા સૂચવે છે.'

આટલું કહીને મુક્તાનંદે ખૂબ નમ્રતાથી ઉત્તર આપ્યા. નીલકંઠ વર્ણીએ કહ્યું : 'મેં આ પ્રશ્નો ઘણાને પૂછ્યા હતા, પરંતુ સૌને આ પ્રશ્નોના ઉત્તર આપવા કઠણ પડ્યા હતા. આપને આ જ્ઞાન થયું છે તે ગુરુ રામાનંદ સ્વામીની તમારી ઉપર કેવળ કૃપા જ કહેવાય.'

નીલકંઠ વર્ણીને હવે રામાનંદ સ્વામીનાં દર્શન કરવાની તીવ્ર લગની હતી. તેઓ રામાનંદ સ્વામી જ્યાં હોય ત્યાં જઈ દર્શન કરવા તૈયાર થયા. પરંતુ મુક્તાનંદે આશ્વાસન આપ્યું કે રામાનંદ સ્વામી જરૂર એક બે માસમાં અહીં આવશે. તેથી તેઓ ધીરજ ધરી ત્યાં રોકાયા.

સાત વર્ષ, એક માસ અને અગિયાર દિવસ સુધી કઠિન વન વિચરણ કરી નીલકંઠ ક્યાંય ન રોકાયા પરંતુ અહીં રોકાવા તૈયાર થયા. માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય નહીં, પરંતુ ગુજરાત અને ભારતવર્ષના ઈતિહાસનો એ સુવર્ણદિન હતો. નીલકંઠના અવિરત વિચરણની પૂર્ણાહુતિનો એ ઐતિહાસિક દિન હતો. નીલકંઠે લોજમાં રોકાવાનું નક્કી કર્યું એ ગુજરાતના ઈતિહાસની કરવટ બદલવાની અમૂલ્ય ક્ષણ હતી.

## ૪૪. વનવિચરણનો સંકેત

સંવત ૧૮૪૯ના (આષાઢી પ્રમાણે, કાર્તિક પ્રમાણે સં. ૧૮૪૮) અષાઢ સુદ દશમથી સંવત ૧૮૫૬ના (આષાઢી પ્રમાણે, કાર્તિક પ્રમાણે સં. ૧૮૫૫) શ્રાવણ વદ છઠ સુધીમાં નીલકંઠ વર્ણીએ સાત વર્ષ, એક માસ અને અગિયાર દિવસ સુધી વનવિચરણ કર્યું. છેલ્લે લોજ ગામ આવી રહ્યા. આ મહાન તીર્થયાત્રા પાછળ નીલકંઠની વિશાળ ભાવના હતી.

નીલકંઠે વનવિચરણમાં અનેક પ્રકારનાં કષ્ટો સહન કર્યાં. ટાઢ અને તડકો, વરસાદ અને હિમ, બધા વચ્ચે રહ્યા. ભૂખતરસ સહન કર્યાં. ઉપવાસો કર્યા. પોતાના શરીરમાં રૂધિર સુકાઈ ગયું તેવું ઉગ્ર તપ કર્યું. ઝેરી જીવજંતુઓ અને વિકરાળ પશુઓ વચ્ચે રહ્યા. જંગલો અને ઝાડીઓ, પર્વતો અને ખીણો, સરોવર અને ધસમસતી નદીઓ, રસ્તાઓ અને કાંટાળી કેડીઓ, આ બધે માર્ગે ચાલ્યા. ખુલ્લા શરીરે અને અડવાણે પગે, કશાય સાધન વગર નીલકંઠ ફર્યા. શા માટે ?

આ બધું તેમણે અનંત જીવોના કલ્યાણ કરવા માટે વેઠ્યું. પોતાના સંબંધે કરીને અનંત જીવજંતુઓ અને પશુપક્ષીઓને મોક્ષની ગતિ આપી. કેટલાય મુમુક્ષુઓને દર્શન આપ્યાં. અનંત જન્મથી તલસતા એવા કેટલાય પ્રભુદર્શનના પ્યાસા ભક્તોને દર્શન આપી તેમની સાધના સફળ બનાવી, તેમનો મોક્ષ કર્યો. દંભી સાધુઓ અને વૈરાગી બાવાઓના દંભ ખુલ્લા કરીને પાઠ ભણાવ્યો. અસુરોનો દૃષ્ટિમાત્રે, સંકલ્પમાત્રે સંહાર કરી, ભગવાનના ભક્તોને માટે ભક્તિનો માર્ગ નિર્વિઘ્ન બનાવી દીધો. કેટલાય વન-ઉપવનોમાં અનંતકાળથી તપ કરતા ઋષિમુનિઓને દિવ્ય ગતિ આપી, તેમની તપશ્ચર્યાનું ફળ આપ્યું. હજારો જીવોને પોતાના આશ્રિત બનાવ્યા.

નીલકંઠે ભારતની સમગ્ર ભૂમિ ઉઘાડે પગે ફરીને પાવન કરી. નદી, સરોવરો, સાગરો અને વાવ-કૂવાઓને પવિત્ર કર્યાં. તીર્થોને સજીવન કર્યાં. દેવમંદિરોને પોતાના પ્રભાવથી પાવન કર્યાં. આશ્રમો અને મઠોમાં રહેતા સાધુ-સંન્યાસીઓને પોતાના વિશુદ્ધ વર્તનથી ઉપદેશ આપ્યો. સાધુ થઈ મોક્ષ મેળવવા ઈચ્છતા મોક્ષભાગીઓને પરમહંસ બનાવવા કાઠિયાવાડને માર્ગે દોર્યા.

નીલકંઠ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે અહિંસા અને બ્રહ્મચર્યનો ઉપદેશ આપ્યો. સ્ત્રીઓ અને ધનના ત્યાગનો મહિમા કહ્યો. ગૃહસ્થનો, સાધુનો અને રાજાનો ધર્મ સમજાવ્યો. તેમણે તીર્થોનો, મંદિરોનો, સાધુસંતોના જીવનનો અને સંપ્રદાયોનાં તત્ત્વજ્ઞાન અને રીતરિવાજોનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો. તેમાંથી ગ્રહણ કરવા યોગ્ય સાર તત્ત્વ સ્મૃતિમાં રાખી લીધું.



નીલકંઠ જ્યાં જ્યાં ગયા ત્યાં સ્ત્રી-ધનના ત્યાગની રુચિવાળા સાધુઓ તથા સંપ્રદાયો છે કે નહિ તે જોયું. ભગવાનને સદા સાકાર માને છે કે નહિ તે જોયું. ભક્તે સહિત ભગવાનની દૃઢ ઉપાસના છે કે નહિ તે જોયું. તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ - આ પાંચ ભેદનું તત્ત્વજ્ઞાન ક્યાંય છે કે નહિ તે જોયું. નીલકંઠ વર્ણીએ આ પાંચ ભેદો સંબંધી પ્રશ્નો દરેક તીર્થમાં, આશ્રમમાં અને સંપ્રદાયમાં પૂછ્યા હતા. પણ ક્યાંય તેમને સંતોષકારક જવાબ મળેલા નહિ. ઉપર કહ્યો તેવો નીલકંઠની રુચિવાળો સંપ્રદાય ક્યાંય મળ્યો નહિ.

આવાં અનેક કારણોથી જ નીલકંઠ વર્ણીએ અંતે લોજ ગામમાં, રામાનંદ સ્વામીના આશ્રમમાં રહેવાનું પસંદ કર્યું. અહીં સ્ત્રી-ધનના ત્યાગની રુચિવાળા સંતો હતા. સદા સાકાર ભગવાનની, ભક્તે સહિતની ઉપાસના હતી. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના પાંચ ભેદોનું તત્ત્વજ્ઞાન માન્ય હતું. શુદ્ધ ભક્તિ સંપ્રદાય હતો. તેથી નીલકંઠે કાઠિયાવાડમાં સ્થિર થવાનું પસંદ કર્યું.

વળી, નીલકંઠ વર્ણી તો અંતર્યામી અને આર્ષદૃષ્ટા હતા. તેઓ જાણતા હતા કે મારે જે ભૂમિમાં કામ કરવું છે ત્યાં રામાનંદ સ્વામીએ કાર્યક્ષેત્ર તૈયાર કર્યું છે. શ્રીકૃષ્ણની ચરણરજથી પ્રસાદીની થયેલી કાઠિયાવાડની આ ભૂમિમાં અનંત ભક્તો મારી વાટ જોઈ રહ્યા છે, તે નીલકંઠને ખબર હતી.


સૌથી મોટું કારણ નીલકંઠ વર્ણીને સ્થિર થવાનું એ હતું કે કાઠિયાવાડ, એ તેમના ધામરૂપ અનાદિ અક્ષરબ્રહ્મની જન્મભૂમિ છે. નીલકંઠ વર્ણી પોતે પરબ્રહ્મ પુરુષોત્તમ છે. તે તો પોતાના આદર્શ ભક્ત, અનાદિ ધામ, અક્ષરબ્રહ્મ હોય ત્યાં જ આવે ને ! આમ, નીલકંઠે કાઠિયાવાડ-ગુજરાતને પ્યારું ગણી અહીં રહેવા કબૂલ્યું.

## ૪૫. બે સ્વરૂપે દર્શન

ત્રણ દિવસથી નીલકંઠ વર્ણી રામાનંદ સ્વામીના આશ્રમમાં છે. આજે તો જન્માષ્ટમીનો ઉત્સવ છે. આખો આશ્રમ ધજાપતાકાથી શણગાર્યો છે.

આસોપાલવનાં તોરણથી આશ્રમ શોભતો હતો. દરવાજે કેળના સ્તંભો રોપ્યા હતા. સવારથી ચોઘડિયાં વાગતાં હતાં. જન્માષ્ટમી એટલે તો ઉપવાસ. તેથી સૌ સંતો અને હરિભક્તોએ નિર્જળા ઉપવાસ કર્યો હતો.

સાંજ પડી, હરિભક્તોની ભીડ થવા લાગી. સૌ નાની મોટી ભેટ લઈ





આશ્રમમાં આવ્યા. ધૂન-ભજનની રમઝટ ચાલી. મુક્તાનંદ સ્વામીએ કથાવાર્તા કરી. એમ કરતાં રાતના બાર વાગ્યા. સુંદર શણગારેલા પારણામાં બાલકૃષ્ણને પધરાવ્યા. મુક્તાનંદ સ્વામીએ જન્મની આરતી કરી. સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. પારણામાં શ્રીકૃષ્ણલાલજીની મૂર્તિની જગ્યાએ સૌને નીલકંઠ વર્ણીનાં દર્શન થયાં. વળી, બીજે સ્વરૂપે મુક્તાનંદ સ્વામીની બાજુમાં સભામાં બેઠેલા પણ દેખાય. સૌને ખાતરી થઈ ગઈ કે આ નીલકંઠ જ શ્રીકૃષ્ણનો અવતાર છે. આમ, અડધો કલાક સૌને દર્શન થયાં. સૌ પંજરીનો પ્રસાદ લઈ નીલકંઠને પ્રણામ કરીને ઘેર ગયા.

## ૪૬. સ્ત્રી-પુરુષની સભા જુદી કરી


આશ્રમની બાજુમાં જ જીવરાજ શેઠનો ડેલો હતો. મુક્તાનંદ સ્વામી અહીં રોજ કથાવાર્તા કરતા. સર્વ સંતોની સાથે વર્ણી પણ કથામાં ગયા. સભામાં ખીચોખીચ ભરાયેલાં સ્ત્રી-પુરુષોને ભેગાં જોઈને તેઓ ઊભા થઈ ગયા. નીલકંઠે જોયું કે અહીં તો સ્ત્રી-પુરુષ ભેગાં બેસીને કથા સાંભળે છે. આનાથી બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય. નીલકંઠને ગમ્યું નહીં તેથી તેમણે સભાનો ત્યાગ કર્યો. મુક્તાનંદે વિચાર્યું કે વર્ણીની કિશોરવય છે તેથી કદાચ ત્યાગના અતિરેકમાં તેમને આ નહિ ગમ્યું હોય. પરંતુ નિરાંતે તેમને સમજાવીશું. તેમણે કથા ચાલુ રાખી. પરંતુ નીલકંઠે સભાનો ત્યાગ કર્યો. તેથી જાણે સૌનાં મન તેમની સાથે ગયાં હોય તેમ સૌ શૂન્યમનસ્ક થઈ ગયા ! સૌનાં ચિત્તની એકાગ્રતા તૂટી. મુક્તાનંદને આશ્ચર્ય થયું ! કોઈ દિવસ નહિ અને આજે આવું શાથી બન્યું ?

બીજે દિવસે ફરી સભા શરૂ થઈ ત્યારે નીલકંઠ ઊભા થયા અને સંતોને કહ્યું : ‘સંતો ! હરિભક્તો ! તમે સૌ મંદિરમાં આવો. હું તમને ત્યાં કથા સંભળાવીશ. આમ, સ્ત્રીઓ સાથે બેસી કથા સાંભળવી તે ધર્મ નથી.’ એટલું કહીને નીલકંઠ મંદિર ભણી ચાલવા લાગ્યા. સૌ સંતો-હરિભક્તો કથામાંથી ઊભા થઈ નીલકંઠની કથા સાંભળવા ચાલ્યા. માત્ર સ્ત્રીઓ જ મુક્તાનંદ સ્વામીની સભામાં રહી. મુક્તાનંદ સ્વામી સમજી ગયા. તેમણે પુસ્તકનાં પાનાં બાંધી ત્યાં બેઠેલી સ્ત્રીઓને કહ્યું : ‘માતાઓ ! આ હવે છેલ્લા રામરામ છે. આજથી સ્ત્રીઓ અને પુરુષોની સભા નોંખી થશે.’

નીલકંઠ વર્ણી કરતાં મુક્તાનંદ સ્વામી વયે ઘણા મોટા હતા. વળી, રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય હતા. પરંતુ નીલકંઠનો પ્રભાવ તેમના ઉપર છવાઈ ગયો હતો. તેથી નીલકંઠે કરાવડાવેલા આ સુધારાને તેમણે મસ્તક પર ચડાવ્યો. બ્રહ્મચર્યધર્મના સ્થાપનનું વર્ણીનું આ પ્રથમ સોપાન હતું.

## ૪૭. ગોખલો પૂર્યો

એટલામાં એક બીજી વાત બની ગઈ. રામાનંદ સ્વામીના આશ્રમને અડીને જ એક વાળંદનું ઘર હતું. બંને વચ્ચે એક જ દીવાલમાં એક નાનકડો ગોખલો હતો. જ્યારે સાધુને ચૂલો પેટાવવા માટે દેવતા જોઈતો હોય અથવા





વાળંદની સ્ત્રીને દેવતા જોઈતો હોય, ત્યારે એ ગોખલામાંથી એકબીજાં પાસેથી દેવતા લેતાં. નીલકંઠે દીવાલમાંનો તે ગોખલો જોયો. થોડી વારે તેમણે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : 'સ્વામી ! આ જે દીવાલમાં છિદ્ર છે તે સાધુના ધર્મમાં એક દિવસ છિદ્ર જરૂર પડાવશે. સાધુઓએ સ્ત્રી સાથે આ પ્રકારનો વ્યવહાર રાખવો તે યોગ્ય નથી.' એટલું કહીને મુક્તાનંદ સ્વામીની આજ્ઞાની રાહ જોયા સિવાય જ તેમણે ઈંટ અને ચૂનો મગાવી તે છિદ્ર તરત જ પોતાને હાથે પૂરી દીધું. સૌ સંતો જોઈ રહ્યા. મુક્તાનંદને પણ લાગ્યું કે વર્ણી કહે છે તે તદ્દન યોગ્ય જ છે.

આમ, ધર્મમાં નીલકંઠે શુદ્ધિ આણી. આથી આશ્રમમાં નીલકંઠ પ્રત્યે સૌને ખૂબ ભાવ થયો.

## ૪૮. થાંભલાને બાથ ભીડીને રહેજો

વર્ણીને રામાનંદ સ્વામીનાં દર્શનની તાલાવેલી લાગી હતી. ગુરુભક્તિનો આદર્શ તેઓ દર્શાવવા માગતા હતા. એટલામાં એક દિવસ માંગરોળથી આણંદજીભાઈ સંઘેડિયા મુક્તાનંદ સ્વામીનાં દર્શન માટે લોજ આવ્યા. તેઓ ભૂજ જતા હતા. નીલકંઠનાં દર્શન કરી આશ્રમની સર્વ વિગતો જાણી તેઓ રામાનંદ સ્વામી પાસે પહોંચ્યા. રામાનંદ સ્વામીએ ઉત્સુકતાથી લોજની ઝીણામાં ઝીણી વાત પૂછી. પછી મયારામ ભટ્ટને કહ્યું : 'લોજ જઈને નીલકંઠને કહેજો કે, જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે.'

થોડા દિવસ બાદ મયારામ ભટ્ટ અને આણંદજીભાઈ રામાનંદ સ્વામીનો સંદેશો લઈને લોજ આવી પહોંચ્યા. થાંભલાને બાથ ભીડવાની રામાનંદ સ્વામીની આજ્ઞા સાંભળીને નીલકંઠે તરત જ ઊભા થઈને થાંભલાને બાથ ભીડી. મુક્તાનંદ સ્વામી અને સૌ સંતો, ગુરુની આજ્ઞા પાળવામાં નીલકંઠની તત્પરતા જોઈને વિસ્મય પામ્યા.

થાંભલાને બાથ ભીડીને ઊભેલા નીલકંઠને જોઈને મયારામ ભટ્ટે કહ્યું : 'બ્રહ્મચારીજી ! થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે સત્સંગના સ્તંભ સમાન આ મુક્તાનંદ સ્વામી આજ્ઞામાં રહેવું એમ વાત છે.'

નીલકંઠ બાથ છોડીને મુક્તાનંદ સ્વામીને વંદન કરવા ગયા. મુક્તાનંદ

સ્વામી એમને ભેટી પડ્યા.

નીલકંઠ વર્ણીના સંબંધથી આશ્રમના સૌ સાધુઓ પોતપોતાના નિયમપાલનમાં જાગ્રત રહેવા લાગ્યા. બીજે દિવસે વર્ણીને બે ઉપવસ્ત્રો આપ્યાં, એક અલફી આપી. આ વસ્ત્ર પહેરવા વિનંતી કરીને પછી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : 'આજથી તમારું નામ સરજુદાસ. સરજુ નદીના પ્રદેશમાંથી તમો આવો છો તેથી સૌ તમને સરજુદાસ કહેશે !'

નીલકંઠ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : 'સ્વામી ! હું તો બ્રહ્મપથનો ભોમિયો છું. સરયુપ્રદેશ કે બીજા અનેક પ્રદેશો હું ભૂલી ગયો છું.'

નીલકંઠે સરજુદાસ નામ ધારણ કરીને આશ્રમની સેવામાં જાતને પરોવી દીધી. નીલકંઠ બધા સંતોને યોગનાં આસનો અને યોગની ક્રિયા શીખવવા લાગ્યા. આખા દિવસમાં એક જ વખત બપોરે બાજરાનો રોટલો, મરચાં અને મીંઢી આવળનો ગોળો જમતા. વહેલા ઊઠતા. સૌ સંતોની સેવા કરતા. સૌને પાણી ખેંચીને નવરાવતા. કાવડ લઈને આજુબાજુનાં ગામમાં ભિક્ષા માગવા જતા. છાણ વાસીદું વાળતા; એમ દિવસ આખો સેવા અને ભક્તિ કર્યા કરતા.

એક દિવસ એક વેરાગી આવ્યો. સાધુઓ તેને સદાવ્રતમાંથી અન્ન આપવા લાગ્યા. પણ તેણે તે લીધું નહિ. પછી જ્યારે સરજુદાસ જમવા બેઠા, ત્યારે તેમની થાળીમાં બાજરાનો અર્ધો રોટલો અને લવિંગિયાં મરચાંનો ગોળો સાધુએ પીરસ્યો. બાવાજીએ એ ખાવા માગ્યું. બાવાજીને લાડુ જોઈ અંદર ગળપણ હશે તેમ માની મોંમાં પાણી આવ્યું. તેણે બાજરાના રોટલા સાથે લાડુ સમજી મોટો ગ્રાસ લીધો અને મોંમાં મૂક્યો. તે જ ક્ષણે તેની જીભ, આંખ, નાક બળવા લાગ્યાં. તેમાંથી પાણી નીકળવા લાગ્યું. સરજુદાસે તેની દશા જોઈ સાધુને કહ્યું : 'આને ઘી પાઓ.' પછી તેને ઘી પાયું ત્યારે શાંતિ થઈ !

## ૪૯. ચમત્કારોની પરંપરા

હવે ગામના લોકો પણ તેમને સરજુદાસ કહેવા લાગ્યા. કિશોર સરજુદાસ સૌના લાડકવાયા બની ગયા હતા. રામાનંદ સ્વામીની આજ્ઞાથી નીલકંઠ લોજપુરમાં મુક્તાનંદ સ્વામીની ભેળા રહ્યા હતા. નીલકંઠ આશ્રમમાં બધી સેવા કરતા. છાણ-વાસીદું વાળતા, ઝાડું કાઢતા, વાસણ ઊટકતા, સાધુઓને પાણી ખેંચી નવરાવતા. વળી, હાથમાં કાવડ લઈ ભિક્ષા માગવા પણ જતા. નીલકંઠ





કાવડ લઈને દરેકના ફળિયામાં જઈને આગળપાછળ ફરતાં ફરતાં, 'રામકૃષ્ણ ધૂની ધૂની, રામકૃષ્ણ ધૂની ધૂની,' એમ બોલતા જાય અને ભિક્ષા લઈને તરત બીજા ફળિયામાં જાય. આમ, રોજ સવારે ભિક્ષા માગવા જતા.

બપોર નમતાં નીલકંઠ ચૂલાના બળતણ માટે છાણાં વીણવા જતા ત્યારે લોજ ગામની કેટલીય છોકરીઓ અને બાઈઓ પણ માથે સૂંડલા લઈને છાણું એકઠું કરવા નીકળતી. શેરીએ શેરીએ જ્યાં જ્યાં છાણના પોદળા પડ્યા હોય, ત્યાં સૌ દોડતાં. આથી નીલકંઠ પોતાની યોગશક્તિ વાપરતા. ગામની છોકરીઓ જેવી પોદળા ઉપાડવા જાય કે તરત જ ડરીને પાછી વળતી. તેમને છાણના પોદળામાં આખું બ્રહ્માંડ દેખાતું. નદી, નાળાં, પર્વત, ખીણ, જંગલ, વાદળાં, વીજળી વગેરે સૃષ્ટિ ભાળીને સ્ત્રીઓ આઘી જતી અને નીલકંઠ છાણનો પોદળો ઉપાડી લેતા. આમ, સૌથી વધુ પોદળા ભેગા કરી, તેમાં ઘાસ મેળવીને બળતણ માટે છાણાં થાપતા.

લોજ ગામથી બે ગાઉ દૂર શીલ ગામ. શીલ ગામમાં બે હરિભક્ત રહે. તેમણે વાડીમાં ખૂબ ચીભડીઓ વાવેલી. તેમણે વિચાર કર્યો કે આપણે આ ચીભડાં મુક્તાનંદ સ્વામીને આપીને ગુરુ રામાનંદ સ્વામી માટે ચીભડાંનું અથાણું તૈયાર કરાવવું. આમ વિચારી તેઓ મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા.



તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'અમારી વાડીમાં ખૂબ ચીભડાં થયાં છે. આપ બાર-પંદર હરિભક્તો મોકલીને સારાં સારાં ચીભડાં લઈ જાવ. અમારી ઇચ્છા ચીભડાં સુકાવીને તેનું અથાણું રામાનંદ સ્વામીને જમાડવાની છે.'

આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ સુખાનંદને કહ્યું, 'તમે હમણાં જ ગામમાં જાવ અને બાર-પંદર હરિભક્તોને શીલ ગામથી ચીભડાં લાવવા મોકલો.'

આ વાત નીલકંઠ વર્ણીને કાને પડી, તેમણે કહ્યું, 'મુક્તાનંદ સ્વામી, હરિભક્તોને બોલાવવાની જરૂર નથી. આજે હું આ દેવા ભક્તને લઈને શીલ ગામ જઈને બધાં ચીભડાં લઈ આવીશ.'

મુક્તાનંદ સ્વામી કહે, 'નીલકંઠ, તમારું શરીર દુબળું છે. વળી, બે ગાઉ દૂરથી પંદર-વીશ મણનો ભાર તમારા બે જણથી ન ઊપડી શકે. માટે ઝાઝા હરિભક્તો લઈ જાઓ.' આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ ઘણું સમજાવ્યા.


પણ નીલકંઠ કહે, 'આ સેવા તો હું જાતે જ કરીશ. કાંઈ પરિશ્રમ નહિ પડે.' આમ કહી નીલકંઠ દેવા ભક્તને લઈ શીલ ગામ ગયા. અઢાર મણ સારાં જોઈને ચીભડાં વીણ્યાં. પછી હરિભક્તે કહ્યું, 'ઊભા રહો, ગાડું લઈ આવું.'

ત્યારે નીલકંઠ બોલ્યા, 'ગાડાનું કાંઈ કામ નથી. એક મોટો ચોફાળ લઈ આવો.' નીલકંઠની આજ્ઞાથી હરિભક્ત મોટો ચોફાળ લઈ આવ્યા. તેમાં સોળ



મણ ચીભડાં ભરીને એક મોટો ગાંસડો બનાવ્યો. બે મણ ચીભડાં વધ્યાં તેનું એક નાનું પોટલું બનાવ્યું.

પછી નીલકંઠ કહે, 'આ મોટો ગાંસડો મારે માથે ચઢાવો', એટલે બાર માણસોએ ભેગા થઈને મહામુસીબતે સોળ મણનો મોટો ગાંસડો નીલકંઠને માથે ચઢાવ્યો. ત્યાં તો સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. આટલો મોટો ગાંસડો



નીલકંઠના માથાની ઉપર એક વેંત અધ્ધર રહ્યો. બાકીનું નાનું બે મણનું પોટલું દેવા ભક્તે માથે ઉપાડ્યું. પછી તો બંને માંડ્યા ચાલવા.

નીલકંઠ તો ચટકતી ચાલે ઉતાવળા ચાલતા જાય. પાછળ આવતા દેવા ભક્ત, એક ગાઉ ચાલ્યા ત્યાં થાક્યા. તેમને તો પરસેવો છૂટવા લાગ્યો.

દેવા ભક્ત કહે, 'મારાથી તો આ બે મણનું પોટલું ઊપડતું નથી.'

નીલકંઠ કહે, 'તમે ગભરાવ છો શું ? જુઓ, સામે રહ્યો પેલો મોટો પથ્થર. તેના પર ચઢીને હળવેકથી તમારું પોટલું મારે માથે ગાંસડો છે તેના પર રાખી દો.'

દેવા ભક્ત તો નીલકંઠની આજ્ઞા પ્રમાણે પોતાનું પોટલુંયે નીલકંઠને માથે મૂકી દીધું. નીલકંઠને માથે અધ્ધર ગાંસડો અને ગાંસડા માથે પોટલું જોઈ બધાં નવાઈ પામે.

લોજ ગામ આવ્યું એટલે આશ્રમની ખડકીમાં નીલકંઠે બેય ગાંસડા હેઠે ખડક્યા અને અંદર જઈને કહ્યું, 'ચીભડાં આવી ગયાં છે. હવે સાધુઓને કહો કે ટોપલે ટોપલે કરીને અંદર લઈ આવે.'

મુક્તાનંદ સ્વામી પંદર સાધુઓને લઈને બહાર ખડકીમાં આવ્યા. તેઓ તો આટલો મોટો ગાંસડો જોઈ દંગ થઈ ગયા. તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. દેવા ભક્તે બધી વાત વિસ્તારથી મુક્તાનંદ સ્વામીને કહી. મુક્તાનંદ સ્વામી તો નીલકંઠને સિદ્ધ યોગી જાણીને પગે લાગ્યા.

સૌ સાધુઓએ ચીભડાં કોઠારમાં ભરી દીધાં.

## ૫૦. રામાનંદ સ્વામીને પત્ર

રામાનંદ સ્વામીના આશ્રમમાં સાત માસ થયા. ફાગણ માસ આવ્યો પણ રામાનંદ સ્વામી આવ્યા નહિ. નીલકંઠનું મન રામાનંદ સ્વામીનાં દર્શન કરવા આતુર થયું. તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'આપ આજ્ઞા આપો તો ગુરુનાં દર્શન કરવા કચ્છ જઈએ.'


મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'ગુરુ હવે થોડા દિવસમાં જ અહીં આવશે. તમે અહીં રહો. આપણે ગુરુને પત્ર લખી મોકલીએ.'

તેથી તેમણે આ.સં. ૧૮૫૬ના ફાગણ વદ પાંચમે રામાનંદ સ્વામી ઉપર પત્ર લખ્યો. નીલકંઠે પણ પત્ર લખ્યો. આ પત્રો લઈ માણાવદરના



મયારામ ભટ્ટ રામાનંદ સ્વામી પાસે ગયા.

મયારામ ભટ્ટ સાત દિવસે ભૂજનગર પહોંચ્યા. દંડવત્ પ્રણામ કરીને ભટ્ટજીએ પત્રો કાઢી રામાનંદ સ્વામીના હાથમાં આપ્યા. પત્રો હાથમાં લેતાં તેમના મુખ ઉપર આનંદ તરી આવ્યો. તેમણે બંને પત્રો માથે અડાડ્યા. નીલકંઠનો પત્ર છાતીએ અડાડ્યો. રામાનંદ સ્વામીએ પહેલાં મુક્તાનંદ સ્વામીનો પત્ર ઉઘાડ્યો. તે વાંચતાં મુખારવિંદ ઉપર આનંદ ઊભરાવા લાગ્યો. પછી સરજુદાસનો પત્ર ખોલ્યો. પત્રના શબ્દોમાં નીલકંઠનો દિવ્ય પ્રભાવ અને



તેમનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ભાવ હતો.[૬] અક્ષરો અનિર્દેશના હતા.

રામાનંદ સ્વામી આનંદવિભોર બની બોલી ઊઠ્યા : 'જેમની હું રાહ જોતો હતો તે આવી ગયા. સાક્ષાત્ પરબ્રહ્મ સૌને મોક્ષનું દાન દેવા આવી પહોંચ્યા છે.'

રામાનંદ સ્વામીની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયાં. સ્વામી બોલી ઊઠ્યા : 'ધન્ય ધન્ય તમે વર્ણીરાજ ! અમારા ટળ્યા સર્વ ઉચાટ.'

પછી તેમણે સભાજનોને કહ્યું : 'ભક્તો ! આજે આપણા સર્વનાં જીવનની ધન્ય પળ છે. આજનો દિવસ મંગલ છે. જેમની હું રાહ જોતો હતો, જેમના દ્વારા ભાગવત ધર્મનું સ્થાપન થવાનું છે, લાખો બ્રહ્મરૂપ થઈને બ્રહ્મપુર ધામના અધિકારી બનવાના છે તે વર્ણી ભગવાન લોજમાં પધાર્યા છે.' એટલું કહીને તેમણે એક ભક્તને કહ્યું : 'થોડી સાકર તો લાવો.'

રામાનંદ સ્વામીએ પોશ ભરીને સાકર પ્રથમ મયારામ ભટ્ટને આપી અને કહ્યું : 'ભટ્ટજી ! આજે તમે આનંદના સમાચાર લાવ્યા છો તેથી હું તો તમને આટલું જ આપું છું. પણ વર્ણી તમને ઘણું આપશે, ન્યાલ કરી દેશે.' પછી તેમણે પોતાને હાથે જ સૌને સાકર વહેંચી.

બીજે દિવસે તેમણે વર્ણીરાજ ઉપર અને મુક્તાનંદ સ્વામી ઉપર પત્રો લખ્યા. બંને પત્રો બીડીને તેમણે ભટ્ટજીને આપ્યા. તેમને કહ્યું : 'રસ્તામાં જે જે ગામ આવે ત્યા સૌને વર્ણી લોજ પધાર્યા છે તે સમાચાર આપજો અને સૌ તેમનાં દર્શન કરવા લોજ જાય તેવી અમારી આજ્ઞા છે તે સૌને કહેજો.'

ભટ્ટજી ત્યાંથી લોજની વાટે વહેતા થયા. ઠેર ઠેર રામાનંદ સ્વામીનો સંદેશો પહોંચાડતા મયારામ ભટ્ટ લોજપુર જઈ પહોંચ્યા અને મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામીના પત્રો આપ્યા.

મુક્તાનંદ સ્વામીએ બંને પત્રો ખોલ્યા. સ્વામીએ મુક્તાનંદ સ્વામી ઉપર લખ્યું હતું : 'વર્ણી ! ત્યાં આવ્યા છે તો તેમને સાચવશો. વર્ણી આ લોકના નથી તેની પ્રતીતિ ભવિષ્યમાં થશે. તેમની પાસે સાધુઓને અષ્ટાંગ યોગ શીખવજો. અમે વૈશાખ ઊતરતા ત્યાં આવીશું.'

અને વર્ણીને લખ્યું હતું : 'તમો તમારા દેહની સંભાળ રાખજો. આ દેહે

૬. શ્રી નીલકંઠ વર્ણીએ લખેલો આ ઐતિહાસિક પત્ર આજે ગાંધીનગર ખાતે 'અક્ષરધામ' સ્મારકમાં પ્રસાદી મંડપમ્‌માં દર્શનાર્થે પ્રસ્તુત કરવામાં આવ્યો છે.



હજુ ઘણાં કામ કરવાનાં છે. હમણાં ત્યાં જ રહેજો. અહીં આવવાની ઉતાવળ કરશો નહિ. ત્યાં સાધુઓને અષ્ટાંગ યોગ શીખવજો. જેમ તમને અમારાં દર્શનની તાણ છે તેમ અમને તમારાં દર્શનની તાલાવેલી છે. છતાં સત્સંગના કાર્ય અર્થે વિચરણ કરવું પડે છે, સત્સંગીઓને રાજી રાખવા પડે છે.'

## ૫૧. નીલકંઠનો મહિમા

શેખપાટ નામે ગામ. ત્યાં લાલજી સુથાર નામના રામાનંદ સ્વામીના ભક્ત રહેતા. લાલજી સુથાર તો ગુરુ રામાનંદ સ્વામી પાસે કચ્છ ગયા અને ગુરુને પ્રણામ કર્યા.

સ્વામીએ પૂછ્યું, 'કેમ અહીં અચાનક આવ્યા ?'

લાલજી સુથાર કહે, 'થોડા દિવસ પહેલાં મયારામ ભટ્ટ આપનો પત્ર લઈને લોજ જતા હતા ત્યારે ગામ શેખપાટમાં રાત રોક્યા. મયારામ ભટ્ટે મને કહ્યું કે લોજમાં વર્ણી આવ્યા છે, તે આપના કરતાંય સમર્થ છે; મને થયું કે આપને આવીને વાત કરું કે મયારામ આપને નામે વર્ણીનો મહિમા ચલાવે છે.'

આ સાંભળી રામાનંદ સ્વામીએ કહ્યું, 'તમે અહીં આવ્યા જ શા માટે ? મેં મયારામ સાથે સૌને કહેવરાવ્યું હતું કે લોજમાં વર્ણીનાં દર્શને જજો, તો તમે લોજ કેમ ના ગયા ?'

લાલજી કહે : 'તે નીલકંઠ એવા કેવા મોટા છે ? શું દત્તાત્રેય, ઋષભદેવ, રામચંદ્ર કોના જેવા મોટા છે ?'

રામાનંદ સ્વામી કહે, 'એ સર્વે મોટા છે. એનાથી પણ શ્રીકૃષ્ણ મોટા છે. એ સર્વેથી મોટા આ નીલકંઠ છે. નીલકંઠ વર્ણી તો અવતારના અવતારી છે. એનો મહિમા તો કહીએ એટલો ઓછો છે. એનું ધ્યાન તો મોટા મોટા યોગી અને મુનિઓ ધરે છે. એવા મોટા વર્ણીરાજનાં દર્શન મૂકીને તમે કચ્છમાં શા માટે આવ્યા ? જાઓ લોજપુર અને નીલકંઠ વર્ણીનાં દર્શન કરી પ્રણામ કરજો.'

લાલજી સુથાર આ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા. આનંદિત થઈ ગુરુને પ્રણામ કર્યા. લાલજી હોંશે હોંશે નીલકંઠનાં દર્શન કરવા લોજપુરની વાટે ચાલ્યા. લાલજી સુથાર નીલકંઠ વર્ણીનાં દર્શન કરીને ધન્ય થયા. તેમણે રામાનંદ સ્વામીના અંતર્ધાન થયા બાદ દીક્ષા લીધી અને નિષ્કુળાનંદ સ્વામી નામ ધારણ કર્યું.

# ૫૨. રામાનંદ સ્વામી સાથે મિલન

નીલકંઠને લોજમાં આવ્યે લગભગ નવ માસ થઈ ગયા. છતાં રામાનંદ સ્વામી સાથે મિલન થયું નહિ. તેથી મુક્તાનંદ સ્વામીને નીલકંઠે ગમે તેમ કરીને પોતાની દર્શનની તૃષા સંતોષવા કહ્યું. રામાનંદ સ્વામીના મિલનને હજુ સમય જાય તેમ હતો તેથી મુક્તાનંદ સ્વામીએ ધીરજ આપી. અચાનક નીલકંઠે મુક્તાનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી ! કાલે આપ પૂજામાં બેસો ત્યારે હું આપની બાજુમાં બેસીશ.' મુક્તાનંદ સ્વામીને આ કાંઈ સમજાયું નહિ.

બીજે દિવસે મુક્તાનંદ સ્વામી પૂજા કરવા બેઠા ત્યારે નીલકંઠ તેમની સમક્ષ આવીને બેસી ગયા. મુક્તાનંદ સ્વામી ધ્યાનમાં બેઠા. તેમને ધ્યાનમાં રામાનંદ સ્વામીનાં દર્શન થતાં હતાં તેથી સરજુદાસે તરત જ યોગશક્તિથી પોતાની વૃત્તિ મુક્તાનંદ સ્વામીની વૃત્તિ સાથે જોડી દીધી. મુક્તાનંદ સ્વામી સન્મુખ પ્રત્યક્ષ થયેલા રામાનંદ સ્વામીનાં નીલકંઠે દર્શન કર્યાં. ગૌર અને પુષ્ટ શરીર, કમળદળ સમી આંખો, તીવ્ર નાસિકા, વિશાળ ભાલ, ગોળ ઊંડી નાભિ, આવી મનોહર મૂર્તિ જોઈ નીલકંઠને આનંદ થયો.

મુક્તાનંદ સ્વામી ધ્યાનમાંથી જાગ્રત થયા ત્યારે આનંદસભર નીલકંઠે કહ્યું : 'મેં રામાનંદ સ્વામીનાં દર્શન કરી લીધા.' એટલું કહીને તેમણે રામાનંદ સ્વામીની મૂર્તિનું વર્ણન કર્યું. સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

એટલામાં જેઠ વદ ૧૦મીની સાંજે પીપલાણાથી કુરજી દવે સંદેશો લઈને આવ્યા કે રામાનંદ સ્વામી પીપલાણા આવી રહ્યા છે, અને નીલકંઠ વર્ણી તથા સર્વે સંતોને ત્યાં તેડાવે છે.

કુરજી દવે આ શુભ સમાચાર લાવ્યા તેથી મુક્તાનંદ સ્વામીએ રાજી થઈ જઈને તેમને પોતાને માથે બાંધવાનો રૂમાલ ભેટ આપ્યો. બીજા સાધુઓએ પણ પોતાની પાસે જે જે હતું તે તેમને ભેટ આપ્યું. નીલકંઠના મોં ઉપર અપાર આનંદ હતો. પરંતુ આ બધાય આપે છે તેવું કુરજી દવેને આપવા જેવું પોતાની પાસે કાંઈ જ નહોતું. તેમણે કહ્યું : 'દવે ! હું તો તમને મારું અક્ષરધામ બક્ષિશ આપીશ.'

આ વાણીમાં કુરજી દવે કાંઈ સમજ્યા નહિ. નીલકંઠે ફરી કહ્યું : 'દવે ! જે કોઈ ન આપી શકે એવું પરાત્પર અક્ષરધામ હું તમને આપીશ.'



નીલકંઠ વર્ણી, મુક્તાનંદ સ્વામી અને સંતોની સાથે પીપલાણા જવા નીકળ્યા. રાત આખી ઝરમર વરસાદમાં સૌ ચાલતા રહ્યા. સૌને રામાનંદ સ્વામીનાં દર્શનની ઉતાવળ. સૌ ઉતાવળા ચાલે, નીલકંઠનું શરીર સાવ દુર્બળ. તેઓ થાકી ગયા. મુક્તાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને કહ્યું : 'આમ કરશો તો ક્યારે પહોંચાશે ? પીપલાણા તો હજી ઘણું છેટે છે માટે યોગધારણા કરો.'


નીલકંઠે તરત જ યોગશક્તિ ધારણ કરી. સૌથી વધુ ઝડપથી ચાલવા માંડ્યું. બાણમાંથી તીર છૂટે એવી ગતિથી નીલકંઠ સૌથી આગળ નીકળી ગયા. સંઘ પાછળ રહી ગયો. કોઈ તેમને પહોંચી શક્યું નહિ. ચાલતાં ચાલતાં ઓઝત નદીને કાંઠે પહોંચ્યા. નદીને સામે કાંઠે પીપલાણા ગામ હતું. નદી બેય કાંઠે ઊભરાય. નદીમાં જબરજસ્ત પૂર આવેલું. ભલભલા હાથી તણાઈ જાય તેવું પૂર.

નીલકંઠ શાના થોભે ! તેમને તો રામાનંદ સ્વામીનાં દર્શનની તાલાવેલી લાગેલી. તેઓ તો ઓઝત નદી પર યોગશક્તિથી સડસડાટ ચાલીને સામે કાંઠે પહોંચી ગયા. સંઘ આખો જોઈ રહ્યો. નીલકંઠ તો સામે કાંઠે જઈ નાહીધોઈ, પૂજાપાઠ કરીને તૈયાર થઈ ગયા. આ બાજુ કલાક પછી પૂર ઓસર્યું, ત્યારે સૌ તરાપા ઉપર બેસીને સામે કાંઠે ગયા. પછી મુક્તાનંદ સ્વામીની સાથે નીલકંઠ વર્ણી અને સંતો પીપલાણા ગામમાં દાખલ થયા.

રામાનંદ સ્વામી પીપલાણાના હરિભક્ત નરસિંહ મહેતાને ત્યાં બિરાજતા હતા.

આ.સં. ૧૮૫૬ના જેઠ વદ બારસનો એ માંગલિક દિવસ હતો. રામાનંદ સ્વામીને કોઈએ ખબર આપ્યા કે નીલકંઠ વર્ણી અને સંતોનો સંઘ ગામમાં આવી ગયો છે. આ સાંભળીને રામાનંદ સ્વામી એકદમ ગાદી ઉપરથી ઊઠી ગયા. એટલામાં સંઘ આવી ગયો. સૌથી આગળ નીલકંઠ હતા. રામાનંદ સ્વામીને દૂરથી જ દંડવત્ કરવા માંડ્યા. રામાનંદ સ્વામીએ એકદમ દોડીને તેમને ઉઠાડીને છાતીસરસા ચાંપ્યા.

રામાનંદ સ્વામી કહે, 'મુક્તાનંદ સ્વામી, તમને ખબર છે ? જેને માટે થઈને આપણે ગામેગામ સદાવ્રતો કરી રાખ્યાં હતાં, તે જ આ વર્ણીરાજ છે. હું કેટલા વખતથી તેમની રાહ જોતો હતો.' આટલું કહીને રામાનંદ સ્વામીએ



સૌને નીલકંઠનો ખૂબ મહિમા કહ્યો. એક સાધુએ એકાએક રામાનંદ સ્વામીને પૂછ્યું : 'સ્વામી, આપ વારંવાર કહેતા હતા કે ખેલના ભજવનારા તો હજુ હવે આવશે, તે જ આ વર્ણી ?'

આ સાંભળી રામાનંદ સ્વામી બોલી ઊઠ્યા : 'હા, એ જ આ ! તમારાં સદ્ભાગ્ય છે કે તમોને આજે મળ્યા. જ્યારે યથાર્થ ઓળખાશે ત્યારે આનંદનો પાર નહિ રહે.'

## ૫૩. જમાદારને સમાધિ

રામાનંદ સ્વામી ગાદી ઉપર તકિયે અઢેલીને બેઠા બેઠા નીલકંઠનો મહિમા સમજાવતા હતા. બાજુમાં નીચે આસન પર નીલકંઠ વર્ણી બેઠા હતા. એવામાં એક જમાદાર આવ્યો. જમાદાર જાતનો મુસલમાન; પરંતુ ભાવિક બહુ. જમાદાર તો રામાનંદ સ્વામીને પગે લાગીને કથા સાંભળવા બેસી ગયો.



નીલકંઠની કૃપાદષ્ટિથી તેને સમાધિ થઈ. સમાધિમાં જમાદારને અક્ષરધામનાં દર્શન થયાં. અક્ષરધામમાં સુંદર દિવ્ય સિંહાસન પર નીલકંઠ વર્ણીને વિરાજેલા જોયા. ચારે બાજુ અનંત મુક્તો ઊભાં ઊભાં નીલકંઠની સ્તુતિ કરતા હતા. સૌ મુક્તો સાથે રામાનંદ સ્વામીને પણ નીલકંઠની સ્તુતિ કરતા દીઠા.

થોડી વારે જમાદાર સમાધિમાંથી જાગ્યો. તેણે ઊભા થઈને કહ્યું, 'આ શું ? આ શી હિંદુની ઊલટી રીત ! મને તો સાવ અઘટિત લાગે છે. તમારા હિંદુમાં એવું કેવું કે મુરસિદ ઊંચે આસને બેસે અને અલ્લા નીચે આસને બેસે !'

રામાનંદ સ્વામી હસતાં હસતાં કહે, 'જમાદાર સાહેબ, એ તમે ન સમજો. આ તો, અમારી હિંદુની અસલની રીત છે. વશિષ્ઠ ઋષિ ઊંચે આસને બેસતા અને રામચંદ્ર ભગવાન તેમની પાસે નીચે બેસતા.'




નીલકંઠ વર્ણી મંદ મંદ હસતાં આ સંવાદ સાંભળે. જમાદારને આ વાતમાં ઝાઝી ગમ પડી નહિ. તે તો નીલકંઠને પગે લાગીને આશ્ચર્યથી માથું ખંજવાળતો ખંજવાળતો ચાલ્યો ગયો.

## ૫૪. દીક્ષા આપી

નીલકંઠ વર્ણી રામાનંદ સ્વામી સાથે ચાતુર્માસ રહ્યા. દિવાળીમાં અન્નકૂટની સેવા કરી. સંવત ૧૮૫૭ની પ્રબોધિની, કાર્તિક સુદ એકાદશી (દેવઊઠી એકાદશી) આવી. સૌએ નિર્જળા ઉપવાસ કર્યો હતો.

નાહી-ધોઈ, પૂજાપાઠ કરી, નીલકંઠ રામાનંદ સ્વામીને પગે લાગ્યા. પછી કહે, 'સ્વામી ! તમે મારાં માતાપિતા છો. તમે જ મારા ગુરુ છો. કૃપા કરીને આજે મને મહાદીક્ષા આપો.'

રામાનંદ સ્વામીએ ઢોલ, ત્રાંસાં, શરણાઈ વગેરે વાજાં વગાડનારાઓ





બોલાવ્યા. મોટો ઉત્સવ કરાવ્યો. સારા બ્રાહ્મણ બોલાવી શાસ્ત્ર પ્રમાણે યજ્ઞવિધિ કરાવી.

નીલકંઠે મુંડન કરાવ્યું. માથા પરથી જટા ઊતરી ગઈ. સુંદર વસ્ત્રો પહેરી નીલકંઠ વર્ણી યજ્ઞશાળામાં ગુરુ રામાનંદ સ્વામી પાસે આવ્યા. રામાનંદ સ્વામીએ નીલકંઠના ગળામાં તુલસીની બેવડી કંઠી પહેરાવી. ચંદનથી કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું. બે ભૂજા તથા છાતીમાં ચંદન ચર્ચ્યું. કાનમાં ગુરુમંત્ર આપ્યો અને 'સહજાનંદ સ્વામી' તથા 'નારાયણમુનિ' એમ બે નામ પાડ્યાં. ભાગવતી દીક્ષા આપી. રામાનંદ સ્વામીએ કેટલોક ઉપદેશ આપ્યો, 'હે સહજાનંદ, તમે ધર્મ પાળજો અને સૌને ધર્મ પળાવજો. આ પૃથ્વી પરના જીવોનું કલ્યાણ કરજો. મહિમાએ સહિત ભક્તિ પ્રવર્તાવજો.'

રામાનંદ સ્વામીને આજે હર્ષ સમાતો ન હતો. તેઓ સહજાનંદ સ્વામીનાં દર્શનમાં જાણે ખોવાઈ ગયા હતા. સૌ સંતો તથા સભાજનો પણ આ નવદીક્ષિત શ્રી સહજાનંદ સ્વામીના સ્વરૂપમાં જાણે લીન થઈ ગયા હોય એવું સૌને લાગ્યું.

આમ, નીલકંઠ હવે સહજાનંદ સ્વામી બન્યા.

## ૫૫. ધર્મધુરા સોંપી

પછી સહજાનંદ સ્વામી, રામાનંદ સ્વામી સાથે જ ગામડે ગામડે વિચરણ કરતા. સહજાનંદ સ્વામી ગુરુ રામાનંદ સ્વામી સાથે સોરઠમાં કેટલાંય ગામોમાં ફર્યા. જ્યાં જ્યાં તેઓ જતા ત્યાં રામાનંદ સ્વામી હરિભક્તોને સહજાનંદ સ્વામીનો અપરંપાર મહિમા કહેતા. હરિભક્તોને સહજાનંદ સ્વામીનાં દર્શને શાંતિ થઈ જતી.

સહજાનંદ સ્વામી તો રોજ રોટલો ને મરચાં જ જમતા. તેમનું શરીર સાવ દુર્બળ. તેથી રામાનંદ સ્વામી રોજ સહજાનંદ સ્વામીને શરીરે મીણનું તેલ ચોળાવતા. વ્રત, ઉપવાસ કરવાની ના પાડતા. જમવા પણ હંમેશાં પોતાની પાસે જ બેસાડતા. આગ્રહ કરીને સહજાનંદ સ્વામીને પૌષ્ટિક પાક અને મિષ્ટાન્ન જમાડતા. શરીર પુષ્ટ થાય તે માટે માખણમિસરી જમાડતા અને સાંજે દૂધ-સાકર જમાડતા.

એમ કરતાં વરસ નીકળી ગયું. રામાનંદ સ્વામીએ મુક્તાનંદ, સુખાનંદ

વગેરે સાધુઓને તથા રામદાસભાઈ, માંચો ભક્ત, ભીમભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ્ટ વગેરે હરિભક્તોને બોલાવ્યા. પછી રામાનંદ સ્વામીએ પૂછ્યું, 'આ સત્સંગની ગાદી-ધર્મધુરા મારે આપવી છે, તો કોને આપવી ?'

સૌ સંતો તથા હરિભક્તો બોલ્યા, 'સ્વામી, આ બાળબ્રહ્મચારી સહજાનંદ સ્વામી જ ધર્મધુરાને યોગ્ય છે.'

ગુરુ રામાનંદ સ્વામીએ કહ્યું, 'મારા અંતરની જે વાત હતી તે તમે સૌએ કરી. માટે ચાલો તૈયારી કરીએ.'

રામાનંદ સ્વામીએ મોટેરા મોટેરા હરિભક્તોને બોલાવી સલાહ લીધી. બ્રાહ્મણોને બોલાવી મુહૂર્ત કઢાવ્યું. બ્રાહ્મણોએ કાર્તિક સુદ એકાદશી (પ્રબોધિની)નું મુહૂર્ત કાઢી આપ્યું. રામાનંદ સ્વામીએ કંકોતરી લખાવી અને સૌને મોકલી. કંકોતરીમાં સૌને આજ્ઞા કરી કે તમે સૌ સહકુટુંબ આવજો. આ અવસર ચૂકતા નહિ.

પછી બ્રાહ્મણોની અને યજ્ઞની વ્યવસ્થા કરવા રામાનંદ સ્વામીએ મયારામ ભટ્ટને કહ્યું. પર્વતભાઈને જણસો લાવવા તથા મૂકવાનું કામ સોંપ્યું. ભીમભાઈને ગાદલાં અને ગોદડાંની વ્યવસ્થામાં રાખ્યા. ગોવર્ધનભાઈને ઘી, તેલ, અનાજ વગેરે સીધું-સામાનની ગોઠવણમાં મૂક્યા. હીરજીભાઈને હિસાબ-કિતાબ અને હરિભક્તોની સરભરામાં રાખ્યા. આમ, સેવાની વહેંચણી કરી.

જેતપુરમાં હજારો હરિભક્તો બેસે તેવો મોટો મંડપ બાંધ્યો. સુંદર યજ્ઞશાળા, પાકશાળા, ઘોડશાળ વગેરે તૈયાર કર્યાં. કેળના સ્તંભ રોપીને દરવાજા તથા કમાનો બનાવી. ધજાપતાકા અને આસોપાલવનાં તોરણોથી આખો મંડપ અને જેતપુર શહેર શોભી ઊઠ્યું.

સંવત ૧૮૫૮ની કાર્તિક સુદ એકાદશીનો (પ્રબોધિની) દિવસ આવ્યો. જેતપુર શહેરની શેરીઓ અને માર્ગો હરિભક્તોથી ભરાઈ ગયાં. વહેલી સવારથી ચોઘડિયાં વાગવા માંડ્યાં. ગુરુ રામાનંદ સ્વામી સાથે સહજાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી વગેરે શિષ્યો વહેલી સવારે ભાદર નદીએ નહાવા ગયા. નાહીને સૌ પાછા ઉતારે પધાર્યા. સહજાનંદ સ્વામીએ પૂજાપાઠ કરીને રામાનંદ સ્વામીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ગુરુનું પૂજન કર્યું.



પછી સૌ વાજતેગાજતે મંડપમાં જવા નીસર્યા. ઢોલ, શરણાઈ વાગતાં હતાં. સિપાઈઓ બંદૂકના ધડાકા કરતા હતા. સંતમંડળો કીર્તન ગાતાં હતાં. રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી બંને બે ઘોડાની બગીમાં બેઠા હતા. એમ આખું ફુલેકું મંડપમાં પધાર્યું.

વેદિયા બ્રાહ્મણોના મંત્રોચ્ચારથી મંડપ ગાજતો હતો. શરણાઈ, નગારાં વાગતાં હતાં. મંડપના મધ્યમાં જ યજ્ઞકુંડ હતો. તેની દક્ષિણે સુંદર આસન ગોઠવ્યું હતું. ધૂપ, દીપ અને ચંદનની સુવાસથી આખું વાતાવરણ સુગંધિત થઈ ગયું હતું. યજ્ઞમાં રાધાકૃષ્ણની મૂર્તિઓ હતી. ત્યાં જઈ રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી પગે લાગ્યા. યજ્ઞમાં બેસી વિધિ પ્રમાણે આહુતિઓ આપી. યજ્ઞનારાયણની સાક્ષીએ રામાનંદ સ્વામીએ હાથ ઝાલીને સહજાનંદ સ્વામીને પોતાની ગાદી પર બેસાર્યા.

ગુરુ રામાનંદે, સહજાનંદ સ્વામીના કપાળમાં ચંદનની અર્ચા કરી. કુંકુમનો ચાંદલો કર્યો. ગળામાં હાર પહેરાવ્યો. આખું વાતાવરણ 'બોલો શ્રી



સહજાનંદ સ્વામી મહારાજની જય' એવા જયનાદથી ગુંજી ઊઠ્યું.

આકાશમાંથી દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. સ્ત્રીઓએ મંગળ ગીત ગાયાં. ભક્તોએ જય બોલાવી. સંતો અને સૌએ વારાફરતી સહજાનંદ સ્વામીની પૂજા કરી. પછી સહજાનંદ સ્વામીએ ગુરુ રામાનંદ સ્વામીને સાષ્ટાંગ પ્રણામ કરી, તેમનું પૂજન કર્યું. સૌ સંતોને પગે લાગ્યા. પછી ગુરુ આગળ શીખ લેવા બેઠા. લોકની પ્રથા પ્રમાણે ગુરુ રામાનંદ સ્વામીએ ઉપદેશ આપ્યો :

'આજે ધર્મની ધુરા આપને સોંપી છે, આપ તેને પાળજો, પોષજો. વેદમાં કહ્યો એવો ધર્મ પાળજો અને પળાવજો. યજ્ઞો અને વિષ્ણુયાગ કરાવજો. લોકકલ્યાણનાં કાર્યો કરજો. જ્ઞાન, વૈરાગ્યાદિક પ્રવર્તાવજો. સારા, વૈરાગ્યવાન ત્યાગી થવા ઇચ્છતા મુમુક્ષુને દીક્ષા આપી ત્યાગી બનાવજો. ધર્મે સહિત ભક્તિ ફેલાવજો. સદ્‌ગ્રંથ રચીને સંપ્રદાયનું સ્થાપન કરજો. પ્રેમે કરીને જે કાંઈ વસ્ત્ર, આભૂષણ, ફળ, ફૂલ વગેરે હરિભક્તો તમને અર્પણ કરે તેને અંગીકાર કરજો. જે કુપાત્ર અને વિમુખ હોય તેને સંપ્રદાયથી દૂર કરજો.'

આટલો ઉપદેશ આપીને પછી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને સુંદર સુરવાળ, પાઘ વગેરે જરિયાન વસ્ત્ર પહેરાવ્યાં. સોના, મોતી, હીરાના હાર પહેરાવ્યા. વીંટી, વેઢ, કડાં, કુંડળ વગેરે પહેરાવ્યાં. ધૂપ, દીપ કરી ગુરુ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીની આરતી ઉતારી. સૌ સભાજનો દિવ્ય આનંદમાં સ્થિર થઈ ગયા. સહજાનંદ સ્વામીની મોહક દિવ્યમૂર્તિમાં સૌ આકર્ષાઈ ગયા.

ત્યારબાદ ગુરુ રામાનંદ સ્વામીએ સર્વે સંતો તથા હરિભક્તોને સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહીને ભગવાનનું ભજન કરવાનું કહ્યું. વળી, બોલ્યા, 'હું તો ગણેશની જેમ પહેલાં આવ્યો છું. પણ સૌના સ્વામી તો સહજાનંદ છે. એ તો, સર્વથી પર અક્ષર અને અક્ષરથી પણ પર પુરુષોત્તમ નારાયણ છે. માટે તમે સૌ તેમની આજ્ઞામાં રહેજો અને સુખેથી તેમનું ભજન કરજો.'

પછી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને વરદાન માગવા કહ્યું, ત્યારે સહજાનંદ સ્વામીએ બે વરદાન માગ્યાં : 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રુંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ; પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ. અને તમારા



સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય, એ બે વર મને આપો.'

સમગ્ર વિશ્વમાં આ એક અજોડ પ્રાર્થના અને અજોડ વરદાન સહજાનંદ સ્વામીએ માંગ્યું. આપણા ઇષ્ટદેવ આપણા સૌનાં દુઃખ દેખીને કરુણાથી કેવા છલકાઈ જાય છે !

સહજાનંદ સ્વામીની આવી ઉદાર ભાવના જોઈ રામાનંદ સ્વામીની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. સૌ હરિભક્તોની આંખમાં પણ આંસુ આવી ગયાં. સહજાનંદ સ્વામીએ પોતાનો દેહ ભક્તો માટે કૃષ્ણાર્પણ કરી દીધો. ગુરુ રામાનંદ સ્વામીએ 'તથાસ્તુ' કહી બંને વર આપ્યા.

આ પ્રસંગે સહજાનંદ સ્વામીના સાક્ષાત્ અક્ષરધામના અવતાર મૂળજી શર્મા પણ પોતાના સ્નેહી લાલજી સુથાર સાથે હાજર હતા. મૂળજી શર્માએ સહજાનંદ સ્વામીને ચાંલ્લો કરી એક ગાય ભેટ આપી.

સહજાનંદ સ્વામીએ તેમની ઓળખાણ કરાવતાં કહ્યું : 'આ મૂળજી અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે.'

અનેક ભક્તોએ સહજાનંદ સ્વામીને જાતજાતની ભેટ આપી. ત્યારબાદ શહેરમાં સહજાનંદ સ્વામીની ભવ્ય શોભાયાત્રા નીકળી.

## ૫૬. રામાનંદ સ્વામી અક્ષરધામ સિધાવ્યા

લગભગ એકાદ માસ પૂરો થવા આવ્યો હતો. રામાનંદ સ્વામીએ વિચાર કર્યો, 'પ્રગટ પુરુષોત્તમ ગાદીએ બેસી ગયા. મારું કાર્ય પૂરું થયું માટે હવે આ દેહમાં રહેવું નથી.' એમ વિચારી તેઓ ફણેણી ગામે ગયા. અહીં આવી તેમણે મંદવાડ ગ્રહણ કર્યો.

થોડા દિવસો પછી ત્યાં સૌ હરિભક્તોને તેમણે કહ્યું, 'આ વર્ણી સાક્ષાત્ પરમાત્મા છે. તે નિશ્ચય દૃઢ કરજો. તેમની આજ્ઞા શિર સાટે પાળજો. મેં તો ડુગડુગી વગાડી તમને સૌને ભેગા કરી આ પુરુષોત્તમ નારાયણનો યોગ કરાવી દીધો છે. હવે, ભાગવત ધર્મનું સ્થાપન અને પ્રસારણ તેઓ કરશે. આત્યંતિક કલ્યાણનો માર્ગ પણ સૌને માટે સદાને માટે તેઓ જ ખુલ્લો કરશે.'

સંવત ૧૮૫૮ના માગશર સુદ તેરસનો એ દિવસ હતો. આટલું કહીને

રામાનંદ સ્વામી આસન પર ધ્યાનમાં બેઠાં બેઠાં જ તેઓ અક્ષરધામ સિધાવ્યા. ચારે તરફ પ્રકાશ ફેલાઈ ગયો.

રામાનંદ સ્વામી અંતર્ધાન થયા. સૌમાં ખૂબ શોક વ્યાપી ગયો. સહજાનંદ સ્વામીએ સૌને ધીરજ આપીને કહ્યું : 'મોટાપુરુષ પૃથ્વી પરથી કદી જતા નથી. સૌએ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવું તો પછી સ્વામી અંતર્ધાન થયા છે એવો ભાવ રહેશે નહીં. અને ભગવાનનું પ્રગટ સ્વરૂપ ઓળખાશે.'

સહજાનંદ સ્વામીના જીવનના નવા અધ્યાયનો હવે પ્રારંભ થયો...

❧